અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૨ જુલાઈ ૨૦૨૫, મંગળવાર | વર્ષ : ૧૭ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૧, અષાઢ વદ ૧૨-૧૩ | અંક : ૨૩ | અમદાવાદ | પાના : ૮
ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

**બોમ્બે હાઈકોર્ટે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો** ૨૦૦૬માં મુંબઈની લોકલ ટ્રેનોમાં સાત સ્થળોએ વિસ્ફોટ થયા હતા, જેમાં ૧૮૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૮૨૪ લોકો ઘાયલ થયા હતા

# ૨૦૦૬ મુંબઈ લોકલ ટ્રેન બ્લાસ્ટ કેસમાં ૧૨ આરોપી નિર્દોષ જાહેર







। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

બોમ્બે હાઈકોર્ટે સોમવારે એક ઐતિહાસિક ચુકાદો આપ્યો અને ૨૦૦૬માં મુંબઈ લોકલ ટ્રેનોમાં થયેલા શ્રેણીબદ્ધ બોમ્બ વિસ્ફોટોના તમામ ૧૨ આરોપીઓને નિર્દોષ જાહેર કર્યા હતા. કોર્ટે કહ્યું કે ફરિયાદ પક્ષ વિશ્વસનીય અને નક્કર પુરાવા સાથે પોતાના આરોપો સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે. આ નિર્ણય એ કેસને સંપૂર્ણપણે ઉલટાવે છે જેમાં નીચલી અદાલતે બધાને દોષિત ઠેરવ્યા હતા. બોમ્બે હાઈકોર્ટે ૧૧ જૂલાઈ ૨૦૦૬ના રોજ થયેલા ભયાનક મુંબઈ લોકલ ટ્રેન વિસ્ફોટના કેસમાં સોમવારે ઐતિહાસિક ચુકાદો આપ્યો હતો. આ કેસમાં નીચલી અદાલત દ્વારા દોષિત ઠેરવવામાં આવેલા ૧૨ આરોપીઓમાંથી ૧૧ને હાઈકોર્ટે નિર્દોષ જાહેર કર્યા છે. એક આરોપીનું અપીલ પ્રક્રિયા દરમિયાન મૃત્યુ થયું હતું. ૧૯ વર્ષની લાંબી કાનૂની લડાઈ બાદ આ ચુકાદો આવ્યો છે. હાઈકોર્ટની સ્પેશ્યલ બેન્ચે પોતાના ચુકાદામાં કહ્યું હતું કે કેસમાં રજૂ કરાયેલા પુરાવા વિશ્વસનીય નહોતા અને ઘણા સાક્ષીઓની જુબાની શંકાના દાયરામાં હતી. કોર્ટે એ પણ સ્વીકાર્યું હતું કે આરોપીઓની બળજબરીથી પૂછપરછ કરવામાં આવી હતી અને તેમના નિવેદનો લેવામાં આવ્યા હતા, જે કાયદેસર રીતે માન્ય નથી. જસ્ટિસ અનિલ કિલોર અને જસ્ટિસ એસ.જી. ચાંડકની ડિવિઝન બેન્ચ દ્વારા આ ચુકાદો આપવામાં આવ્યો હતો. આ કેસમાં કુલ ૧૨ આરોપીઓને નીચલી અદાલત દ્વારા અગાઉ દોષિત ઠેરવવામાં આવ્યા હતા જેમાંથી ૫ને મૃત્યુદંડ અને ૭ને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. જોકે હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન ૧૧ દોષિતોને નિર્દોષ જાહેર કરવામાં આવ્યા છે, જ્યારે એક આરોપીનું મૃત્યુ થઈ ચૂક્યું છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, આ કેસની અંતિમ સુનાવણી આ વર્ષે જાન્યુઆરીમાં પૂર્ણ થઈ હતી ત્યારબાદ ચુકાદો અનામત રાખવામાં આવ્યો હતો. દોષિતોએ યરવડા, નાસિક, અમરાવતી અને નાગપુર જેલમાંથી વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા કોર્ટમાં હાજરી નોંધાવી હતી. ન્યાયાલયે કહ્યુ- સાક્ષી, તપાસ અને પૂરાવા પૂરતા નહોતા. આરોપી તે સાબિત કરવામાં સફળ રહ્યાં કે તેની પાસે જબરદસ્તીથી કબૂલાત કરાવવામાં આવી. ન્યાયાધીશે કહ્યું- અમે અમારૂ કર્તવ્ય નિભાવ્યું છે. આ અમારી જવાબદારી હતી. તે વીડિયો કોન્ફરન્સ દ્વારા દોષી અમરાવતી, નાસિક, નાગપુર અને પુણેની જેલોમાં રડતા જોવા મળ્યા. કોઈએ ખુશી ન વ્યક્ત કરી, બધાની આંખમાં આંસુ હતા. નોંધનીય છે કે ૨૦૦૬માં થયેલા આ ભયાનક બોમ્બ વિસ્ફોટમાં મુંબઈની લોકલ ટ્રેનોમાં સાત સ્થળોએ વિસ્ફોટ થયા હતા, જેમાં ૧૮૯ લોકોએ જીવ ગુમાવ્યા હતા અને ૮૨૪ લોકો ઘાયલ થયા હતા. આ કેસમાં ૨૦૧૫માં એક ખાસ કોર્ટે કુલ ૧૨ આરોપીઓને દોષિત ઠેરવ્યા હતા, જેમાંથી ૫ ને મૃત્યુદંડની સજા અને ૭ ને આજીવન કેદની સજા ફટકારવામાં આવી હતી. જેમને મૃત્યુદંડની સજા ફટકારવામાં આવી હતી તેમાં મોહમ્મદ ફૈઝલ શેખ, એહતશામ સિદ્દીકી, નાવેદ હુસૈન ખાન, આસિફ ખાન અને કમલ અંસારીનો સમાવેશ થાય છે. કમલ અંસારી નામના આરોપીનું ૨૦૨૨માં કોવિડ-૧૯ને કારણે જેલમાં મૃત્યુ થયું હતું.

## ઢાકા પ્લેન ક્રેશ : નારિયેળના વૃક્ષ સાથે અથડાઈ સ્કૂલ પર પડ્યું એરક્રાફ્ટ



। (એજન્સી) ઢાકા, તા.૨૧ ।

બાંગ્લાદેશ એરફોર્સનું એક F-7 ટ્રેઈની વિમાન આજે બપોરે ૧:૩૦ વાગ્યે રાજધાની ઢાકાના ઉત્તરીય ક્ષેત્રમાં દિયાબારી વિસ્તારમાં દુર્ઘટનાગ્રસ્ત થઈ ગયું. આ વિમાન માઈલસ્ટોન સ્કૂલ પરિસર પર ક્રેશ થયું. સ્થાનિક મીડિયા અહેવાલો અનુસાર ૧૯ લોકોના મોત થયા છે જ્યારે ૧૬૦થી વધુ ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને ઢાકા મેડિકલ કોલેજ પાસે સ્થિત વિવિધ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. હઝરત શાહજલાલ ઈન્ટરનેશનલ એરપોર્ટના એક વરિષ્ઠ અધિકારીએ આ ઘટનાની પુષ્ટી કરી હતી પણ દુર્ઘટનાના કારણો કે જાનહાનિ વિશે કોઈ માહિતી આપી નહોતી.

## કાવડ યાત્રીઓનો ધસારો, વિવિધ માર્ગ અકસ્માતમાં ૬નાં મોત, ૨૦ ઘાયલ

। (એજન્સી) હરિદ્વાર, તા.૨૧ ।

ઉત્તર ભારતમાં શ્રાવણ મહિનાના પ્રારંભથી જ કાવડ યાત્રીઓનો જમાવડો જોવા મળતો હોય છે. રવિવારે દિલ્હી-દહેરાદૂન હાઈવે પર ગંગા કેનાલ રોડ ખાતે કાવડ યાત્રીઓનો ભારે ધસારો નોંધાયો હતો. દેશમાં વિવિધ સ્થળે કાવડિયાઓને અકસ્માત નડ્યો હતો જેમાં ૬નાં મોત અને ૨૦ ઘાયલ થયા હતા.ઉત્તરાખંડના હરિદ્વારથી હજારોની સંખ્યામાં શિવ ભક્તો ગંગા નદીનું પવિત્ર જળ ભરીને પરત ફર્યા ત્યારે મુઝફ્ફરનગરમાં યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે હેલીકોપ્ટરમાંથી પુષ્પવર્ષા કરીને તેમનું અભિવાદન કર્યું હતું.૨૩ જુલાઈએ આ યાત્રાનું સમાપન થઈ રહ્યું છે ત્યારે છેલ્લી ઘડીએ કાવડિયાઓનો એકાએક ધસારો વધી ગયો હતો. દિલ્હી-હરિદ્વાર નેશનલ હાઈવે પર યુપીના મુઝફ્ફરનગર જિલ્લાનીહદમાં બે જુદા જુદા માર્ગ અકસ્માતમાં બે કાવડિયાનાં મોત નિપજ્યા હતા તથા આઠ ઘાયલ થયા હતા. ગાઝિયાબાદ ખાતે રોંગ સાઈડમાં પૂરપાટ આવી રહેલી એમ્બ્યુલન્સે મોટરસાઈકલ અને સ્કૂટીને ટક્કર મારતાં ત્રણ કાવડિયા મોતને ભેટ્યા હતા.

### ઓપરેશન સિંદૂર પર સંસદમાં ૧૬ કલાક થશે ચર્ચા

# સંસદમાં પ્રથમ દિવસે જ હોબાળો, લોકસભા ચાર વખત સ્થગિત

**આ પહેલા સંસદના સત્રના પ્રથમ દિવસે બંને ગૃહોમાં પહલગામ અને ઓપરેશન સિંદૂર મામલે ભારે હોબાળો થયો હતો**

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

આજથી શરૂ થયેલ સંસદના ચોમાસુ સત્રમાં પહલગામ અને ઓપરેશન સિંદૂર મામલે ભારો હોબાળો થયો છે, જેના કારણે ગૃહની કાર્યવાહી દિવસમાં ચાર વખત સ્થગિત થયા બાદ આવતીકાલ સુધી સ્થગિત કરી દેવાઈ છે.



સંસદની કામગીરી દરમિયાન વિપક્ષના સાંસદોએ ઓપરેશન સિંદૂર, પહલગામ હુમલા મુદ્દે વડાપ્રધાન મોદીને નિવેદન આપ વાની માગ કરી હોબાળો મચાવ્યો હતો. ત્યારબાદ વિપક્ષની પ્રબળ માંગ બાદ બિઝનેસ એડવાઈઝરી કમિટીએ કરી જાહેરાત કરી છે કે, ઓપરેશન સિંદૂર અંગે આગામી સપ્તાહના સત્રમાં લોકસભામાં ૧૬ કલાક અને રાજ્યસભામાં ૯ કલાક ચર્ચા કરાશે. આ પહેલા સંસદના સત્રના પ્રથમ દિવસે બંને ગૃહોમાં પહલગામ અને ઓપરેશન સિંદૂર મામલે ભારે હોબાળો થયો હતો. વિપક્ષો આ મુદ્દાઓ પર ચર્ચા કરવાની માંગ કરવાની સાથે સૂત્રોચ્ચાર કર્યા હતા. આખા દિવસમાં લોકસભા ચાર વખત સ્થગિત કરવામાં આવી હતી, ત્યારબાદ સાંજે ચાર વાગે કાર્યવાહી શરૂ કરતાની સાથે જ મંગળવાર ૧૧.૦૦ કલાક સુધી સ્થગિત કરવામાં આવી છે. વિપક્ષે આ સપ્તાહે જ ચર્ચા યોજવાનો અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ જવાબ આપવાનો આગ્રહ કર્યો હતો. પરંતુ વડાપ્રધાનના નિર્ધારિત વિદેશ પ્રવાસને ધ્યાનમાં રાખીને આ મામલો આગામી સપ્તાહ સુધી મુલતવી રાખવો પડ્યો છે. જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં ૨૨ એપ્રિલે થયેલા આતંકી હુમલા બાદ ભારતીય સેનાના 'ઓપરેશન સિંદૂર' હેઠળ પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો હતો. સંસદના ચોમાસુ સત્ર દરમિયાન વિપક્ષે ચર્ચા માટે માંગેલા આઠ વિષયોમાંથી 'ઓપરેશન સિંદૂર' એક હતો. ગયા અઠવાડિયે ૨૪ વિપક્ષી પક્ષોની બેઠક યોજાઈ હતી, જેમાં આ વિષયો નક્કી કરવામાં આવ્યા હતા. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઓપરેશન સિંદૂર પર ચર્ચા માટે સરકારની સંમતિ મળી ગઈ છે. આજે વહેલી સવારે ચોમાસુ સત્ર પહેલા મીડિયાને સંબોધિત કરતા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ઓપરેશન સિંદૂરને રાષ્ટ્ર માટે 'વિજય ઉત્સવ' ગણાવ્યો હતો અને તેને ભારતીય સશસ્ત્ર દળોની તાકાતના પ્રમાણપત્ર તરીકે વર્ણવ્યું હતું. વડાપ્રધાન મોદીએ કહ્યું હતું કે, 'આ ચોમાસુ સત્ર એક 'વિજય ઉત્સવ' છે. સમગ્ર વિશ્વએ ભારતીય સશસ્ત્ર દળોની તાકાત જોઈ છે. ઓપરેશન સિંદૂર માટે નિર્ધારિત ઉદ્દેશ્ય ૧૦૦ ટકા સફળતા પૂર્વક હાંસલ કરવામાં આવ્યો છે. માત્ર ૨૨ મિનિટમાં આપણી સેનાએ આતંકવાદીઓને તેમના જ ઠેકાણાઓને નષ્ટ કરી નાખ્યા હતા.'

### મલ્લિકાર્જુન ખડગેએ સરકારને ઘેરી

# પહલગામ હુમલો ૨૨ એપ્રિલે થયો હતો, આતંકીઓ હજુ સુધી કેમ નથી પકડાયા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

આજે સંસદનું ચોમાસું સત્ર શરુ થયું, પરંતુ સત્ર શરુ થતાં જ ગૃહમાં હોબાળો થયો, ત્યારબાદ ગૃહની કાર્યવાહી ૨ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. ઓપરેશન સિંદૂર પર ચર્ચાની માંગણી સાથે વિપક્ષ લોકસભામાં હોબાળો કરી રહ્યું છે, જેના પર સ્પીકર ઓમ બિરલાએ કહ્યું કે, તમે જે મુદ્દા પર ચર્ચા કરવા માંગો છો તે પ્રશ્નકાળ પછી થશે. ચર્ચા નિયમો મુજબ કરવામાં આવશે. વિપક્ષના હોબાળા પર સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે અમે દરેક વિષય પર ચર્ચા કરવા તૈયાર છીએ. સર્વપક્ષીય બેઠકમાં દરેક પક્ષના નેતાઓએ કહ્યું છે કે ચર્ચા થવી જોઈએ. જો તેઓ આટલો હંગામો કરશે તો ચર્ચા કેવી રીતે થશે.

ચોમાસુ સત્રના પહેલા દિવસે આટલો હંગામો યોગ્ય નથી. રાજ્યસભામાં વિપક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ પહેલગામ આતંકવાદી હુમલાનો મુદ્દો ઉઠાવ્યો. તેમણે કહ્યું કે મેં ૨૬૭ હેઠળ ચર્ચાની માંગ કરતી નોટિસ આપી છે, મેં તે નિયમો મુજબ આપી છે. મલ્લિકાર્જુન ખડગેએ કહ્યું કે પહેલગામ હુમલો ૨૨ એપ્રિલે થયો હતો છતાં હજુ સુધી આતંકવાદીઓ પકડાયા નથી, ન તો તેમને ઠાર મરાયા છે. તેમના જ ન્એએ સ્વીકાર્યું કે ગુપ્તચર નિષ્ફળતા છે. અમને માહિતી આપો. ખડગેએ કહ્યું કે યુએસ પ્રમુખ ટ્રમ્પે ૨૪ વાર કહ્યું કે મારા હસ્તક્ષેપને કારણે યુદ્ધ સમાપ્ત થયું. આ દેશ માટે અપમાનજનક છે. વિપક્ષ નેતા મલ્લિકાર્જુન ખડગેની માંગ પર, ગૃહના નેતા જેપી નડ્ડાએ કહ્યું કે એવો સંદેશ ન જવો જોઈએ કે સરકાર ઓપરેશન સિંદૂર પર ચર્ચા કરવા માંગતી નથી. સરકાર તેની ચર્ચા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છે. તેમણે કહ્યું કે અમે બિઝનેસ એડવાઈઝરી કમિટીમાં સમય ફાળવવાનો પ્રસ્તાવ મૂક્યો છે. અમે દરેક મુદ્દા પર ચર્ચા કરવા માટે સંપૂર્ણપણે તૈયાર છીએ. ઓપરેશન સિંદૂરના આઠ દિવસમાં જે બન્યું તે આઝાદી પછી દેશમાં કોઈપણ ઓપરેશન દરમિયાન ક્યારેય બન્યું ન હતું.

### ગાઝામાં ફૂડ પેકેટની વાટ જોઈ રહેલા

# લોકો પર ઇઝરાયેલી સૈનિકોના ગોળીબાર, ૮૫નાં મોત

**આ ગોળીબાર ઈઝરાયેલના લશ્કરે કર્યો કે કોઈ સશસ્ત્ર ગેંગ કે બંનેએ કર્યો હતો તે સ્પષ્ટ થયું નથી**

। (એજન્સી) દીર અલ બલાહ, તા.૨૧ ।

ગાઝામાં ઓક્ટોબર ૨૦૨૩થી હમાસ અને ઈઝરાયેલ વચ્ચે ચાલી રહેલા યુદ્ધનો અંત નજીકમાં આવે તેવી કોઈ સંભાવના જણાતી નથી. ગાઝામાં હવે જમીન ઉપરના હુમલાના બનાવોમાં સતત વધારો થઈ રહ્યો છે. રવિવારે ગાઝામાં ફૂડ પેકેટની વાટ જોઈ રહેલા લોકો ઉપર ગોળીબાર કરતાં ૮૫ પેલેસ્ટેનિયનનાં મોત નિપજ્યા હતા. ગાઝાના આરોગ્ય વિભાગના મતે ૧૫૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા હતા.ગાઝાને ખંઢેરમાં ફેરવી દેવાયા બાદ પણ ઈઝરાયેલના સતત હુમલા યથાવતછે. અગાઉ ગાઝા સાથે સીઝફાયરની અનેક પ્રયાસો થયા પરંતુ દરેક વખત ઈઝરાયેલે હુમલો કરીને તેને નિષ્ફળ બનાવ્યા છે. ઉત્તર ગાઝામાં ઈઝરાયેલ સાથે જોડાયેલી ઝીકીમ સરહદથી આવી રહેલી રાહત સામગ્રીની રાહ જોઈ રહેલા લોકો પર અંધાધૂંધ ગોળીબાર કરાતા ૬૭નાં મોત થયા હતા. ઉત્તર ગાઝામાં આ સૌથી વધુ ખુંવારીનો આંક રહ્યો છે. આ ગોળીબાર ઈઝરાયેલના લશ્કરે કર્યો કે કોઈ સશસ્ત્ર ગેંગ કે બંનેએ કર્યો હતો તે સ્પષ્ટ થયું નથી. ઘટનાના કેટલાક સાક્ષીઓના મતે ઈઝરાયેલના લશ્કરે હુમલો કર્યો હતો.ગાઝામાં રાહત કેમ્પમાં વસતાં લોકોને ઈઝરાયેલ-યુએસ સમર્થિત જૂથ ગાઝા હ્યુમેનિટેરિયન ફંડ દ્વારા રાહત સામગ્રી પહોંચાડવામાં આવે છે. આ જૂથ ફૂડ પેકેટ્સનું વિતરણ કરે છે. વિતરણ કેન્દ્ર પર ફૂડ પેકેટની રાહ જોઈ રહેલા લોકો પર ગોળીબાર કરાતા અફરાતફરી મચી ગઈ હતી. ઈઝરાયેલના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુ સતત રટણ કરી રહ્યા છે કે ગાઝા પર લશ્કરી કાર્યાવાહીથી હમાસ ઉપર વાટાઘાટોનું દબાણ આવશે. જો કે છેલ્લા કેટલાક મહિનાઓથી વાતચીત ટળી રહી છે.ઈઝરાયેલ સૌપ્રથમ વખત ગાઝા પટ્ટીના મધ્ય ભાગમાં જમીન માર્ગે સૈન્ય કાર્યવાહી કરશે. દીર અલ બલાહમાં વસતા પેલેસ્ટેનિયનોને સ્થળ ખાલી કરવા અને તમામને દક્ષિણ ભાગે આવેલા મુવાસીમાં રાહત છાવણીઓમાં જવા આદેશ અપાયો છે. ઈઝરાયેલ લશ્કરના પ્રવક્તા અવિહાય અદ્રેઈએ જણાવ્યું કે, લશ્કર સૌપ્રથમ વખત ગાઝાના મધ્ય ભાગમાં જમીન માર્ગે આક્રમક હુમલાઓ કરવાની તૈયારી કરી રહ્યું છે.

## વરસાદના વિઘ્ન બાદ ટારગેટ બદલાયો, ભારત વિમેન્સનો પરાજય

। લંડન, તા.૨૧ ।

પ્રવાસી ભારતીય વિમેન્સ ક્રિકેટ ટીમ હાલમાં ઈંગ્લેન્ડના પ્રવાસમાં સારું ફોર્મ ધરાવતી હતી પરંતુ શનિવારે રમાયેલી બીજી વન-ડે ક્રિકેટમાં તેને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. આટ વિકેટના આ વિજય સાથે ઈંગ્લેન્ડે ત્રણ મેચની સિરીઝનો સ્કોર ૧-૧થી સરભર કર્યો હતો. આમ મંગળવારે રમાનારી ત્રીજી અને અંતિમ વન-ડે મેચ નિર્ણાયક બની ગઈ છે.અહીંના લોર્ડ્ઝ ખાતે રમાયેલી મેચમાં વરસાદના વારંવારના વિઘ્ન વચ્ચે મેચ ૫૦ને બદલે ૨૯-૨૯ ઓવરની કરી દેવાઈ હતી.

### ૨૪મીની બેઠકમાં ભાગ નહીં લે

# બીસીસીઆઈના વિરોધ બાદ એશિયા કપનું આયોજન જોખમમાં આવી શકે

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

ભારતીય ક્રિકેટ બોર્ડે (બીસીસીઆઈ) ૨૪મી જુલાઈએ બાંગ્લાદેશના ઢાકા ખાતે યોજાનારી એશિયન ક્રિકેટ કાઉન્સિલ (એસીસી)ની બેઠકમાં ભાગ લેવાનો ઈનકાર કરી દીધો છે. એસીસીના પ્રમુખ મોહસિન નકવીનો ઢાકામાં બેઠક કરવાનો તથા પોતાની મનમાની કરવાના વિરોધમાં ભારતીય ક્રિકેટ બોર્ડે આ બેઠકમાં હાજર રહેવાનો ઈનકાર કરી દીધો છે. હવે મોહસિન નકવી બેઠકનું સ્થળ બદલે નહીં અને ભારતનો વિરોધ જારી રહે તો એશિયા કપ ક્રિકેટ ટુર્નામેન્ટ ૨૦૨૫નું આયોજન જોખમમાં મુકાઈ શકે તેવી દહેશત છે. ભારતની યજમાનીમાં આ વર્ષે એશિયા કપનું આયોજન થવાનું છે.

એસીસી વહેલાસર આ ટુર્નામેન્ટનો પ્રોગામ જાહેર કરી શકે છે અને આ ટુર્નામેન્ટ સપ્ટેમ્બરમાં યોજાનારી છે. ૨૪મી જુલાઈએ એસીસીની ઢાકા ખાતે બેઠક યોજાવાની છે પરંતુ બાંગ્લાદેશમાં તાજેતરના સમયમાં વણસેલી પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બીસીસીઆઈએ આ બેઠકમાં સામેલ થવાનો ઈનકાર કરી દીધો છે.

# મુંબઈ એરપોર્ટના રનવે પર Air India નું પ્લેન લપસ્યું

। (એજન્સી) મુંબઈ, તા.૨૧ ।

કેરળના કોચીથી મુંબઈ આવી રહેલ એર ઈન્ડિયાનું વિમાન છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડિંગ કરતી વખતે રનવે પરથી ઉતરી ગયું. જોકે, રાહતની વાત એ છે કે વિમાનના તમામ મુસાફરો અને ક્રૂ સુરક્ષિત છે. મળતી માહિતી મુજબ, આ ઘટના સવારે ૯:૨૭ વાગ્યે બની હતી. આ કારણે CSMIAના પ્રાથમિક રનવેને પણ થોડું નુકસાન થયું છે, CSMIAના પ્રવક્તાએ પણ આ વાતની પુષ્ટિ કરી છે. CSMIAના પ્રવક્તાએ જણાવ્યું હતું કે, "૨૧ જુલાઈ ૨૦૨૫ના રોજ સવારે ૯:૨૭ વાગ્યે કોચીથી આવી રહેલ એક વિમાન છત્રપતિ શિવાજી મહારાજ ઈન્ટરનેશનલ એરપોર્ટ (CSMIA)ના રનવે પરથી ઉતરી ગયું હતું. ત્યાર બાદ CSMIAની ઈમરજન્સી રિસ્પોન્સ ટીમોને તાત્કાલિક એક્ટિવ કરવામાં આવી હતી. બધા મુસાફરો અને ક્રૂ સુરક્ષિત છે. એરપોર્ટના મુખ્ય રનવે ૦૯/૨૭ને થોડું નુકસાન થયું છે. કામગીરી ચાલુ રાખવા માટે બીજા રનવે ૧૪/૩૨ને એક્ટિવ કરવામાં આવ્યો છે." એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે કેરળના કોચીથી મુંબઈ આવી રહેલ AI2744 વિમાન ભારે વરસાદને કારણે મુંબઈ એરપોર્ટ પર લેન્ડિંગ દરમિયાન ટચડાઉન પછી રનવે પરથી ઉતરી ગયું હતું. આ ઘટનામાં કોઈપણ મુસાફર અને ક્રૂને કોઈ નુકસાન થયું નથી અને દરેકને સુરક્ષિત રીતે વિમાનમાંથી બહાર કાઢવામાં આવ્યા હતા. એરલાઈને કહ્યું કે તપાસ માટે વિમાનને રોકી દેવામાં આવ્યું છે અને મુસાફરો અને ક્રૂની સલામતી અમારી ટોચની પ્રાથમિકતા છે.

# પહેલગામ હુમલા પર સુપ્રીમ કોર્ટમાં પહોંચી એક અરજી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

પહેલગામ આતંકવાદી હુમલા સંબંધિત અરજી પર સુપ્રીમ કોર્ટે મોટી ટિપ્પણી કરી છે. પહેલગામ હુમલા પર અરજી દાખલ કરનાર અરજદારને ઠપકો આપતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા મામલાની ગંભીરતા સમજવી જોઈતી હતી. આપણા દળોનું મનોબળ તોડશો નહીં. આ અરજીઓ માટે આ યોગ્ય સમય નથી. પહેલગામ હુમલાની તપાસ માટે સુપ્રીમ કોર્ટમાં એક પીઆઈએલ દાખલ કરવામાં આવી હતી. પહેલગામ આતંકવાદી હુમલા અંગે અરજદારોને ફટકાર લગાવતા સુપ્રીમ કોર્ટે કહ્યું, 'શું તેઓ સુરક્ષા દળોનું મનોબળ નીચું કરવા માંગે છે?' આ તે સમય છે. જ્યારે દરેક ભારતીય આતંકવાદ સામે લડવા માટે હાથ મિલાવી રહ્યાં છે. આપણા દળોનું મનોબળ તોડશો નહીં. આ યોગ્ય સમય નથી. ઉપરાંત, તેમને આવા મુદ્દાઓ કોર્ટમાં ન લાવવાની સૂચના આપવામાં આવી હતી. આ કેસમાં, ન્યાયાધીશ સૂર્યકાંત અને ન્યાયાધીશ એનકે સિંહની બેન્ચે અરજદારોને પૂછ્યું કે શું તેઓ સુરક્ષા દળોનું મનોબળ તોડવા માંગે છે? સુપ્રીમ કોર્ટે કહ્યું કે આવી અરજી દાખલ કરતા પહેલા, મામલાની 'સંવેદનશીલતા' પર વિચાર કરવો જોઈતો હતો. ઉલ્લેખનીય છે કે પહેલગામ આતંકવાદી હુમલામાં વિદેશી પ્રવાસીઓ સહિત ૨૬ લોકો માર્યા ગયા હતા. આતંકવાદીઓએ બધાને તેમનો ધર્મ પૂછીને મારી નાખ્યા. અરજદારોએ પહેલગામ આતંકવાદી હુમલાની ન્યાયિક તપાસની માંગ કરી હતી જેમાં ૨૬ લોકો માર્યા ગયા હતા. પરંતુ સુપ્રીમ કોર્ટે અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો હતો.

## ન્યુઝ બોક્ષ

### ઉમરપાડાના વાડી ગામે કરિયાણાની દુકાનોમાં જનતારેડ

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

ઉમરપાડાના વાડી ગામે એક કરિયાણાની દુકાનમાં જનતાએ રેડ કરી દેશી દારૂની બનાવટમાં વપરાતી સામગ્રીનો મોટો જથ્થો પકડી પાડ્યો છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે, આ દુકાનનો વેપારી લાંબા સમયથી દારૂ બનાવટ માટેની વિવિધ સામગ્રીનું વેચાણ કરે છે, જેનાથી ગામમાં દારુના દુષણનો રાફળો ફાટી નીકળ્યો છે અને અનેક મહિલાઓ વિધવા પણ બની છે.

સ્થાનિક લોકોના જણાવ્યા અનુસાર, વાડી ગામમાં દારૂના વ્યસનને કારણે અનેક પરિવારો પર ગંભીર અસર પડી છે. ગામમાં દારૂના સેવનથી ગામની ઘણી મહિલાઓ વિધવા બની હોવાનું કહેવાય છે, જેના કારણે ગ્રામજનોમાં રોષ ફેલાયો હતો. જેના કારણે રોષે ભરાયેલા ગામલોકોએ એકઠા થઈને ચાર રસ્તા પર આવેલી આ કરિયાણાની દુકાન પર રેડ કરી હતી. રેડ દરમિયાન દુકાનમાંથી મોટા પ્રમાણમાં ગોળ, મહુડાના ફૂલ અને નવસાર મળી આવ્યા, જે દેશી દારૂની બનાવટમાં વપરાય છે.

ગ્રામજનોનો આરોપ છે કે, આ વેપારી દેશી દારૂ બનાવનારાઓને સામગ્રીનો જથ્થો સપ્લાય કરીને ગેરકાયદેસર ધંધાને પ્રોત્સાહન આપી રહ્યો હતો. આ ઘટનાની જાણ થતાં ઉમરપાડા પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી અને મામલાની તપાસ શરૂ કરી હતી. પોલીસે દુકાનમાંથી મળી આવેલી સામગ્રી જપ્ત કરી અને વેપારી સામે આગળની કાર્યવાહી હાથ ધરી છે.

સ્થાનિક લોકોનું કહેવું છે કે, આ પ્રકારની ગેરકાયદેસર પ્રવૃત્તિઓને કારણે ગામનું સામાજિક વાતાવરણ બગડી રહ્યું છે. ગામની મહિલાઓએ આ રેડમાં મહત્વની ભૂમિકા ભજવી હતી અને તેઓએ માંગ કરી છે કે આવા ગેરકાયદેસર ધંધાઓ સામે કડક કાર્યવાહી કરવામાં આવે.

આ ઘટનાએ વાડી ગામમાં ભારે ચર્ચા જગાવી છે, અને ગ્રામજનો દ્વારા દારૂબંધીને કડક રીતે લાગુ કરવાની માંગ ઉઠી છે. ત્યારે ઘટનાસ્થળે પહોંચેલી ઉમરપાડા પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે અને કાયદેસરની કાર્યવાહી કરવાના બાંહેધરી આપી છે.

# ટેન્કરમાં હરિયાણાથી અમદાવાદ લઇ જવાતો પોણા બે કરોડનો દારૂ ઝડપાયો

## વડોદરા જિલ્લાના કરજણ પાસે ઝડપાયેલા ટેન્કરને ફાયર બ્રિગેડની મદદ લઇ કાપ્યા બાદ દારૂની ૨૦૩૪૦ બોટલ બહાર કાઢી

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

વડોદરાના કરજણ પાસેથી જ્વલનશીલ એલપીજી ગેસ ભરેલા એક ટેન્કરમાંથી પોણા બે કરોડનો દારૂનો જંગી જથ્થો મળી આવ્યો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસની ટીમો પેટ્રોલીંગમાં હતી. દરમિયાન હેડ કોન્સ્ટેબલને બાતમી મળી કે, એક ટેન્કરમાં વિદેશી દારૂનો જથ્થો ભરીને ભરૂચથી મુંબઇ-દિલ્હી હાઈવે પર થઈને વડોદરાથી અમદાવાદ તરફ જનાર છે.



જે બાદ ટીમોએ કરજણ પોલીસ મથકની હદમાં વોચ ગોઠવી હતી. તેવામાં બાતમીથી મળતું ટેન્કર આવતા તેને રોકવામાં આવ્યું હતું. તેમાં ચાલક મળી આવ્યો હતો. તેણે પોતાનું નામ ફગલુરામ ઉમારામ જાટ (રહે. બાડમેર, રાજસ્થાન) હોવાનું જણાવ્યું હતું.

ટેન્કરમાં જ્વલનશીલ પદાર્થ લખેલું હોવાથી પોલીસ કોઈ રિસ્ક લઈ શકે તેમ ના હતી. બાદમાં ફાયર બ્રિગેડના જવાનોને જાણ કરવામાં આવી હતી. તેમની હાજરીમાં જ ટેન્કરના પાછળના ભાગે ગેસ કટર વડે કાપીને રસ્તો બનાવવામાં આવ્યો હતો.ટેન્કરમાંથી ઈંગ્લીશ દારૂની ૨૦,૩૪૦ બોટલ ભરેલી ૧૧૩૧ પેટી મળી આવી હતી. પોલીસે ૧.૭૭ કરોડનો દારૂ સહિત કુલ રૂ. ૧.૮૮ કરોડનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. હજી પણ આ દારૂનો જથ્થો અંદર કયા રસ્તે મુકવામાં આવ્યો તે વાત પોલીસ માટે કોયડો જ છે. આ કાર્યવાહીમાં ચાલકની પુછપરછ કરતા તેણે જણાવ્યું કે, બાડમેરના રૂગારામ જાખડે ગુજરાતમાં વિદેશી દારૂની ગાડીઓ ગુજરાતમાં મોકલનાર અનિલ જગદીશપ્રસાદ (રહે. સિકર, રાજસ્થાન) અને મુનીમ મનીષ ભાઈજીનો સંપર્ક કરાવ્યો હતો. દારૂ ભરેલું ટેન્કર લઈને ગુજરાત અમદાવાદ તરફનું લોકેશન આપ્યું હતું. પોલીસે ડ્રાઈવર સામે ગુનો નોંધ્યો.

### વાવણી પછી વરસાદ પડતા ખેડૂતોમાં ખુશીનો માહોલ

## જામનગરના ગ્રામ્ય વિસ્તારોમાં વરસાદ વરસતા ખુશીનો માહોલ

। (એજન્સી) જામનગર, તા.૨૧ ।

હવામાન વિભાગની આગાહી વચ્ચે રાજ્યના અનેક વિસ્તારોમાં ધોધમાર વરસાદ વરસી રહ્યો છે. ત્યારે જામનગરના ગ્રામ્ય પંથકમાં વરસાદ પડ્યો છે. જામનગરના ચંદ્રગઢ, ખોજા બેરાજા, લોઠીયા, ચંગા, રામપર, વેરાવળ, બેરાજામાં વરસાદ વરસ્યો છે. ગામડાઓમાં સવારે અડધા ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. ગ્રામ્ય વિસ્તારોમાં વાવણી પછી વરસાદથી ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. તેમજ જામજોધપુરમાં એક ઈંચ, ધ્રોલમાં પોણો ઈંચ વરસાદ વરસ્યો છે. જામનગરમાં સાત મીમી અને કાલાવડમાં ત્રણ મીમી વરસાદ વરસ્યો છે.

બીજી તરફ જૂનાગઢ જિલ્લાના માંગરોળમાં વરસાદી માહોલ જોવા મળ્યો છે. જૂનાગઢમાં આજે સવારથી જ વરસાદી માહોલ જોવા મળ્યો હતો. ખેતી પાકીને વરસાદ વરસાદની જરૂરિયાત હતી. ખેતી પાકમાં સોયાબીન, મગફળી જેવા પાકની વાવણીમાં વરસાદની જરૂરિયાત હોય છે. ત્યારે આ સમયે વરસાદ વરસતા ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૪ તાલુકાઓમાં વરસાદ પડ્યો. સૌથી વધુ બનાસકાંઠાના દાંતામાં ૪.૪૫ ઈંચ વરસાદ ખાબક્યો છે. પોરબંદરના રાણાવાવમાં ૪.૩૭ ઈંચ વરસાદ નોંધાયો છે. લાખણીમાં ૨.૮ ઈંચ, અમીરગઢમાં ૨.૭ ઈંચ વરસાદ ખાબક્યો છે. પાલનપુરમાં ૨.૫૬ ઈંચ, રાજકોટના ધોરાજીમાં ૨.૪ ઈંચ વરસાદ, ૧૦ તાલુકાઓમાં ૨ ઈંચથી વધુ વરસાદ પડ્યો છે.

### ૯૮ તાલુકામાં વરસાદ, માંગરોળમાં સાડા ત્રણ ઇંચ

। અમદાવાદ, તા.૨૧ ।

ગુજરાતમાં આગામી ૨૪ જુલાઈ સુધી છૂટાછવાયા સ્થળોએ ગાજવીજ સાથે હળવાથી ભારે વરસાદને લઈને હવામાન વિભાગે આગાહી કરી છે, હવામાન વિભાગે સૌરાષ્ટ્રના ૮ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદને લઈને યલો-ઑરેન્જ જાહેર કર્યું હતું ત્યારે આજે ૯૮ તાલુકામાં ધોધમાર વરસાદ ખાબક્યો છે. જેમાં સૌથી વધુ જૂનાગઢના માંગરોળ ૩.૫૪ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. ચાલો જાણીએ ક્યાં-કેટલો વરસાદ નોંધાયો. હવામાન વિભાગના દુષ્ઠફ્જં મુજબ, આજે રવિવારે સાંજે ૪ વાગ્યાથી ત્રણ કલાક એટલે કે સાંજે ૭ વાગ્યા સુધીમાં કચ્છ, જામનગર અને રાજકોટ જિલ્લામાં રેડ ઍલર્ટ જાહેર કર્યું છે.

# હિલ સ્ટેશન સાપુતારા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ 'સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ ૨૦૨૫'નો શુભારંભ કરાવશે

## પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ આદિજાતિ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઇ હળપતિ સહિત અન્ય મહાનુભાવો ઉપસ્થિત રહેશે

। ગાંધીનગર, તા.૨૧ ।

તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલી કચ્છ રણોત્સવ,નવરાત્રી મહોત્સવ, આંતરરાષ્ટ્રીય પતંગોત્સવ અને કાંકરિયા કાર્નિવલ જેવા વિવિધ ઉત્સવોની પરંપરા હવે આગળ વધીને દરેક શહેર-પ્રદેશ સુધી પહોંચી છે જેના પરિણામે ગુજરાતને પ્રવાસન ક્ષેત્રે આગવી વૈશ્વિક ઓળખ પ્રાપ્ત થઈ છે. આ પરંપરાને આગળ વધારવા દર વર્ષેની જેમ આ વર્ષે પણ હિલ સ્ટેશન, સાપુતારા ખાતે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ તા. ૨૬ જુલાઈના રોજ સવારે ૦૯ કલાકે 'સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ -૨૦૨૫'નો શુભારંભ કરાવશે. જેમાં પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા તેમજ આદિજાતિ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિ સહિત અન્ય ગણમાન્ય અતિથિઓ ખાસ ઉપસ્થિત રહેશે.

આગામી તા.૨૬ જુલાઈથી ૧૭ ઓગસ્ટ ૨૦૨૫ એમ કુલ ૨૩ દિવસ સુધી યોજાનાર આ રંગારંગ ફેસ્ટિવલના પ્રથમ દિવસે સવારે ૯.૦૦ કલાકે 'એક ભારત શ્રેષ્ઠ ભારત' થીમ પર ગુજરાત સહિત ૧૩ રાજ્યોના ૩૫૪ કલાકારો દ્વારા ભવ્ય 'ફોક કાર્નિવલ પરેડ' યોજાશે. જેમાં મહારાષ્ટ્રથી લાવણી લોકનૃત્ય & ધણગારી ગજા, પંજાબથી ભાંગડા રાજસ્થાનથી કલબેલિયા લોકનૃત્ય,પશ્ચિમ બંગાળથી છાઉ નૃત્ય, આસામથી બિહૂ નૃત્ય, મધ્ય પ્રદેશથી બધાઈ લોકનૃત્ય, તેલંગાણાથી ગુસસાડી નૃત્ય, કર્ણાટકથી પૂજાકુનિથા, હિમાચલ પ્રદેશથી નાટી, હરિયાણાથી ધમાલ નૃત્ય, ગુજરાતથી ડાંગી લોકનૃત્ય, છત્રી હુડો, રાઠવા નૃત્ય, સિદી ધમાલ, તલવાર રાસ, ડોબરૂ-કિર્ચા, ગરબા, બાવન બેડા, ડાંગી-કહાદિયા નૃત્ય, મેવાસી નૃત્ય તથા જુદા જુદા ફોક કાર્નિવલના પ્રોપ્સ & પ્રોપર્ટીસ જેવા કે લોક મેળો મોટા કાવડી, જમ્પિંગ કાવડી, બિગ પપેટ્સ, લદ્દાખ માસ્ક, સ્નો લાયન (લેહ), વિંગ્સ, ફેસ માસ્ક જેવા પરંપરાગત અને આકર્ષક પ્રોપ્સનો પણ સમાવેશ કરવામાં આવશે. જેની સાથે સાથે ભારત દ્વારા હાથ ધરવામાં આવેલા "ઓપરેશન સિંદૂર" વિશેની જાણકારી આપતા ટેબ્લોનું પ્રદર્શન પણ કરવામાં આવશે.

રંગારંગ ઉદ્ઘાટન-સ્ટેજ કાર્યક્રમમાં ગુજરાત, તમિલનાડુ, કેરલ, મણીપુર, ઉત્તર પ્રદેશ, દિલ્હી, મહારાષ્ટ્ર, હિમાચલ પ્રદેશ, પંજાબ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, આસામ, કર્ણાટક, અને હરિયાણાના કુલ ૮૭ કલાકારો દ્વારા ડાંગી, બેડા ગરબા, હોલી ડાન્સ, મણિયારો, યશગાના, પુંગ, રૌફ, ટિપ્પણી, ભરતનાટ્યમ, મોહોનીઅટ્ટમ, નાટી, કથ્થકલી, મણિપુરી રાસ, લાંગા, કલબેલિયા, ડોલુકુનીથા, ધાન્ગ્રી, ભાંગડા,ઘૂમ્મર, મયુર, છાઉ ડાન્સ, બિહુ અને કથ્થક જેવા નૃત્યો રજૂ કરવામાં આવશે. વધુમાં કુલ ૨૩ દિવસ ચાલનારા સમગ્ર ફેસ્ટિવલના મુખ્ય આકર્ષણોમાં દર સપ્તાહના અંતે વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમો યોજાશે. અલગ અલગ સાપ્તાહિક કાર્યક્રમો જોઈએ તો પ્રથમ સપ્તાહને 'ટ્રાઈબલ હેરિટેજ' વીક તરીકે પ્રસ્થાપિત કરી ઈવેન્ટ સ્થળ આસપાસ આર્ટ એન્ડ ક્રાફ્ટ, આદિવાસી વાનગીઓનો રસથાળ, સેલ્ફી ઝોન તેમજ આદિવાસી બંધુઓના વિવિધ હુન્નરને પ્રદર્શિત કરવાનું ભવ્ય આયોજન કરવામાં આવશે. આ સાથે અન્ય સાપ્તાહિક કાર્યક્રમોમાં ગીતા રબારી, પાર્થ ઓઝા, રાગ મહેતા જેવા ગુજરાતના ખ્યાતનામ કલાકારો પોતાના કંઠથી સમગ્ર ફેસ્ટિવલને દિપાવશે તો સાથે જ આ પ્રસંગે ખાસ કેરળથી 'થેકકિનકાડુ અટ્ટમ મ્યૂઝિકલ બેન્ડ'ને પણ આમંત્રણ અપાયું છે. જે તા.૨૭ જુલાઈ રવિવારના દિવસે પ્રસ્તુતિ કરશે. ઉપરાંત ગુજરાતના ઉભરતા કલાકારો અને કોલેજ બેન્ડને પણ અહીંયા પરફોર્મ કરવા માટેનું સ્ટેજ ઉપલબ્ધ કરાવવામાં આવશે. સાથે જ વિવિધ પ્રદેશના અનેક ખ્યાતનામ કલાકારો અહીં પોતાની કલા-નૃત્ય રજૂ કરશે. અન્ય સાપ્તાહિક આયોજનોમાં ૧૫ ઑગસ્ટ દિવસે મિનિ મેરેથોન, કોઈ એક રવિવારે સન્ડે ઓન સાઈકલ, જન્માષ્ટમીના દિવસે દહીં હાંડી જેવા અલગ અલગ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે. આ ફેસ્ટિવલના અન્ય એક મુખ્ય આકર્ષણ જોઈએ તો ૨૩ દિવસ દરમિયાન રેઈન ડાન્સ, ફોરેસ્ટ ટ્રેલ, અલગ અલગ સેલ્ફી ઝોન, થીમ પેવેલિયન ઈવેન્ટ સ્થળ ખાતે વિવિધ પારંપરિક રમતોનું આયોજન કરવામાં આવશે. આ ઉપરાંત સાપુતારાના અલગ અલગ વિસ્તારોમાં એક ભવ્ય ટેબ્લો ભ્રમણ કરશે. જે નાગરિકોને વિવિધ મનોરંજક પ્રવૃતિઓ કરાવશે અને વિજેતાઓને ઈનામ વિતરણ કરવામાં આવશે. રાજ્યના વિવિધ ઉત્સવની પરંપરા એટલે 'સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલ'. વિવિધ પ્રાંતમાંથી પધારતા પ્રવાસીઓ વરસાદી ઋતુમાં પ્રકૃતિના સાનિધ્યમાં આદિવાસી સંસ્કૃતિ, પરંપરા અને ખાનપાનના સ્વાદ સાથે આનંદ માણી શકે સાથેસાથે સ્થાનિક સ્તરે નવીન રોજગારીનું પણ સર્જન થાય તેવા ઉમદા હેતુ સાથે દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત સરકારના પ્રવાસન વિભાગ દ્વારા ભવ્ય મોન્સૂન ફેસ્ટિવલ ૨૦૨૫નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં મોટી સંખ્યામાં સહભાગી થવા ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા પ્રવાસીઓને અનુરોધ કરવામાં આવ્યો છે. સાપુતારા મોન્સૂન ફેસ્ટિવલની વિવિધ એક્ટિવિટી અને રજીસ્ટ્રેશન સહિતની માહિતી નીચેનો ઊઇ કોડ સ્કેન કરવાથી મળી રહેશે.

## પોરબંદર સહિત આઠ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદ થશે

। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

રાજ્યમાં વરસાદની બ્રેક બાદ સૌરાષ્ટ્રમાં ફરીથી મેઘરાજા પોતાની સવારી લઈને આવ્યા છે. ત્યારે ગુજરાતમાં આગામી સાત દિવસ વરસાદની આગાહી આપવામાં આવી છે. હવામાન વિભાગે આજના દિવસ માટે ગુજરાતના કેટલાક વિસ્તારોમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી આપી છે. હવામાન વિભાગે આપેલી આગાહી પ્રમાણે ગુજરાતમાં સાત દિવસ વરસાદની આગાહી આપવામાં આવી છે. આજે પોરબંદર, દ્વારકા, જામનગર, જૂનાગઢમાં અતિભારે વરસાદની આગાહી આપવામાં આવી છે. આ જિલ્લાઓમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. આ ઉપરાંત કચ્છ, મોરબી, રાજકોટ, ગીર સોમનાથમાં ભારે વરસાદની આગાહી સાથે યલો એલર્ટ આપવામાં આવ્યું હતુ. હવામાન વિભાગે જાહેર કરેલા મેપ પ્રમાણે, ૨૨મીથી ૨૬મી તારીખ સુધી રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં ગાજવીજ સાથે હળવાથી મધ્યમ વરસાદની આગાહી આપવામાં આવી છે.

## કારચાલક પેટ્રોલ પંપ પર સફાઇ કર્મી મહિલાને કચડીને ભાગી ગયો

। (એજન્સી) સુરત, તા.૨૧ ।

ગુજરાતમાં સતત રોડ અકસ્માત અને હિટ એન્ડ રનની ઘટનાઓ વધી રહી છે. આ દરમિયાન સુરતથી અકસ્માતની ચોંકાવનારી ઘટના સામે આવી છે. માંગરોળ તાલુકાના પાલોદ ગામે પેટ્રોલ પંપ પર એક બેફામર કારચાલકે સફાઈ કરી રહેલી મહિલાને અડફેટે લીધી હતી. અકસ્માત સર્જીને કાર ચાલક ફરાર થઈ ગયો હતો. મહિલાને ઈજાઓ પહોંચતા સારવાર માટે હોસ્પિટલ ખસેડાઈ હતી. મળતી માહિતી અનુસાર, પાલોદ ગામમાં આવેલા પેટ્રોલ પંપ પર મહિલા સફાઈકર્મી પોતાનું કામ કરી રહી હતી. આ દરમિયાન એક કાર ચાલકે તેને જોરદાર ટક્કર મારી હતી. જેના કારણે મહિલા ફંગોળાઈને નીચે પટકાઈ ગઈ હતી. જેના કારણે મહિલાને પગના ભાગે ગંભીર ઈજા પહોંચી હતી. આ અકસ્માત સર્જીને કાર ચાલક ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે. ઈજાગ્રસ્ત મહિલાને તાત્કાલિક સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવી હતી.

## જૂનાગઢમાં પોતાની પત્નીને ભૂલી ગયા શિવરાજ સિંહ ચૌહાણ

। (એજન્સી) જૂનાગઢ, તા.૨૧ ।

શનિવારે જૂનાગઢમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણે એક રસપ્રદ ઉતાવળ કરી. તેઓ તેમના પત્ની સાધના સિંહને છોડીને ૨૨ વાહનોના કાફલા સાથે જૂનાગઢથી રાજકોટ જવા રવાના થઈ ગયા. તેઓ એક કિલોમીટર દૂર પહોંચ્યા ત્યારે જ તેમને ખબર પડી કે તેમની પત્ની તેમની સાથે નથી. કાફલાએ તરત જ યુ-ટર્ન લીધો અને પીનટ રિસર્ચ સેન્ટર પરત ફર્યા, જ્યાં સાધના સિંહ વેઈટિંગ રૂમમાં બેઠા હતા. ખરેખર, શિવરાજ તેમની પત્ની સાથે ગુજરાતના ધાર્મિક અને સત્તાવાર પ્રવાસ પર હતા. સોમનાથ જ્યોતિર્લિંગ અને ગીર સિંહ દર્શન કર્યા પછી, શનિવારે પીનટ રિસર્ચ સેન્ટર ખાતે લખપતિ દીદી યોજના સાથે સંકળાયેલા ખેડૂતો અને મહિલાઓ સાથે સંવાદ કાર્યક્રમ હતો. તેમને રાત્રે ૮ વાગ્યે રાજકોટથી ફ્લાઈટ પકડવાની હતી અને ખરાબ રસ્તાને કારણે તેઓ ઉતાવળમાં હતા. કાર્યક્રમના સ્ટેજ પર તેઓ વારંવાર પોતાની ઘડિયાળ જોતા રહ્યા.

## વિશેષ

### પ્રાકૃતિક ખેતી માત્ર જમીનને જ નહીં, પણ આપણા ભવિષ્યને પણ સુરક્ષિત કરે છેઃ ખેડૂત પ્રવીણભાઈ ઝાલા

# પ્રાકૃતિક ખેતી પદ્ધતિથી વાવેલ દેશી વાલોળ થકી રૂ.૫૫ હજાર જેટલો ચોખ્ખો નફો મેળવતા બોરસદના પ્રવીણભાઈ ઝાલા







। આણંદ ।

આણંદ જિલ્લાના બોરસદ તાલુકાના ખેડાસા ગામમાં રહેતા ખેડૂત પ્રવીણભાઈ છેલ્લા ત્રણ વર્ષથી પ્રાકૃતિક ખેતી પધ્ધતિ અપનાવી રહ્યા છે. તેમણે ત્રણ વીઘા જમીનમાં બાજરી અને દેશી વાલોળનું વાવેતર પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી કરે છે. પ્રવીણભાઈએ રાસાયણિક ખાતરોનો ઉપયોગ ટાળીને જીવામૃત, ઘન જીવામૃત અને બેસનગોર જેવી પ્રાકૃતિક પદ્ધતિઓ અપનાવી, જેનાથી જમીનની ફળદ્રુપતા જળવાઈ અને ખેતી ખર્ચ પણ ઘટ્યો છે. પ્રવીણભાઈએ આ વર્ષે દેશી વાલોળનું વાવેતર કર્યું. તેમણે જીવામૃત, ઘન જીવામૃત અને મંડપ બનાવવા જેવી પ્રાકૃતિક પદ્ધતિઓનો ઉપયોગ કર્યો. ધરૂ નાખ્યા બાદ ૨૧ દિવસે ફેર રોપણી કરી પાક લેવામાં આવ્યો. આ ૫ કમાં રૂ.૫૦,૦૦૦ના ખર્ચ સામે રૂ.૧,૦૫,૦૦૦ ની આવક થઈ.આમ,વાલોળ પાક થકી ચોખ્ખો રૂ.૫૫,૦૦૦નો નફો થયો છે. અત્રે ઉલ્લેખનીય છે કે,ગયા વર્ષે પ્રવીણભાઈએ બાજરીનું વાવેતર કર્યું હતું .માત્ર રૂ.૭,૦૦૦ના ખર્ચે ૪૦ મણ બાજરીનું ઉત્પાદન મેળવ્યું. ૨૦ કિલો દીઠ રૂ.૮૦૦ના ભાવે તેમને રૂ.૩૨,૦૦૦ ની આવક થઈ, જેમાંથી ખેતી ખર્ચ બાદ કરતા રૂ.૨૫૦૦૦ નો ચોખ્ખો નફો મેળવ્યો હતો. નોંધનીય છે કે,પ્રવીણભાઈને મળેલ સફળતા એ તેમની નિષ્ઠા અને પ્રાકૃતિક ખેતી પ્રત્યેના સમર્પણનું પરિણામ હતું. તેમની ખેતીમાં મજૂરી સહિત ખેતર ખેડવા જેવા ખર્ચ ઓછા રહ્યા, જેનાથી તેમનો નફો મહત્તમ રહ્યો. પ્રવીણભાઈને પ્રાકૃતિક કૃષિ ક્ષેત્રે મળેલ સફળતા દર્શાવે છે કે પરંપરાગત અને પ્રાકૃતિક પદ્ધતિઓનો સમન્વય આર્થિક લાભની સાથે પર્યાવરણનું પણ રક્ષણ કરે છે. આ વર્ષે પ્રાકૃતિક ખેતી પધ્ધતિથી વાલોડના પાક લેવાથી પ્રવીણભાઈએ કુલ રૂ.૫૫,૦૦૦ નો ચોખ્ખો નફો મેળવ્યો. આ અનુભવે તેમને શીખવ્યું કે પ્રાકૃતિક ખેતીની પદ્ધતિઓ ખેડૂતોને આવકની દ્દષ્ટિએ સ્થિરતા આપી શકે છે. પ્રવીણભાઈ ઝાલાની આ સફળતાની કથા ગામના અન્ય ખેડૂતો માટે પ્રેરણારૂપ બની છે. તેમણે પોતાના અનુભવો શેર કરીને અન્ય ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અપનાવવા પ્રોત્સાહિત કર્યા. તેમનું કહેવું છે, ''પ્રાકૃતિક ખેતી માત્ર જમીનને જ નહીં, પણ આપણા ભવિષ્યને પણ સુરક્ષિત કરે છે.''

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૫૦૯૯૨

# બદલાતા મોસમમાં નહીં સતાવે શરદી અને ખાંસીની સમસ્યા, આયુર્વેદિક ઉપચારથી દૂર થશે કોલેસ્ટ્રોલ

## શિયાળાની ધીમી શરૂઆત થઇ રહી છે, આ સાથે જ શરદી ખાંસી જેવી પરેશાની પણ વધી રહી છે



સવારે અને સાંજે શિયાળાની હળવી દસ્તક હવામાનમાં જોવા મળી રહી છે. શિયાળાની શરૂઆતથી જ શરદી, ખાંસી, ફ્લૂના લક્ષણો પણ વધી જાય છે. આ સમસ્યાઓ નાની હોવા છતાં રોજિંદા કામકાજને પ્રભાવિત કરે છે. શરદી, ખાંસી અને તાવથી રાહત મેળવવા માટે વારંવાર દવાઓનો ઉપયોગ કરવો પણ યોગ્ય નથી. દવાઓથી આરામ તો મળે છે પરંતુ એન્ટીબાયોટિક કિડની સહિત અનેક અંગો પર ખરાબ અસર પાડે છે. તેથી આ સમસ્યાઓને દૂર કરવા માટે આયુર્વેદિક ઉપાયોનો સહારો લો, જેના કોઈ સાઈડ ઈફેક્ટ્સ પણ નથી હોતા. ત્રિકટુ ત્રણ સામગ્રીવાળું આયુર્વેદિક મિશ્રણ છે. જેમાં ત્રિનો અર્થ ત્રણ થાય છે અને કટુનો અર્થ છે ગરમ અને તીખી જડીબુટ્ટી. આ ત્રણ મસાલાના સંયોજનથી તૈયાર થાય છે જે સરળતાથી આપણાં રસોડામાં ઉપલબ્ધ પણ રહે છે. તેમાં ત્રણ મસાલાઓ સમાન માત્રામાં મિક્સ કરવામાં આવે છે, કાળા મરી, પીપળી, સૂંઠ. ત્રિકટુ શ્વસન તંત્ર માટે ખૂબ જ ફાયદાકારક છે. તેના સેવનથી મોસમી બીમારીઓ જેમ કે, શરદી, ખાંસી, અસ્થમા, એલર્જિક રાઈનાઈટિસથી રાહત મળે છે. બદલાતા હવામાનમાં સંક્રમણનું જોખમ વધારે રહેલું હોય છે. એવામાં આ મિશ્રણ તમારાં માટે કારગત સાબિત થાય છે. ત્રિકટુની તાસીર ગરમ હોવાથી તે ભૂખમાં વધારો કરે છે. ઉપરાંત તે લિવર, પ્લીહા (બરોળ) અને સ્વાદુપિંડના સ્વાસ્થ્યને જાળવી રાખે છે. તે પેટને એન્ઝાઈમ્સ ઉત્પન્ન કરવા માટે ઉત્તેજિત કરે છે જેનાથી પાચન સરળ બને છે.

# હરસ-મસા અને ફિશરનો રામબાણ ઇલાજ છે રસોડાંની આ વસ્તુઓ, જૂની કબજિયાતમાં મળી શકે રાહત



એનલ ફિશર પણ ગુદામાર્ગ સાથે જોડાયેલી એક સમસ્યા છે અને તે બવાસીર એટલે કે, હરસ મસાનું જ એક ગંભીર રૂપ છે જેમાંકબજિયાત અથવા હરસના કારણે ગુદામાર્ગમાં કટ અથવા તિરાડ બની જાય છે, જેનાથી દર્દીને મળત્યાગ દરમિયાન પરેશાની થાય છે. હરસ અને એનલ ફિશર પાછળ કબજિયાત જવાબદાર હોય છે. કબજિયાત થવાના મુખ્ય કારણોમાં વાત દોષનું અસંતુલન હોય છે. આ સિવાય તેના ઘણાં કારણો હોઈ શકે છે જેમ કે, ખોરાકને યોગ્ય રીતે ચાવીને કે મન લગાવીને ના ખાવો, સૂકા, ઠંડા, મસાલેદાર, તળેલા અને ફાસ્ટફૂડનું વધારે સેવન, પર્યાપ્ત માત્રામાં પાણી ના પીવું, ભોજનમાં ઓછું ફાઈબર, ખરાબ ચયાપચય, ઉંઘ પુરી ના થવી, ભોજનમાં ફાઇબરની અપુરતી માત્રા, ખરાબ ચયાપ ચય, અપુરતી ઉંઘ, મોડી રાત્રે ભોજન લેવું વગેરે સામેલ છે. દૂધ એક નેચરલ લેક્સેટિવ છે અને બાળકોથી લઈને વૃદ્ધો સુધી લગભગ તમામના સ્વાસ્થ્ય માટે તે ઉત્તમ ગણાય છે. તમે રાત્રે સૂતી વખતે એક ગ્લાસ ગરમ દૂધ પી શકો છો. આનાથી વધારે પિત્તવાળા લોકોને રાહત મળશે. જો દૂધ કામ નથી કરતું તો ૧ ચમચી ગાયના ઘીને એક ગ્લાસ ગરમ ગાયના દૂધની સાથે જૂની કબજિયાતવાળા લોકોએ પીવું જોઈએ. ગાયનું ઘી તમારાં ચયાપચયમાં સુધારો કરે છે અને તે તમારાં શરીરમાં હેલ્ધી ફેટ જાળવી રાખવામાં મદદ કરે છે જે વિટામિન એ, ડી, ઈ અને કે (Vitamin A,D,E,K) જેવા ફેટમાં દ્રાવ્ય (soluble) વિટામિન્સના અવશોષણ માટે આવશ્યક છે. તમારે ભેંસના ઘીનું સેવન ના કરવું જોઈએ, કારણ કે તે ઘટ્ટ હોય છે અને દરેક વ્યક્તિને પચવામાં સરળ હોતું નથી. જે લોકો વજનમાં વધારો કરવા ઈચ્છે છે તેઓ માટે ભેંસનું ઘી ઉત્તમ ગણાય છે. ગાયનું ઘી તમામ લોકો માટે ઉત્તમ હોય છે કારણ કે તે સરળતાથી પચી જાય છે. ૧ ચમચી ગાયનું ઘી રાત્રે સૂતી વખતે અથવા સવારે ખાલી પેટ લેવાથી કબજિયાતમાં રાહત મળશે. કાળી કિસમિસ ફાઈબરથી ભરપૂર હોય છે જે મળને કઠોર થવાથી બચાવે છે અને રેચક બનાવે છે. કિસમિસ કે સૂકામેવાને હંમેશા પલાળીને જ ખાવા જોઈએ, કારણ કે સૂકામેવા વાત દોષમાં વધારો કરીને ગેસ્ટ્રિક સમસ્યા ઉભી કરી શકે છે. આગળની રાત્રે પલાળવાથી તે પાચનમાં સરળ બને છે. આમળા એક અદભૂત રેચક છે અને તેને નિયમિત રીતે સવારે લેવાથી તમને અનેક સ્વાસ્થ્ય સમસ્યાઓથી રાહત મળી શકે છે. આમળાનું સેવન તમે ફળ અથવા પાઉડર તરીકે પણ કરી શકો છો. તે ત્રણે દોષ વાત, કફ અને પિત્તના નિયંત્રણ માટે શ્રેષ્ઠ છે. એક ચમચી મેથીના બીજ રાત્રે પલાળી અને સવારે સૌથી પહેલાં ખાઈ લો. તમે સૂતી વખતે ગરમ પાણીની સાથે એક ચમચી મેથી પાઉડર લઈ શકો છો. તે એવા દર્દીઓ માટે ઉત્તમ છે જેઓને કફ અને વાતની સમસ્યા રહેતી હોય. જો કે, વધારે પિત્તવાળા લોકોએ મેથીના સેવનથી બચવું જોઈએ.

# દેશના વિકાસ અને આર્થિક વૃદ્ધિ સાથે પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડી રહી છે

ભારત, વિશ્વની સૌથી ઘનજાતી પ્રજા ધરાવતું અને ત્રીજા સૌથી મોટું કાર્બન ઉત્પન્ન કરનાર દેશ છે. દેશના વિકાસ અને આર્થિક વૃદ્ધિ સાથે પર્યાવરણ પર પ્રતિકૂળ અસર પડી રહી છે. પર્યાવરણની ગાળતી સ્થિતિ, પ્રાકૃતિક સંસાધનોની જરૂરિયાત, અને વિવિધ પર્યાવરણીય ખતરોની સિરીઝથી ભારતને કેટલીક મહત્વની પર્યાવરણીય ચિંતાઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ ચિંતાઓમાં વાયુ પ્રદૂષણ, પાણીની ઓછી ઉપલબ્ધતા, વનસંતુલન, અને જૈવિક વૈવિધ્યનો ખતમ થવાનો ખતરો શામેલ છે. આ લેખમાં, આપણે ભારતની પર્યાવરણ સંકટો અને દેશના સંરક્ષણ પ્રયાસો વિશે વિગતે ચર્ચા કરીશું. ૧. વાયુ પ્રદૂષણ-ભારતમાં વાયુ પ્રદૂષણ એક ગંભીર સમસ્યા બની છે, જે ઘણા મોટા શહેરો જેમ કે દિલ્હી, મુંબઇ, કોલકાતા અને બંગલોરમાં વધુ છે. પ્રદૂષિત હવામાં ખાસ કરીને પેટ્રોલ, ડીઝલ અને ઘરોમાં કચરો બળતા ગેસોનો મૂલ ભુમિકા છે. નમ્ર શ્વસન પદ્ધતિઓ, બિનમુલ્ય વાયુ પ્રદૂષણ, અને વ્યવસાયિક ઉદ્યોગો દ્વારા અતિ વધારેલા પ્રદૂષણના સ્તરોને કારણે માનવ સ્વાસ્થ્ય પર ગંભીર પ્રભાવ પડી રહ્યો છે. સ્વાસ્થ્ય પર અસરો: વાયુ પ્રદૂષણ હૃદય અને શ્વાસના રોગોનો કારણ બની રહ્યું છે. ગરમી અને ઉલટાભાવ: વધુ પ્રદૂષણ તાપમાનના વધારા અને મોસમના અસંતુલિત ફેરફાર માટે જવાબદાર છે. સ્વચ્છ ઉર્જાનો ઉપયોગ: સૂર્ય ઉર્જા, પવન ઉર્જા જેવા પર્યાવરણીય રીતે મૈત્રીપૂર્ણ ઊર્જા સ્રોતોની તરફ દોરી જવાનું. દૂધિયાં ગાડીઓ અને વાહનો: વધુ સ્માર્ટ અને પર્યાવરણ સાથે સંલગ્ન વાહનો, જેમાં વિદ્યુત વાહનોનો પ્રચલિત ઉપયોગ. ભારતમાં અનેક વિસ્તારોમાં પાણીની અછત જોવા મળી રહી છે. દેશમાં વિવિધ સ્રોતો છે, જેમ કે નદીઓ, આઝોર અને ભીના તળાવો, પરંતુ જળ વ્યવસ્થાપનના અભાવ અને વિપ્રમાણિક વરસાદની સ્થિતિથી પાણીની અછત મૌલિક સમસ્યા બની ગઈ છે. આ ઉપરાંત કૃષિ ક્ષેત્રમાં વધતી પાણીની માંગ, નદીના પાણીના ખરાબ ગુણવત્તા, અને મોટા પાયે સંસાધનોના દુરુપયોગને કારણે આ સ્થિતિ ઘટી રહી છે. કૃષિ અને પાણીની માંગ: ભવિષ્યમાં ખેતી માટે પાણીની દયાળુ ઉપયોગ માટે નવી સિસ્ટમો અને અભિગમ વિકસાવાની જરૂર છે. નદીઓનો દુષ્કાળ: નદીઓ અને તળાવોમાં પાણીના સ્તરો ઘટી રહ્યા છે. વર્ષા જળ સંરક્ષણ: વરસાદના જળને સંચય કરવા માટે ટેકનિકલ અભિગમો, જેમ કે મિનરલ વોટર રીચાર્જ ટેક્નિક. પાણી પુનઃઉપયોગ: પાણીના પુનઃઉપયોગ અને રિસાયકલિંગ પર ભાર મૂકવો. ભારતમાં વન અને જંગલોથી સંકળાયેલા પ્રદેશોમાં ભારે નાસમજરીથી વધતી વનસંતુલનાની ચિંતાઓ છે. મુખ્યત્વે જમીન પર નિર્માણ માટેની વ્યવસ્થાઓ, ખાણના ખનન, અને ખેતી માટે વનમાં વધારો કરવામાં આવે છે. આના પરિણામે વિવિધ જંતુઓ અને પ્રાણીઓના ઘરખંડ નષ્ટ થાય છે અને જૈવિક વૈવિધ્ય ખતમ થવા પામી છે. વિશ્વ ખત્મ થતી પ્રજાતીઓ: વનસ્પતિ અને પ્રાણીજાતીઓ ખતમ થવાની પ્રક્રીયા સતત વધી રહી છે. હવું પીંટ વનસ્પતિ: દેશના ઘણા ભાગોમાં વિવિધ વનસ્પતિનું નાશ થવાનો ખતરો છે.

## સત્તાવાર અને નાગરિક સ્તરે સંરક્ષણ પ્રયાસો



ભારતમાં પર્યાવરણીય ચિંતાઓ અને ખતરાઓ વધતા જવા, તેનું સંરક્ષણ કરવું અત્યંત મહત્વપૂર્ણ બની ગયું છે

# આધુનિક ટેકનોલોજી અને નવીનતા: ગતિશીલ ટેકનોલોજી ક્ષેત્ર અને પ્રગતિ

## નવીનતા એ એવી ક્રિયાવલીઓ છે જે સમસ્યાઓને યોગ્ય રીતે સોલ્વ કરીને નવું વિચારધારા અથવા તકનીક અપનાવે છે




આધુનિક ટેકનોલોજી અને નવીનતા એ આજના વિશ્વમાં અદ્વિતીય રીતે મહત્વપૂર્ણ બની ચુકી છે. તે માત્ર વિકાસશીલ અને વિકસિત દેશો માટે જ નહીં, પરંતુ દરેક ક્ષેત્રમાં પ્રગતિ માટે અનિવાર્ય બની છે. ભારત, જે વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, ટેકનોલોજી અને નવીનતા માટે સતત પ્રયાસ કરી રહ્યું છે. મેન્યુફેક્ચરિંગ, ફાઈનાન્સ, આરોગ્ય, શિક્ષણ, અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ જેવા અનેક ક્ષેત્રોમાં નવી ટેકનોલોજી એ ભારતની સાથે-સાથે સમગ્ર વિશ્વને નવી દિશા આપવી રહી છે. ૧.૧. આધુનિક ટેકનોલોજી: આધુનિક ટેકનોલોજી એ શ્રેષ્ઠ સાધનો અને પદ્ધતિઓ છે જેમણે અનેક પરિસ્થિતિઓમાં પ્રગતિ અને સુધારા લાવ્યા છે. મુખ્ય ક્ષેત્રોમાં: કૃત્રિમ બુદ્ધિ એ એન્ટેલીજન્ટ મશીન્સ અને પ્રોગ્રામ્સ માટેનો ઉદાહરણ છે જે માનવ મગજના કાર્યને અનુકૂળ કરે છે. આરોગ્ય, મેન્યુફેક્ચરિંગ, અને ખેતીમાં AI નો ઉપયોગ જ્ઞાનને ઑટોમેટ કરવા અને કાર્યક્ષમતા વધારવા માટે થઈ રહ્યો છે. મશીન લર્નિંગના ભાગરૂપે, મશીન લર્નિંગ એ આપમેળે અનુભવ પરથી શીખવા અને ચુકવણી મથકને સરળ બનાવવાનો પ્રયાસ કરે છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સએ ઉપકરણો અને ટેકનોલોજી વચ્ચે સંલગ્નતા આપીને અમારી યાત્રા, આરોગ્ય, ઘરનો સંચાલન, અને દરેક ક્ષેત્રમાં કાર્યક્ષમતા વધારી રહી છે. એડવાન્સ્ડ એન્જિનીયરિંગ પ્રિન્ટિંગ એક નવીન ટેકનોલોજી છે જે ઉત્પાદન પ્રક્રિયાઓમાં ઝડપ અને કાર્યક્ષમતાનું લાવણ્ય આપે છે. આ ટેકનોલોજી મેડિકલ, આર્કિટેક્ચર, અને મેન્યુફેક્ચરિંગમાં વિશાળ સંભાવનાઓને ઉકેલવા માટે ઉપયોગ થઈ રહી છે.

# દેશની વિકાસમાં ટેકનોલોજી અને નવીનતાનો અસર

## ભારતના પર્યાવરણીય સંરક્ષણ માટે કૃત્રિમ બુદ્ધિ, મશીન લર્નિંગ અને અન્ય ટેકનોલોજીઓનો ઉપયોગ વધતો જશે



ભારત,એકવિકસતીઅર્થવ્યવસ્થા અને વિશ્વની બીજું સૌથી મોટું પ્રદૂષક દેશ હોવાના નાતે, પર્યાવરણના મામલામાં પણ તેની જવાબદારી પુરી કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. અહીંના જંગલ, નદીઓ, ખેતરો અને વિવિધ પ્રાકૃતિક સંસાધનો પર પ્રકૃતિ અને પ્રાણીઓ માટે ખતરાનું સિલસિલો સતત વધી રહ્યો છે. દેશને કેટલાક મોટા પર્યાવરણીય ખતરાઓનો સામનો છે, જેમાં વાયુ પ્રદૂષણ, પાણીનો અભાવ, જૈવિક વૈવિધ્યનો ખતમ થવાનો ખતરો, અને પશુપંખીઓ માટે વિસર્જન વગેરેનો સમાવેશ થાય છે. વાયુ પ્રદૂષણ: આજે, ભારતનાં મોટા શહેરો જેમ કે દિલ્હીમાં વાયુ પ્રદૂષણ દુનિયાના સૌથી ઘણાં હવામાંથી એક છે. વાહનોથી પ્રદૂષિત વાયુ, ઉદ્યોગો અને અનુકૂળ ગેસો યથાવત રહીને જીવન અને સ્વાસ્થ્ય માટે ખતરનો કારણ બન્યાં છે. જળની અછત: દેશના ઘણા ભાગોમાં પાણીની દુષ્કાળ, ખૂટતી નદીઓ અને તળાવોમાં પાણીના સ્તરો ઘટી રહ્યા છે. આ તળાવોમાં સતત પાણીની જરૂરિયાત તેમજ ખેતી માટે પાણીનો સંગ્રહ કરવા માટે સંકટ છે. વનસંતુલન: વધતી વસ્તી અને જમીન પર માળખાકીય વિકાસ માટે કરવામાં આવતી કાપણીઓ, ખાણો અને આર્થિક પ્રવૃત્તિઓ સાથે જંગલના નાશથી વનસ્પતિ, જૈવિક વૈવિધ્ય અને પ્રાણીઓ પર પડતી અસર વધારે છે. વિશ્વસનીય નીતિ અને કાયદા: ભારત સરકારે પર્યાવરણીય સુરક્ષા માટે વિવિધ નીતિઓ વિકસાવી છે જેમ કે, પંખી સંરક્ષણ, જૈવિક વૈવિધ્ય અને ઝંઝાવાતી પરિસ્થિતિઓ માટે ખાસ કાયદા. નવવિદ્યાઓનો ઉપયોગ: ભારત સૂર્ય અને પવન ઉર્જાના ક્ષેત્રમાં નવીન સંશોધનો કરી રહ્યું છે. નવું પ્રોજેક્ટ "સ્વચ્છ ભારત અભિયાન" પણ પર્યાવરણીય સ્વચ્છતા માટે મજબૂત પ્રયાસોને ઉજાગર કરે છે. વૃક્ષારોપણ અને જંગલ પુનઃસ્થાપન: "પૌદારોપણ અભિયાન" ના અમલથી દેશભરમાં વૃક્ષારોપણ અને જંગલોના પુનઃસ્થાપન માટે સિસ્ટમો લાગૂ કરવામાં આવી છે.

## આધુનિક શ્રેણી: અમદાવાદમાં માર્કેટિંગ-સેલ્સના સ્ટાર્ટઅપ્સ

# અમદાવાદ ગુજરાતનું નવું સ્ટાર્ટઅપ હબ કહી શકાય!

## અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઇન કન્સલ્ટેશન અને ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ જેવી સેવાઓ પણ પૂરી પાડે છે




ઓટોમેશન: ઘણા ઉદ્યોગોમાં ઓટોમેશનનો ઉપયોગ વધી રહ્યો છે, જેનાથી ઉત્પાદન ખર્ચ ઘટી રહ્યો છે અને ગુણવત્તા વધી રહી છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ: આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને ઉત્પાદન પ્રક્રિયાઓને વધુ કાર્યક્ષમ બનાવી શકાય છે. ડેટા એનાલિટિક્સ: ડેટા એનાલિટિક્સનો ઉપયોગ કરીને ગ્રાહકોના વર્તનને સમજી શકાય છે અને તેમની જરૂરિયાતોને અનુરૂપ ઉત્પાદનો અને સેવાઓ પૂરી પાડી શકાય છે. ઈન્ટરનેટ ઓફ થિંગ્સ: ઈન્ટરનેટ ઓફ થિંગ્સનો ઉપયોગ કરીને ઉત્પાદન પ્રક્રિયાઓને જોડી શકાય છે અને તેને વધુ સ્માર્ટ બનાવી શકાય છે. ક્લાઉડ કમ્પ્યુટિંગ: ક્લાઉડ કમ્પ્યુટિંગનો ઉપયોગ કરીને ડેટાને સ્ટોર કરી શકાય છે અને તેને ક્યારે પણ, ક્યાંથી પણ એક્સેસ કરી શકાય છે. અમદાવાદમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટેના કારણો: શૈક્ષણિક સંસ્થાઓ: અમદાવાદમાં ઘણી પ્રતિષ્ઠિત શૈક્ષણિક સંસ્થાઓ છે જે નવા સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપે છે. સરકારી નીતિઓ: ગુજરાત સરકાર સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપવા માટે અનેક યોજનાઓ ચલાવી રહી છે. રોકાણકારો: અમદાવાદમાં ઘણા એન્જલ ઈન્વેસ્ટર્સ અને વેન્ચર કેપિટલિસ્ટ્સ છે જે સ્ટાર્ટઅપ્સમાં રોકાણ કરવા માટે તૈયાર છે. મેન્ટરશિપ પ્રોગ્રામ્સ: અનુભવી ઉદ્યોગપતિઓ અને મેન્ટર્સ નવા સ્ટાર્ટઅપ્સને માર્ગદર્શન આપે છે. કોવર્કિંગ સ્પેસ: અમદાવાદમાં ઘણા કોવર્કિંગ સ્પેસ છે જ્યાં સ્ટાર્ટઅપ્સ કામ કરી શકે છે. આ બધા કારણોને કારણે અમદાવાદમાં સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ ખૂબ જ ઝડપથી વિકસી રહી છે અને આગામી દિવસોમાં તે વધુ મજબૂત બનશે તેવી અપેક્ષા છે. ૧. એડટેક: શું છે એડટેક: એડટેક એ શિક્ષણ અને ટેકનોલોજીનો સંયોજન છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ શિક્ષણને વધુ અસરકારક, રસપ્રદ અને સુલભ બનાવવા માટે ટેકનોલોજીનો ઉપયોગ કરે છે. અમદાવાદમાં એડટેક: અમદાવાદમાં ઘણા એડટેક સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઈન લર્નિંગ પ્લેટફોર્મ, એડ્યુટેનમેન્ટ એપ્સ, અને કસ્ટમાઈઝ્ડ લર્નિંગ સોલ્યુશન્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. આ સ્ટાર્ટઅપ્સ વિદ્યાર્થીઓને તેમની પોતાની ગતિએ અને રીતે શીખવામાં મદદ કરે છે. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા એડટેક સ્ટાર્ટઅપ્સ છે જે વિવિધ શિક્ષણ ક્ષેત્રોમાં કામ કરે છે, જેમ કે કોડિંગ શીખવવા, ભાષા શીખવવા, અને સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારી કરાવવી. ૨. માર્કેટિંગ અને સેલ્સ: શું છે માર્કેટિંગ અને સેલ્સ: આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ વ્યવસાયોને તેમના ઉત્પાદનો અને સેવાઓનું વેચાણ કરવામાં મદદ કરે છે. તેઓ ડિજિટલ માર્કેટિંગ, સોશિયલ મીડિયા માર્કેટિંગ, અને ઈમેઈલ માર્કેટિંગ જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં માર્કેટિંગ અને સેલ્સ: અમદાવાદમાં ઘણા માર્કેટિંગ અને સેલ્સ સ્ટાર્ટઅપ્સ છે જે નાના અને મધ્યમ કદના વ્યવસાયોને ડિજિટલ માર્કેટિંગના ક્ષેત્રમાં તેમની પહોંચ વધારવામાં મદદ કરે છે. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે વેબસાઈટ ડિઝાઈન, સોશિયલ મીડિયા મેનેજમેન્ટ, અને સર્ચ એન્જિન ઓપ્ટિમાઈઝેશન જેવી સેવાઓ પૂરી પાડે છે. ૩. ઈ-કોમર્સ અને રિટેલ: શું છે ઈ-કોમર્સ અને રિટેલ: આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ઓનલાઈન ખરીદી અને વેચાણના પ્લેટફોર્મ બનાવે છે. અમદાવાદમાં ઈ-કોમર્સ અને રિટેલ: અમદાવાદમાં ઘણા ઈ-કોમર્સ સ્ટાર્ટઅપ્સ છે જે વિવિધ પ્રકારના ઉત્પાદનોનું વેચાણ કરે છે, જેમ કે ફેશન, ઈલેક્ટ્રોનિક્સ, અને ગ્રોસરી. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે સ્થાનિક ઉત્પાદકોને ઓનલાઈન માર્કેટપ્લેસ પ્રદાન કરે છે. ૪. ફિનટેક: શું છે ફિનટેક: ફિનટેક એ નાણાકીય સેવાઓના ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ડિજિટલ પેમેન્ટ, લોન, અને વીમા જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં ફિનટેક: અમદાવાદમાં ઘણા ફિનટેક સ્ટાર્ટઅપ્સ છે જે નાના વ્યવસાયો અને વ્યક્તિઓને નાણાકીય સેવાઓ સરળતાથી ઉપલબ્ધ કરાવે છે. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ડિજિટલ વૉલેટ અને પેમેન્ટ ગેટવે જેવી સેવાઓ પૂરી પાડે છે. ૫. હેલ્થટેક: શું છે હેલ્થટેક: હેલ્થટેક એ આરોગ્ય ક્ષેત્રમાં ટેકનોલોજીનો ઉપયોગ છે. આ ક્ષેત્રમાંના સ્ટાર્ટઅપ્સ ટેલિમેડિસિન, ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ, અને હેલ્થ એનાલિટિક્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. અમદાવાદમાં હેલ્થટેક: અમદાવાદમાં ઘણા હેલ્થટેક સ્ટાર્ટઅપ્સ છે જે લોકોને તેમના સ્વાસ્થ્યની વધુ સારી રીતે કાળજી લેવામાં મદદ કરે છે. ઉદાહરણો: અમદાવાદમાં ઘણા સ્ટાર્ટઅપ્સ છે જે ઓનલાઈન કન્સલ્ટેશન અને ડિજિટલ હેલ્થ રેકોર્ડ્સ જેવી સેવાઓ પૂરી પાડે છે. આ માત્ર કેટલાક ઉદાહરણો છે. અમદાવાદમાં હજુ ઘણા બધા નવા અને નવીન વિચારો સાથેના સ્ટાર્ટઅપ્સ ઉભરી રહ્યા છે.

# તંત્રી લેખ...

## વૈજ્ઞાનિકોએ કેન્સર સામેની રસી બનાવી

કેન્સરની બીમારી દુનિયા માટે અનેક દાયકાઓથી પડકારજનક બનેલી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કેન્સરના દર્દીઓમાં નોંધપાત્ર વધારો થયો છે. કેન્સર વિરુદ્ધ રસી બનાવવામાં વૈજ્ઞાનિકોને હજુ સુધી સફળતા મળી નથી, પરંતુ હવે આ દિશામાં વૈજ્ઞાનિકોને મોટી સફળતા મળી છે. વૈજ્ઞાનિકોએ એવી રસી બનાવી છે, જે કેન્સરને ખતમ કરી શકે છે. ફ્લોરિડા યુનિવર્સિટીના વૈજ્ઞાનિકોએ એમઆરએનએ રસી વિકસાવી છે, જે ટયુમર વિરુદ્ધ શરીરની રોગપ્રતિકારક શક્તિને વધારે છે.નેચર બાયોમેડિકલ એન્જિનિયરિંગમાં પ્રકાશિત અભ્યાસ મુજબ વૈજ્ઞાનિકોને ઉંદરો પર આ રસીના કરાયેલા પ્રયોગમાં સફળતા મળી છે, પરંતુ માણસના શરીર પર તેના પરિણામો હજુ સ્પષ્ટ થઈ શક્યા નથી. ઈમ્યુન ચેકપોઈન્ટ ઈનહિબિટર ઈમ્યુનોથેરેપી દવાઓ સાથે આ રસીનો ઉંદરો પર પ્રયોગ કરાયો હતો. તેને આપવાથી ઉંદરોમાં એક મજબૂત ટયુમર પ્રતિરોધી અસર જોવા મળી. આ રસીની વિશેષ વાત એ છે કે કોઈપણ વિશેષ ટયુમર પ્રોટીનને ટાર્ગેટ નથી કરતું. તેના બદલે તે કેન્સર વિરુદ્ધ ઈમ્યુન સિસ્ટમ બનાવે છે. યુએફ હેલ્થના ઓન્કોલોજિસ્ટ અને મુખ્ય સંશોધક ડૉક્ટર એલિયાસ સયૂરે આ સંશોધન અંગે કહ્યું કે, તેનાથી સર્જરી, રેડિયેશન અથવા કીમોથેરેપી પર નિર્ભર રહ્યા વિના કેન્સરની સરાવરની નવી રીત સામે આવી શકે છે. જોકે, હજુ સુધી આ રસીનો મનુષ્યો પર પ્રયોગ કરાયો નથી. માણસો પર આ રસીના આ જ પ્રકારના પરીણામ મળે તો તેનાથી કેન્સરની રસી બનાવવાનો રસ્તો ખુલી જશે. તેનાથી કેન્સર જેવી ગંભીર બીમારીથી છૂટકારો મેળવી શકાશે. એલિયાસ સયૂરે કહ્યું, આ સંશોધન એક ખૂબ જ અનપેક્ષિત અને રોમાંચક વસ્તુઓ સામે લાવ્યું છે.

## સંસદના ચોમાસુ સત્ર ૨૦૨૫ના પ્રારંભમાં પ્રધાનમંત્રીના સંબોધનનો મૂળપાઠ

ચોમાસા નવીનતા અને નવીનીકરણનું પ્રતીક છે, અને અત્યાર સુધી મળેલા સમાચાર મુજબ દેશમાં હવામાન ખૂબ જ સારી રીતે આગળ વધી રહ્યું છે. ખેતી માટે ફાયદાકારક હવામાનના અહેવાલો છે અને ખેડૂતોની અર્થવ્યવસ્થા, દેશની અર્થવ્યવસ્થા, ગ્રામીણ અર્થવ્યવસ્થા અને એટલું જ નહીં, દરેક પરિવારની અર્થવ્યવસ્થામાં વરસાદ ખૂબ જ મહત્વપૂર્ણ છે. મને અત્યાર સુધી મળેલી માહિતી મુજબ, છેલ્લા ૧૦ વર્ષમાં બનાવેલા પાણીના ભંડારમાં આ વખતે લગભગ ત્રણ ગણો વધારો થયો છે, જેનો આવનારા દિવસોમાં દેશના અર્થતંત્રને પણ ઘણો ફાયદો થશે.

આ ચોમાસું સત્ર રાષ્ટ્ર માટે ખૂબ જ ગર્વનું સત્ર છે. આ ચોમાસું સત્ર રાષ્ટ્ર માટે વિજય ઉજવણીનું એક સ્વરૂપ છે. અને જ્યારે હું કહું છું કે આ સત્ર રાષ્ટ્રીય ગૌરવ અને વિજય ઉજવણીનું સત્ર છે, ત્યારે સૌ પ્રથમ હું કહેવા માંગુ છું કે, આંતરરાષ્ટ્રીય અવકાશ મથક પર પ્રથમ વખત ભારતીય ત્રિરંગો ધ્વજ લહેરાવવો એ દરેક દેશવાસી માટે ગર્વની ક્ષણ છે. આ એક સફળ યાત્રા રહી છે જેણે દેશમાં વિજ્ઞાન અને ટેકનોલોજી, નવીનતા પ્રત્યે નવો ઉત્સાહ અને ઉમંગ જગાવ્યો છે. હવે સમગ્ર સંસદ, લોકસભા અને રાજ્યસભા બંને ગૃહો, દેશવાસીઓ એક સ્વરમાં એક થઈને ગર્વ અનુભવશે, એક સ્વરમાં તેના ગુણગાન ગાશે, જે ભવિષ્યના કાર્યક્રમો માટે પ્રેરણા અને પ્રોત્સાહન પણ હશે જે ભારતને અવકાશમાં નવી ઊંચાઈઓ પર લઈ જશે. આ ચોમાસુ સત્ર વિજયનો ઉત્સવ છે. આખી દુનિયાએ ભારતની લશ્કરી શક્તિ, ભારતીય સેનાની તાકાતનું સ્વરૂપ જોયું છે. ઓપરેશન સિંદૂરમાં ભારતીય સેના દ્વારા નિર્ધારિત લક્ષ્ય ૧૦૦ ટકા પ્રાપ્ત થયું હતું. ઓપરેશન સિંદૂર હેઠળ, આતંકવાદીઓના આકાઓનું ઘર ૨૨ મિનિટમાં જમીનદોસ્ત કરી દેવામાં આવ્યું હતું. અને મેં બિહારમાં એક કાર્યક્રમમાં આ જાહેરાત કરી હતી, જે આપણી લશ્કરી શક્તિએ ખૂબ જ ટૂંકા સમયમાં સાબિત કરી દીધી. અને દુનિયા મેડ ઈન ઈન્ડિયા લશ્કરી શક્તિના આ નવા સ્વરૂપ પ્રત્યે ખૂબ આકર્ષાય છે. આ દિવસોમાં, જ્યારે પણ હું વિશ્વના લોકોને મળું છું, ત્યારે ભારત દ્વારા ઉત્પાદિત મેડ ઈન ઈન્ડિયા શસ્ત્રો પ્રત્યે વિશ્વનું આકર્ષણ વધી રહ્યું છે. મને ખાતરી છે કે જ્યારે ગૃહ આ વિજયોત્સવને એક સૂરમાં વિજયની ભાવના સાથે ઉજવશે અને આ સત્ર દરમિયાન તે જીવંત અને તેજસ્વી લાગણીઓ વ્યક્ત કરશે, ત્યારે ભારતની લશ્કરી શક્તિ મજબૂત થશે, પ્રોત્સાહિત થશે, દેશવાસીઓ પ્રેરિત થશે અને લશ્કરી ક્ષેત્રમાં થઈ રહેલા સંશોધન, નવીનતા અને ઉત્પાદન, ભારતમાં બનેલા સંરક્ષણ ઉપકરણોને પણ પ્રોત્સાહન મળશે, અને તે ભારતના યુવાનો માટે રોજગારની નવી તકો ઉભી કરશે. આપણે આ દાયકાને એવી રીતે જોઈ શકીએ છીએ કે આપણે શાંતિ અને પ્રગતિ સાથે ખભા મિલાવીને આગળ વધવાના દરેક પગલા પર પ્રગતિ અનુભવી રહ્યા છીએ. દેશ અનેક પ્રકારની હિંસક ઘટનાઓનો ભોગ બન્યો છે, લાંબા સમયથી પીડિત છે, દેશને આઝાદી મળી ત્યારથી આપણે આ સમસ્યાનો સામનો કરી રહ્યા છીએ. આતંકવાદ હોય કે નક્સલવાદ, કેટલાક શરૂઆતમાં શરૂ થયા હશે, કેટલાક પછીથી શરૂ થયા હશે. પરંતુ આજે નક્સલવાદ, માઓવાદનો વ્યાપ ખૂબ જ ઝડપથી સંકોચાઈ રહ્યો છે. માઓવાદ અને નક્સલવાદને જડમૂળથી ઉખાડવાના સંકલ્પ સાથે, દેશના સુરક્ષા દળો એક નવા આત્મવિશ્વાસ સાથે અને ઝડપી ગતિએ સફળતા તરફ આગળ વધી રહ્યા છે. અને હું ગર્વથી કહી શકું છું કે દેશના સેંકડો જિલ્લાઓ આજે નક્સલવાદના કબજામાંથી બહાર આવી રહ્યા છે અને સ્વતંત્રતાનો શ્વાસ લઈ રહ્યા છે. અમને ગર્વ છે કે આપણા દેશનું બંધારણ બોમ્બ, બંદૂક અને પિસ્તોલ સામે જીતી રહ્યું છે, આપણા દેશનું બંધારણ વિજયી બની રહ્યું છે. દેશના ઉજ્જ્વળ ભવિષ્ય માટે, એ સ્પષ્ટપણે દેખાય છે કે ગઈકાલ સુધીના લાલ કોરિડોર આજે ગ્રીન ગ્રોથ ઝોનમાં પરિવર્તિત થઈ રહ્યા છે.

એક પછી એક આવી ઘટનાઓ દરેક માનનીય સાંસદ માટે ગર્વની ક્ષણ છે જે દેશભક્તિ માટે, દેશના કલ્યાણ માટે સંસદ પહોંચ્યા છે. અને સંસદના આ સત્રમાં, આખો દેશ ગૌરવનું આ ગીત સાંભળશે, દરેક સાંસદ પાસેથી સાંભળશે, દરેક પક્ષ પાસેથી સાંભળશે. આર્થિક ક્ષેત્રમાં પણ જ્યારે તમે બધાએ ૨૦૧૪માં અમને જવાબદારી સોંપી હતી, ત્યારે દેશ ફ્રેઝાઈલ-૫ ના તબક્કામાંથી પસાર થઈ રહ્યો હતો. ૨૦૧૪ પહેલા આપણે વૈશ્વિક અર્થતંત્રમાં ૧૦માં ક્રમે હતા, અને આજે ભારત વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવા તરફ ઝડપી ગતિએ આગળ વધી રહ્યું છે, દરવાજો ખટખટાવી રહ્યું છે. આ દિવસોમાં ૨૫ કરોડ ગરીબ લોકો ગરીબીમાંથી બહાર આવી રહ્યા છે, જેની વિશ્વની ઘણી સંસ્થાઓ પ્રશંસા કરી રહી છે. ૨૦૧૪ પહેલા દેશમાં એક સમય હતો, જ્યારે ફુગાવાનો દર બે આંકડામાં હતો, આજે તે ઘટીને ૨ ટકાની આસપાસ આવી ગયો છે અને દેશના સામાન્ય માણસના જીવનમાં રાહત અને સુવિધા બની ગયો છે.

---

**આપણે સૌ ગણિત અને વિજ્ઞાન ભણ્યા છીએ પ્રમેય અને પ્રયોગ બંનેમાં પદ્ધતિનું ખૂબ જ મહત્વ છે**

# ઈચ્છા કે ઈર્ષાનું ઇંધણ નાંખી નાંખીને આપણે જીવન યજ્ઞ બગાડી રહ્યા છીએ



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**જ્ઞાનને ઊંચાઈ સાથે સરખાવવામાં આવે છે, એ જ રીતે પ્રેમને ગહેરાઈ સાથે સરખાવીએ છીએ. તો આપણે બાપુ કહે છે, એમ વસુધા વંશજ છીએ, અને ઉપર સુધી પહોંચવું એટલું સહેલું નથી, ત્યારે ધરા પર રહીને પ્રેમ એટલે જ પરમાત્મા! એ રીતે આપણે પ્રેમ નામના આ સાગરમાં ડૂબકી લગાવીએ, તો કદાચ કંઈક પ્રાપ્ત થાય!**

આપના શ્રીચરણોમાં આમારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. હમણાં કેટલાં સમયથી પ્રાર્થનાના ક્રમમાં નરસિંહના પદ વિશે ચિંતન થાય છે, અને નરસિંહ આપણને જાગૃતિથી ખુદનાં જયકારા સુધીના જ્ઞાનની સફર કરાવે છે. સંસારીઓ માટે સરળતાથી સહજ થઈને બ્રહ્મજ્ઞાનને પામી શકાય એવી સુંદર સુંદર રચનાઓ આપણે જોઈ. આપણને ઘણીવાર વિચાર આવે કે આવા પહોંચી ગયેલા સાધુપુરુષની રચનાનો આસ્વાદ કરવાથી આજે પણ આપણને ઈશ્વરના હોવા વિશેની સુખદ અનુભૂતિ થાય છે, તો જેમણે એનાં વિરાટ વ્યાપક અસ્તિત્વને કે પૂર્ણ સ્વરૂપને માણ્યું હશે, એ તો એ જ જાણે!! કોઈ પણ સત્ય હોય એને શબ્દમાં કંડારવાથી એ સત્યની માત્રા ઓછી થઈ જાય છે, પણ છતાં આ શબ્દો આપણને યથાર્થ જ્ઞાન આપવામાં સફળ નિવડ્યા છે. એટલે શબ્દ એજ પરબ્રહ્મ, અને પરબ્રહ્મ એજ સત્ય છે, એમ કહેવું એ જરા પણ ખોટું નથી!: પણ આપણી આ અનૂભૂતિ પાછળ આપણો અનુભવ જોડાયેલ નથી માટે એ શબ્દ બ્રહ્મ આપણનેજીવનભર પ્રકાશ આપી શકતો નથી. તો એવું સત્ય શું છે? અથવા આપણે અનુભવ શું કામ કરી શકતા નથી? જાગૃતિ વગર જરૂરિયાત પર કાબુ આવી શકતો નથી, એ નીતાંત સત્ય છે, અને હાલના સાંપ્રત સમયમાં આપણી જરૂરિયાતો પર કાબુ નથી, માટે જ આપણે સુખનો અનુભવ કરી શકતા નથી, આપણાં જીવનનું એ જ સત્ય છે, જે પરબ્રહ્મનો અનુભવ થવા દેતું નથી. દિવસે ને દિવસે ઈચ્છા અથવા ઈર્ષાનું ઈંધણ નાંખી નાંખીને આપણે આપણો જીવન યજ્ઞ બગાડી રહ્યા છીએ, એ વિશે ધ્યાન કેન્દ્રિત કરવા માટે જાગૃતિ બહુ જરૂરી છે. આજે અનુભવ, અનૂભૂતિ, અને પ્રતિતિનાં વિસ્તાર મુજબ જ્ઞાનની તીવ્રતા હોય, અને એ તીવ્રતાની નીપજ રુપે જે શબ્દ બ્રહ્મ મળે, કે સત્ય મળે એ જ પરબ્રહ્મ છે.

આપણે સૌ ગણિત અને વિજ્ઞાન ભણ્યા છીએ પ્રમેય અને પ્રયોગ બંનેમાં પદ્ધતિનું ખૂબ જ મહત્વ છે. તો અધ્યાત્મ એક વિજ્ઞાન છે, અને વિજ્ઞાન પ્રયોગ વગર સિદ્ધ થતું નથી, એટલે અમુક પ્રકારના પ્રયોગોને જીવનમાં સ્થાન આપવું હોય તો, એને પદ્ધતિ વાર સમજાવીએ ત્યારે જ તે સફળતાથી પાર પડે. સદગુરુ કૃપાથી અનેક લોકો આવાં પ્રયોગો કરતાં થયાં છે! જીવનનાં ધ્યેયને બદલ્યા છે, સ્વાર્થ છોડી પરમાર્થ વિશે વિચાર્યું, અને અમલ પણ કરતાં થયાં છે. અધ્યાત્મ વિજ્ઞાનમાં જ્ઞાનને પ્રકાશ કહેવામાં આવે છે, અને પ્રકાશ એટલે ઉર્જા. પ્રકાશ એટલે સકારાત્મક ઉર્જા અથવા સત્યની ઊર્જા એવું પણ કહી શકીએ! અસ્તિત્વમાં તો પ્રકાશ સ્વરૂપે ચાંદો સુરજ નિત્ય પ્રકાશમાન છે.

પ્રકાશ ત્રણ સ્તરે ઉર્જા પ્રદાન કરે છે, પણ આપણી લાયકાત કે આપણી પાત્રતા મુજબ આપણે એને ગ્રહણ કરી શકીએ છીએ. આપણે અજવાળું જોઈતું હોય તો,બહુ સ્વાભાવિક રીતે જ દિપક પ્રગટાવવો પડે, અને દિપક પ્રગટાવવા વાટ તેમજ તેલ કે ઘી જોઈએ છીએ. કાયા એક માટીનું કોડિયું છે, અને એમાં પ્રાણ તત્વ રૂપે એક વાટ રહેલી છે, એને પ્રજ્વલિત કરવી હોય તો એમાં ઈંધણ નાખવું પડે. યજ્ઞ જેમ આપણને દીવો પ્રગટાવી સકારાત્મક ઉર્જા જોઈએ છીએ, માટે ઘી જરૂરી છે. ઘી એટલે જ્ઞેય પદાર્થ, અથવા જ્ઞાનને ધારણ કરનાર ધૃત પણ એને કહેવામાં આવે છે. જે માનવી પોતાને સવર્શ્રેષ્ઠ સમજતો હતો એ જ માનવી જ્યારે ઈશ્વર સત્તાને સર્વ શ્રેષ્ઠ સમજે, અને એના ચરણોમાં શરણાગત થાય એના જેવું બીજું શ્રેષ્ઠ જ્ઞાન કયું હોય, કે જ્યાં ખુદ સિવાય બીજાના અસ્તિત્વને મહત્વ અપાય. એટલે આવાં જ્ઞાનને ધારણ કરવાં માટે ''હું પણું'' ઘટવું અને પછી ધીરેધીરે મટવું જોઈએ. દીપક પ્રગટાવીએ એટલે પ્રકાશ થાય, પણ બહુ સ્વાભાવિક રીતે જ વાટ બળે છે, અને ઘી વપરાય છે. આપણો આત્મ દીપ પ્રગટે તો એ પ્રકાશ ઉર્જા આપણને સકારાત્મક ઉર્જા જરૂર આપે છે, પણ એની માટે સતત પ્રકાશતો રહે, એ પણ જરૂરી છે. આપણે સંસારી છીએ એટલે આપણું જ્ઞાન શુદ્ધ ક્યાં સુધી રહી શકે? મમતા મરે નહીં! અને મોહ જાય નહીં! તો આપણે આ દીપકમાં મમતાનાં જ શુદ્ધ સ્વરૂપ એવા સ્નેહનું કે પ્રેમનું ઈંધણ નાખીએ તો પરિણામે જે પ્રકાશ ઉર્જા પ્રાપ્ત થાય એ સહજતાથી સમર્પણ, અને સમાધાન કરતાં શીખવે છે.પણ પરિવારનો દરેક સદસ્ય એમ માને છે કે અમારા જેટલું કોઈ સમર્પણ કરે નહીં! હું તો ચાલીસ વર્ષથી.. તો કોઈ કહેશે અમે તો સુતરાઉ કપડાંમાં જીંદગી કાઢી નાખી! અને કોઈ કોઈ કહેશે ઓવર ટાઈમ કરવામાં છોકરાવ ક્યારે મોટા થઈ ગયાં એ ખબર જ ન પડી! અને એ જ છોકરાંવને અમારી પડી નથી! ટૂંકમાં સમાજનું આ વાસ્તવિક દર્શન છે, કે જ્યાં દરેકને ખુદનું મહત્વ દર્શાવવામાં જ સૌથી વધુ રસ છે ! તો નરસિંહનાં કહેવા પ્રમાણે તો હું કરું હું કરું એ જ અજ્ઞાનતા છે! એટલે જ્ઞાન સુધી પહોંચવું હોય તો જેમ જેમ અજ્ઞાન છોડતા જઈએ એમ જ્ઞાન તરફ આપણી ગતિ થાય .આમ પણ પ્રેમ તો મૌનની પરિભાષા કહેવાય એમાં બોલવાનું ન્હોય.

જ્ઞાનને ઊંચાઈ સાથે સરખાવવામાં આવે છે, એ જ રીતે પ્રેમને ગહેરાઈ સાથે સરખાવીએ છીએ. તો આપણે બાપુ કહે છે, એમ વસુધા વંશજ છીએ, અને ઉપર સુધી પહોંચવું એટલું સહેલું નથી, ત્યારે ધરા પર રહીને પ્રેમ એટલે જ પરમાત્મા! એ રીતે આપણે પ્રેમ નામના આ સાગરમાં ડૂબકી લગાવીએ, તો કદાચ કંઈક પ્રાપ્ત થાય! બીજી રીતે જોઈએ તો બ્રહ્માંડ ગોળ છે, અને શૂન્ય પણ ગોળ છે. બ્રહ્માંડ રુપી ગોળાકાર ગેબનાં રહસ્યને જાણવા હોય તો શૂન્ય થવું પડે! કે પછી પૂર્ણ પરમતત્વને જાણવાં ને માણવા માટે પ્રતિત કરવા માટે આપણે શૂન્ય થવું પડે. જ્યાં સુધી આ હું પણાનું લેબલ નહીં છૂટે, ત્યાં સુધી બધું જ વ્યર્થ! જે દિવસે હું પણું છૂટ્યું, પરમાત્મા આપણને પૂર્ણપણે અનુભવાય છે, અને એ રીતે એ સચરાચર સૃષ્ટિમાં પરસ્પર પ્રેમ આપણને વ્યાપક બ્રહ્મના દર્શન કરાવે છે, જે જ્ઞાનનું સર્વોચ્ચ શિખર છે. પૂજ્ય પાદ ડોંગરે મહારાજ કહેતાં, કે પરમાત્મા જ્યારે મળે ત્યારે પૂર્ણ મળે છે, અધૂરામાં એની ઉપલબ્ધિ ક્યારેય થતી નથી, અને પૂર્ણ પરમાત્મા કે પરબ્રહ્મ સુધી પહોંચાડનાર જ્ઞાન પણ જ્યારે મળે ત્યારે પૂર્ણ મળે છે, ત્યાં સુધી એ જાણકારી કે અધકચરી સમજ રૂપે આપણામાં અટવાતું રહે છે.

જ્ઞાન એટલે ઉંચાઈ એ રીતે જોઈએ, તો તો હું પણું વધારતી વાત થઈ, અને આપણે જાણીએ છીએ કે કોઈ વિષયનું જ્ઞાન અહંકાર કરાવે છે, અને એ રીતે ઉંચાઈ પર ટકી રહેવું મુશ્કેલ છે. પણ કોઈ તારનારાનું શરણું પકડી આ પ્રેમ રુપી સાગરમાં ડુબકી લગાવીએ, તો અનુભવ, અનૂભૂતિ કે પ્રતિતિ રૂપે કંઈક તો નીજી સંપદા પ્રાપ્ત થાય જ! તો આપણાં જેવાં સંસારીઓ માટે ઈચ્છા, ઈર્ષા, નિંદા, દ્વેષ, લોભ, લાલચ, મોહ, માયા, ક્રોધ, કપટ, ચતુરાઈ, અને મત્સર, એટલે કે અહંકાર જેવા અજ્ઞાનથી દુર રહેવું, એ જ જ્ઞાન છે, એ રીતે જ આપણે જ્ઞાનને સિદ્ધ કરી શકીશું, અને એ રીતે જ આપણે જ્ઞાનની ઉંચાઈ પર ટકી શકીશું. તો સત્ય પ્રેમ અને કરુણા રુપી પરબ્રહ્મને પ્રતિત કરાવતી ત્રિવેણીનું ઉદ્ગમ સ્થાન આપણું હદય બને એવું ઈચ્છતા હોઈએ તો આ રીતના જ્ઞાનને જીવન યજ્ઞનું તેજ બનાવી પ્રકાશ ઉર્જા પ્રાપ્ત કરીએ, કે જે પૂરા સમાજને પ્રકાશિત કરે, તેમજ એવું જીવન જીવવા પ્રેરણા આપે.

આપણે સૌ આ રીતે જ્ઞાનને અર્જીત કરી જીવન યજ્ઞ અજવાળતા રહીએ, એવી એક અનન્ય પ્રાર્થના ઈશ્વર ચરણે રાખી, હું મારા શબ્દોને આજે અહીં જ વિરામ આપું છું. ફરી મળીશું નવા ચિંતન મનન સાથે, તો સૌને મારા આજના દિવસના સ્નેહ વંદન અને જય સીયારામ.

---

**મારા જીવનમાં સકારાત્મકતા અને પ્રેમનો માહોલ છે મને દરરોજ જીવવા મળેલા આ અદ્ભુત જીવન માટે હું ખૂબ આભારી છું**

# ચક્રવ્યૂહ બનાવનારા બધા આપણા પોતાના લોકો છે, ''પરંતુ ''આ ગઈકાલે પણ સાચું હતું અને આજે પણ સાચું છે



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**પરીક્ષિત રાજા પૂછે છે કે ભગવાન પોતાની માયાથી આસૃષ્ટિનીરચના કેવી રીતે કરે છે?આ સૃષ્ટિની ઉત્પત્તિની કથા કહો.જવાબમાં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદજીને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે.**

એક પ્રયાસ... હું દરેક ક્ષણ ખુશ છું. મને મારા જીવનમાં દરરોજ ખુશ રહેવાના કારણો મળે છે. મારા જીવનમાં સકારાત્મકતા અને પ્રેમનો માહોલ છે. મને દરરોજ જીવવા મળેલા આ અદ્ભુત જીવન માટે હું ખૂબ આભારી છું.આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો

જ્ઞાનીઓ જ્ઞાનથી અદ્વૈત સિદ્ધ કરે છે.આનું નામ અદ્વૈત મુક્તિ, કૈવલ્ય મુક્તિ, ભક્તો ભક્તિથી અદ્વૈત સિદ્ધ કરે છે તે ભાગવતી મુક્તિ.વિચારપ્રધાન મનુષ્યો જ્ઞાનમાર્ગ પસંદ કરે છે.ભાવના પ્રધાનમનુષ્યો જેનું હૃદય કોમળ છે, દ્રવે છે તેવા મનુષ્યો ભક્તિ માર્ગ પસંદ કરે છે.

ઈશ્વરથી વિભક્ત ન થાય તેનુંનામ ભક્તિ. સાધનોમાં ભક્તિ શ્રેષ્ઠ છે ભક્તિશૂન્ય પુરુષોનાં સાધન નિષ્ફળ જાય છે.ભાગવતમાંજ્યાં જ્યાં ભક્તિ શબ્દવપરાયેલો છે, ત્યાં તીવ્ર શબ્દ પણ સાથે વપરાયેલો છે.ભક્તિતીવ્ર જોઈએ તીવ્રતા વગરની સાધારણ ભક્તિ ન ચાલે.

વૈરાગ્યની ઈચ્છાવાળા મુમુક્ષુ ભક્તે તીવ્ર ભક્તિયોગથી પરમ પુરુષ પૂર્ણપરમાત્માનું પૂજનકરવું શુકદેવજી કહે,રાજન, કોઈ પણ પ્રકારે મુક્તિ મેળવવી હોય,તો આરંભમાં ભોગનો ત્યાગકરવો પડશે.ભોગી જ્ઞાનમાર્ગમાં કેભક્તિ માર્ગમાં આગળ વધી શકશે નહીં. ભોગ ભક્તિમાં બાધક છે.ભોગ જ્ઞાનમાં પણ બાધકછે.ભોગ કરતાં ભોગના ત્યાગમાં અનંતગણું સુખ છે ઈન્દ્રિયજન્ય સુખ સર્વ પ્રાણીઓનું સરખું જ હોય છે.છપ્પન મણ રૂની તળાઈમાં આળોટતા શેઠિયાને જે સુખ મળે છે તેવું જ સુખ ગધેડાને ઉકરડા ઉપર આળોટવામાં મળે છે. મનુષ્યને શીખંડ ખાવામાં જે સુખ મળે છેતેવું સુખ ભૂંડને વિષ્ટા ખાવામાં મળેછે.મનુષ્યે બુદ્ધિપૂર્વક ભોગ છોડવા જોઈએ. ભોગમાં ક્ષણિક સુખ છે, ત્યાગમાં હંમેશ અનંતનું સુખછે.ભોગથી શાંતિ મળતીનથી ત્યાગથી શાંતિ મળે છે.રાજા આજ સુધી તે અનેક ભોગ ભોગવ્યા છે. હવે તારી એક-એક ઈન્દ્રિયને તું ભક્તિરસનું દાન કર. ઈન્દ્રિયરૂપી પુષ્પ ભગવાનને અર્પણ કર.

રાજન્ જેનું મરણ સમીપ માં આવ્યું છે, તે સંસારને ભૂલવાનો પ્રયત્ન કરે, પરમાત્માનું ધ્યાન કર.

ધીરે ધીરે સંયમને વધાર. સતત શ્રીકૃષ્ણનું ધ્યાન કરવું એ જ મનુ ષ્ય માત્રનું કર્તવ્ય છે. ઈશ્વર સાથે તન્મય થાય તેને મુક્તિ મળે છે.

રાજન, જન્મ તેનો સફળ થયો કે જેને ફરીવાર માના પેટમાં જવાનો પ્રસંગ જ ન આવે. ગર્ભવાસ એ જ નરકવાસ છે. કર્મ અને વાસના લઈને જીવ જન્મે છે,તેનો ગર્ભ વાસ એ નરકવાસ છે.આ દેહાભિમાન જ મિથ્યા છે. શુકદેવજી જનકરાજાના દરબારમાં જનક રાજા પાસે વિદ્યા શીખવા ગયા હતા.વિદ્યાભ્યાસ પૂરો થયો. શુકદેવજીએ કહ્યું,મારે ગુરુ દક્ષિણા આપવી છે. જનકરાજાએ કહ્યું કે,મારે ગુરુ દક્ષિણા જોઈતી નથી પણ તું બહુ આગ્રહ કરે છે તો જગતમાં જે નિરુપયોગી વસ્તુ હોય તે મને આપ! શુકદેવજી નિરુપયોગી વસ્તુની શોધમાં નીકળ્યા.પ્રથમ માટી ઊંચકી. માટી કહે મારા ઘણા ઉપયોગ છે.પથ્થર ઊંચક્યો તો પથ્થર કહે,મારાઘણા ઉપયોગ છે. આ પ્રમાણે જે વસ્તુને ઉપાડે તે ઉપયોગી જણાય અંતે થાકીને વિષ્ટા ઉપાડી. વિષ્ટા કહે,હું અન્ન રૂપે મનુષ્યના પેટમાં ગઈ,તો આમ વિષ્ટા બની!છતાં હું નિરુપયોગી નથી.વિચાર કરતાં શુકદેવ જીને લાગ્યું કે આ દેહાભિમાન જ નિરુ પયોગી છે.ત્યારે શુકદેવજી જનક રાજાને કહ્યું,મારું દેહાભિમાન ગુરુ દક્ષિણામાં અર્પણ કરું છું.

શુકદેવજીને દેહભાન નહીં એટલે મંગલાચરણ કર્યું ન હતું.પાછળથી બીજા સ્કંધના ચોથા અધ્યાયમાં ૧૨માશ્લોકથી મંગલાચરણ કર્યુંછે

સાધકને કથા માર્ગદર્શન કરે છે એટલુ જ નહીં પણ સિદ્ધ પુરુષો નેય કથા સાંભળવાની જરૂર પડે છે.બીજા સ્કંધમાં પહેલા ત્રણ અધ્યાયમાં ભાગવતનો સઘળો સાર આવી ગયો. રાજાને જે ઉપ દેશ કરવાનો હતો તે આ ત્રણ અધ્યાયમાં કર્યો છે.પછી તો પરીક્ષિત રાજાનું ધ્યાન વિષય તરફ ફરીથી ન જાય તેવું માટે ચરિત્રો કહે છે.

શુકદેવજી શ્રીકૃષ્ણની સ્તુતિ કરતાં કહે છેકે,જે ભક્તવત્સલભગવાન ની છાયા ભક્તિહીન હઠયોગીઓ પામતા નથી,જે પરમ ઐશ્વર્ય યુક્ત છે, અદ્વિતીય છે,જે નિરંતર તેજ બ્રહ્મધામમાં વિહરે છે,તે શ્રીકૃષ્ણને નમોનમસ્તે!પ્રેમમાં પક્ષપાત આવી જાય છે.શ્રી રાધાજી શ્રી શુકદેવજીના ગુરુ છે, રાધાજીએ શુકદેવજીને બ્રહ્મ સંબંધ કરાવી આપ્યો હતો એટલે શુકદેવજી રાધાકૃષ્ણને બે વાર નમસ્કાર કરે છે.

શુકદેવજી પૂર્વજન્મમાં પોપટ હતા રાત-દિવસ લીલા નિકુંજમાં 'હેરાધે હે રાધે'નામનો સતત જપ કરતા હતા.શુકદેવજી શ્રી રાધાના શિષ્ય છે.ભાગવતમાં એટલે તો રાધાજી ના નામનો પ્રગટ ઉલ્લેખ નથી. કારણ ગુરુનું નામ પ્રગટ રૂપે ન લેવાની શાસ્ત્રની મર્યાદા છે. ભાગવતના ટીકાકાર શ્રીધરસ્વામી આ પાંચને નિત્ય માને છે. ભગવાનનું સ્વરૂપ નિત્ય,ભગવાન ની લીલા નિત્ય, ભગવાનનું નામ નિત્ય,ધામ નિત્ય અને પરિકર નિત્ય છે.

પરીક્ષિત રાજા પૂછે છેકે ભગવાન પોતાની માયાથી આસૃષ્ટિનીરચના કેવી રીતે કરે છે?આ સૃષ્ટિની ઉત્પત્તિની કથા કહો.જવાબમાં શુકદેવજી ભગવાને બ્રહ્માજીને કહી અને બ્રહ્માજીએ જે નારદજીને કહી તે સૃષ્ટિના આરંભની કથા કહી સંભળાવે છે.


ભગવાનને એકમાંથી અનેક થવાની ઈચ્છા થઈ. પ્રભુએ ચોવીસ તત્ત્વો ઉત્પન્ન કર્યા. આ તત્ત્વો પોતાની મેળે કોઈ કાર્ય કરી શક્યા નહીં,ત્યારે પ્રભુએ એક- એક વસ્તુમાં પ્રવેશ કર્યો. હવે તત્ત્વ માં દિવ્ય ચેતન શક્તિ પ્રગટ થઈ.

સાતમા અધ્યાયમાં ભગવાનની લીલા અવતારોનું વર્ણન કરેલું છે.

બ્રહ્માજીનીતપશ્ચર્યાથી પ્રસન્ન થઈ ભગવાને તેમને પોતાના સ્વરૂપનું દર્શન કરાવ્યું અને આત્મ તત્ત્વના જ્ઞાન માટે તેમને પરમ સત્ય વસ્તુ નો જે ઉપદેશ કર્યો તે સાંભળો.

આદિદેવ બ્રહ્માજી જ પોતાના જન્મસ્થાન કમળ ઉપર બેસી સૃષ્ટિ રચવાની ઈચ્છાથી વિચાર કરી રહ્યા હતા,પણ સૃષ્ટિની રચના થઈ શકે તેવી જ્ઞાનદૃષ્ટિ પ્રાપ્ત ન થઈ. તેવામાં બ્રહ્માજીને આકાશવાણી સંભળાઈ: તપ, તપ! બ્રહ્માજી સમજી ગયા કે તપ કરવાનો આદેશ થયો છે. બ્રહ્માજી એ સો વર્ષ તપ કર્યું અને તેમને ચતુર્ભુજ નારાયણનાં દર્શન થયાં. તપ કર્યા વગર કોઈને ચાલવાનું નથી. તપ ન કરે તેનું પત થશે. એટલે પતન થાય છે.પછી નારાયણ ભગવાને બ્રહ્માજીને ચતુ: શ્લોકી ભાગવતનો ઉપદેશ કર્યો.દ્વિતીય સ્કંધમાં નવમા અધ્યાયના ૩૨ થી ૩૫ શ્લોકએ ચતુ:શ્લોકી ભાગવત ભગવાન સંતાકૂકડીની રમતના અજબ ખેલાડી છે.આરંભમાં તમામજીવો ભગવાનની અંદર છે.

ભગવાન એક-એક જીવને તેના કર્મ પ્રમાણે શરીર આપે છે.તે પછી કહે છે, બેટા,હવે હું સંતાઈ જાઉં છું. હવે તું મને શોધી કાઢજે!ભગવાન કહે છેકે,જગતમાં નહતું ત્યારે પણ હું જ હતો.જગતરહેશે નહીં ત્યારે પણ હું જ રહીશ જેમ સ્વપ્રમાં એક જ અનેકરૂપે દેખાય છે,તેમ જાગૃત અવસ્થામાં પણ અનેકમાં એક જ છે.એવો જ્ઞાની પુરુષોનો અનુભવ છે.દાગીનાના આકાર ભિન્ન હોવાછતાં સર્વમાં એક જ સોનું રહેલું છે.કિંમત પણ સોનાની મળે છે,આકારની નહીં. ઈશ્વર સિવાય બીજું જે કાંઈ દેખાય છે, તે સત્ય નથી. ઈશ્વર વિના બીજું દેખાય એ જ ઈશ્વરની માયા છે. જે ન હોવા છતાં પણ દેખાય છે અને ઈશ્વર સર્વમાં હોવા છતાં પણ દેખાતા નથી.એ જ માયાનું કાર્યછે.તેને જ મહાપુરુષો આવરણ અને વિક્ષેપ કહે છે. અસ્તુ.



જેવી મેડોકની 'થામા' પુરી કરશે તરત તે સૂરજ બરજાત્યાની પ્રેમભરી દુનિયામાં પ્રવેશ કરશે

# આયુષ્યમાન ખુરાના નવેમ્બરમાં બરજાત્યાની ફિલ્મનું કામ શરૂ કરશે

આ વર્ષની શરૂઆતમાં એવા અહેવાલો હતા કે સૂરજ બરજાત્યાનો નવો પ્રેમ હવે આયુષ્યમાન ખુરાના હશે. હવે સૂરજ બરજાત્યાની આગામી ફિલ્મમાં તે લીડ રોલમાં જોવા મળશે. આ રોમેન્ટિક ફિલ્મમાં શર્વરી વાઘ પણ લીડ રોલમાં હશે. હવે એવા અહેવાલ છે કે સૂરજ બરજાત્યાની આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૫માં શરૂ થશે. સુત્રો દ્વારા મળતી માહિતી અનુસાર આયુષ્યમાન જેવી મેડોકની 'થામા' પુરી કરશે કે તરત તે સૂરજ બરજાત્યાની પ્રેમભરી દુનિયામાં પ્રવેશ કરશે. સુત્રએ જણાવ્યું, ''આયુષ્યમાન પ્રેમનો રોલ કરવા માટે ખુબ ઉત્સુક છે અને સૂરજ બરજાત્યાની ફિલ્મનું નવેમ્બર ૨૦૨૫માં શૂટિંગ શરૂ કરશે.''આ સુત્રએ આગળ એવું પણ કહ્યું કે આ ફિલ્મનું શૂટિંગ લગબગ છ મહિના સુધી ચાલશે અને ૨૦૨૬ના પાછળના ભાગમાં આ ફિલ્મ રિલીઝ થઈ શકે છે. સામાન્ય રીતે બરજાત્યાની ફિલ્મ મોટા પરીવારો સાથે વિશાળ સ્ટારકાસ્ટ અને સંગીત આધારીત ફિલ્મ હોય છે, પરંતુ આ ફિલ્મ અંગે સુત્રના જણાવ્યા અનુસાર, ''સૂરજ બરજાત્યાની

**આ ફિલ્મનું શૂટિંગ નવેમ્બર ૨૦૨૫માં શરૂ થશે...**

આ ફિલ્મ એક રમુજી અને રોમેન્ટિક ફિલ્મ બનાવવા માગે છે, જેમાં એક ન્યુક્લિયર ફેમિલીની વાત છે. ફિલ્મની સ્ક્રિપ્ટ લખાઈ ચૂકી છે અને તેઓ હવે અન્ય કલાકારોનું કાસ્ટિંગ કરી રહ્યા છે. આ ફિલ્મમાં પણ કેટલાંક પીઢ અને અનુભવી કલાકારો હશે, હાલ કાસ્ટિંગ ચાલી રહ્યું છે.''હજુ આ ફિલ્મનું નામ જાહેર થયું નથી, 'મેને પ્યાર કિયા', 'હમ આપકે હે કૌન', 'હમ સાથ સાથ હૈ', 'મૈ પ્રેમ કી દિવાની હું', 'વિવાહ', 'પ્રેમ રતન ધન પાયો' અને 'ઊંચાઈ' પછી બરજાત્યાની આ આઠમી ફિલ્મ હશે. આયુષ્યમાન ખુરાના આ ફિલ્મમાં કાસ્ટ થઈ ચૂક્યો છે. આયુષ્યમાન ખુરાના દિનેશ વિજાનની 'થામા'નો પણ હિસ્સો છે અને કરણ જોહર એક સ્વાપ કોમેડી પ્રોડ્યુસ કરે છે, તેમાં પણ આયુષ્યમાન છે. સાથે તે યશરાજ ફિલ્મ્સ સાથે પણ 'પોશમ પા'માં કામ કરી રહ્યો છે.

### હવે નવાઝુદ્દીન સિદ્દીકી ઓટીટીથી નિરાશ

# શરૂઆત પેશનથી થાય છે-પછી ધંધો બની જાય છે : નવાઝુદ્દીન



જ્યારે ભારતમાં ઓટીટી નવું હતું અને લગભગ બધી જ વૅબ સિરીઝ સારા કન્ટેન્ટ અને કલાકારો સાથે આવીને છવાઈ જતી હતી, ત્યારે નવાઝુદ્દીન પણ ''અપુન હી ચ ભગવાન હૈ''થી છવાઈ ગયો હતો, તેનાં 'ઝ સેક્રેડ ગેમ્સ'ના આ ડાયલોગના અસંખ્ય મિમ્સ પણ બનતા રહે છે. આ જ વૅબ સિરીઝ મુદ્દે તાજેતરમાં નેટફ્લિક્સના સીઈઓએ આપેલાં વિવાદાસ્પદ નિવેદન પછી આ શોના ડિરેક્ટર અનુરાગ કશ્યપે પણ તેમની ટીકા કરી હતી. હવે નવાઝુદ્દીન સિદ્દકીએ પણ ઓટીટીના વલણ સામે નિઃરાશા વ્યક્ત કરી છે.થોડાં દિવસ પહેલાં અનુરાગ કશ્યપે નેટફ્લિક્સના સીઈઓ ટેડ સેરેન્ડોઝને ડમ્બ ગણાવ્યો, કારણ કે તેણે એક ઈન્ટરવ્યુમાં એવું નિવેદન આપ્યું કે 'મારે સેક્રેડ ગેમ્સના બદલે કોઈ વધુ પ્રચલિત વિષયનો શો શરૂ કરવાની જરૂર હતી.' અનુરાગ કષ્યપ અને વિક્રમાદિત્ય મોટવાણેના આ શોમાં નવાઝુદ્દીન સિદ્દીકી અને સૈફ અલી ખાન સિવાય પણ ઘણા જાણીતા ચહેરા હતા. ત્યારે હવે નવાઝે પણ છેલ્લાં કેટલાંક વખતથી ભારતમાં ઓટીટી જે દિશામાં આગળ વધી રહ્યું છે, તે અંગે નિઃરાશા વ્યક્ત કરી હતી. તેણે એમ પણ કહ્યું કે તે સેક્રેડ ગેમ્સ પછી હવે છેક એક સિરીઝનું કામ કરી રહ્યો છે. વચ્ચે તેણે વિવિધ ઓટીટી પ્લેટફર્મ માટે અડધો ડઝન ફિલમ કરી છે. નવાઝે કહ્યું, ''કોઈ પણ પ્લેટફર્મ હોય કે પછી પ્રક્રિયા હોય, શરૂઆતમાં તો જોરદાર જ હોય છે પરંતુ ધીરે ધીરે તે ધંધો બની જાય છે.'' નવાઝુદ્દીને આગળ કહ્યું, ''જો તમે કળામાં કમર્શીયલ બાબતોને આટલું બધું મહત્વ આપશો તો તેનાથી ઘણું નુકસાન થશે. એવું જ થયું છે, સમયાંતરે શરુઆત તો પેશનથી થાય છે પણ પછી એનો ધંધો બની જાય છે.'' નવાઝ અને અનુરાગ કશ્યપ બંને માને છે કે હવે ઓટીટી અને ફિલ્મ વચ્ચે ભારતમાં કોઈ ભેદ રહ્યો નથી. નવાઝે કહ્યું, ''જે ચોર હોય એ સર્જનાત્મકતા ક્યાંથી લાવશે. આપણે સાઉથમાંથી ચોર્યું, ક્યારેક અહીંથી ચોર્યું, ક્યારેક ત્યાંથી. કેટલીક કલ્ટ ફિલ્મ જે હિટ થઈ ગઈ હોય તો પણ એના સીન પણ ચોરેલા હોય છે.

# બોલિવૂડની નવી જોડી રાશા થડાની અને અભય વર્મા

## અભય વર્મા અને રાશા થડાનીની સોશિયલ મીડિયા પોસ્ટથી અટકળોને વેગ, ફિલ્મ હશે કે વેબ સિરીઝ?


રાશઆ થડાની અને 'મૂંજ્યા'થી લોકપ્રિય થયેલા અભય વર્માએ સોશિયલ મીડિયા પર એક રીલ શેર કરી છે, જેના કારણે તેઓ કોઈ ફિલ્મ માટે સાથે કામ કરી રહ્યા હોવાની પણ ચર્ચા છે. જોકે, તેમના આ કોલબરેશ અંગે હજુ કોઈ પ્રકારની જાહેરાત થઈ નથી. ઈન્સ્ટાગ્રામ પર શેર થયેલા આ વીડિયોમાં તેઓ બંને ખુશ ખુશ દેખાય છે.રાશાએ પહેલી ફિલ્મથી જ ઘણી લોકપ્રિયતા મેળવી લીધી છે. અભય વર્મા પણ મૂંજ્યાથી ઘણો લોકપ્રિય થયો છે. ત્યારે આ વીડિયોથી લોકો ઈન્ડસ્ટ્રીમાં નવી જોડી જોવા મળશે, તેની રાહ જોઈ રહ્યા છે. સાથે લોકોને પ્રશ્ન પણ છે કે તેઓ બંને ફિલ્મમાં સાથે આવશે કે, કોઈ જાહેરાત છે કે પછી કોઈ વૅબ સિરીઝમાં આવવાના છે, છતાં લોકો આ ળેશ જોડીની રાહ જુએ છે.બંનેએ એક વીડિયો તો શેર કર્યો પણ શેના માટે તેઓ સાથે કામ કરે છે, તેવું ક્યાંય જાહેર કર્યુ નહીં, જોકે, અંદરના સુત્રો જણાવે છે કે તેઓ બંને ટૂંક સમયમાં જ તેમના પ્રોજેક્ટની જાહેરાત કરે તેની પણ શક્યતા છે. ત્યાં સુધીમાં બંનેના ફૅન્સ ચોકઠાં બેસાડવાની કોશિશ કરી રહ્યાં છે. આ ઉપરાંત પણ રાશા ઈન્ડસ્ટ્રીની પ્રોમિસિંગ એક્ટ્રેસ તરીકે વારંવાર ખબરોમાં આવતી રહે છે. તાજેતરમાં જ તે એક એવોર્ડ ઈવેન્ટમાં પણ હાજર રહી હતી. જ્યાં તેના લૂક વિશે ઘણી ચર્ચા થઈ હતી.



# સતત પછડાટ છતા અક્ષય કુમાર મક્કમ, સાઉથ બ્લોકબસ્ટરની રિમેકમાં કામ કરશે

અક્ષય કુમાર એ બોલિવૂડ અભિનેતા છે જેમણે સાઉથની રિમેક દ્વારા બોક્સ ઓફિસ પર બમ્પર કમાણી કરી છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી, રિમેકમાં તેમનું નસીબ બહુ સારું નથી રહ્યું. બચ્ચન પાંડે, સરફિરા, ખેલ ખેલ મેં અને સેલ્ફી એવી ફિલ્મો છે જે રિમેક છે પરંતુ તે બોક્સ ઓફિસ પર ખરાબ પ્રદર્શન કરી છે. હવે અક્ષય કુમાર વિશે સમાચાર આવી રહ્યા છે કે તેમની આગામી ફિલ્મ દક્ષિણની બ્લોકબસ્ટર ફિલ્મની રિમેક હોઈ શકે છે. પરંતુ આ ફિલ્મમાં અભિનેતાએ કરેલો અભિનય અદ્ભુત અને અજોડ છે. અક્ષય કુમાર આવી રીતે અભિનય કરી શકશે કે નહીં તે તો સમય જ કહેશેઅક્ષય કુમાર ફરી એકવાર દક્ષિણની સુપર હિટ ફિલ્મના રિમેકમાં જોવા મળશે. તાજેતરમાં જ સમાચાર આવ્યા છે કે અક્ષય મલયાલમ બ્લોકબસ્ટર ફિલ્મ ઓપ્પમ (૨૦૧૬) ની હિન્દી રિમેકમાં સૈફ અલી ખાન સાથે કામ કરશે. આ પ્રોજેક્ટનું દિગ્દર્શન પ્રિયદર્શન કરશે, જેમણે મૂળ ફિલ્મનું પણ દિગ્દર્શન કર્યું હતું. આ સમાચાર એવા સમયે આવ્યા છે જ્યારે અક્ષયની તાજેતરની રિમેક ફિલ્મો જેમ કે સરફિરા, ખેલ ખેલ મેં અને સેલ્ફી બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગઈ છે. ઓપ્પમ એક થ્રિલર ડ્રામા ફિલ્મ છે જેમાં મોહનલાલ જયરામન તરીકે અભિનય કરે છે, જે એક દૃષ્ટિહીન માણસ જે પોતાની અસાધારણ ઈન્દ્રિયો (ગંધ, શ્રવણ અને સ્પર્શ) નો ઉપયોગ કરીને એક રહસ્ય ઉકેલે છે. ફિલ્મમાં, જયરામન એક નિવૃત્ત જજની પુત્રીને એક ગુનેગારથી બચાવવાનો પ્રયાસ કરે છે જેને જજે સજા ફટકારી હતી. આ હિન્દી રિમેકમાં સૈફ અલી ખાન મુખ્ય ભૂમિકામાં અને અક્ષય કુમાર ખલનાયક તરીકે જોવા મળશે, જે તેની કારકિર્દીમાં એક નવો અને રોમાંચક વળાંક છે. અહેવાલો અનુસાર, સૈફ આ ભૂમિકા માટે કલારીપયટ્ટુ (પરંપરાગત માર્શલ આર્ટ) શીખી રહ્યો છે જેથી તે જયરામનની તીવ્રતાને પડદા પર બહાર લાવી શકે.આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટ ૨૦૨૫માં શરૂ થશે અને તે ૨૦૨૬ ના બીજા ભાગમાં રિલીઝ થવાની યોજના છે. જોકે, અક્ષયની તાજેતરની રિમેક ફિલ્મોની નિષ્ફળતાએ ચાહકોને ચિંતામાં મૂકી દીધા છે. સરફિરા (સૂરરાય પોટ્રુ), સેલ્ફી (ડ્રાઈવિંગ લાઈસન્સ) અને બચ્ચન પાંડે (જીગરથંડા) જેવી ફિલ્મો દર્શકોને પ્રભાવિત કરવામાં નિષ્ફળ ગઈ.



આ ફિલ્મનું શૂટિંગ ઓગસ્ટમાં શરૂ થશે

# નવીન બાબુ ઘંટા(નાની)ની ફિલ્મે ત્રણ દિવસમાં બજેટ કરતા વધુ કમાઈ લીધા

આ અઠવાડિયે, જ્યારે અજય દેવગણની ફિલ્મ રેડ ૨ બોલીવુડમાં રિલીઝ થઈ હતી, ત્યારે દક્ષિણ ભારતમાં એક સાથે બે શાનદાર ફિલ્મો રિલીઝ થઈ હતી, જેનાથી લોકોનો આ અઠવાડિયું જીવંત બની ગયું હતું. સાઉથ સ્ટાર નાનીની ફિલ્મ હિટ ૩ માત્ર ત્રણ દિવસમાં જ ખૂબ જ સફળ થઈ ગઈ છે. તે જ સમયે, દક્ષિણ સુપરસ્ટાર સૂર્યાની ફિલ્મ રેટ્રો પણ સ્પર્ધામાં છે. ચાહકો ઘણા સમયથી બંને ફિલ્મોની રાહ જોઈ રહ્યા હતા. કમાણીની વાત કરીએ તો, નાનીની હિટ ૩ એ પહેલા ત્રણ દિવસમાં સૂર્યાની રેટ્રોને પાછળ છોડી દીધી છે. બંને ફિલ્મોના શરૂઆતના પ્રદર્શનને જોતાં, એ સ્પષ્ટ થાય છે કે હિટ ૩ એ કમાણીની દોડમાં રેટ્રોને હરાવી દીધી છે.હિટ ૩ વિશે વાત કરીએ તો, આ હિટ ફ્રેન્ચાઈઝીનો ત્રીજો ભાગ છે. આમાં નાની એક પોલીસ અધિકારીના રોલમાં ખૂબ જ સુંદર લાગી રહ્યો છે અને ફિલ્મમાં જબરદસ્ત એક્શનને લોકોનો ઘણો પ્રેમ મળી રહ્યો છે. આ ફિલ્મે શરૂઆતના દિવસે ૨૦ કરોડની કમાણી કરી હતી અને સંકેત આપ્યો હતો કે આ વખતે નાનીની સરકાર આવશે. માત્ર ૬૦ કરોડના બજેટમાં બનેલી, હિટ ૩ એ માત્ર ત્રણ દિવસમાં તેના બજેટ કરતાં વધુ કમાણી કરીને નિર્માતાઓને ખુશ કર્યા છે. જો આપણે રેટ્રો વિશે વાત કરીએ, તો નિર્માતાઓ નિરાશ થઈ શકે છે. એકંદરે, નાનીની આ શાનદાર ફિલ્મે ત્રણ દિવસમાં ૮૨ કરોડથી વધુ કમાણી કરીને લોકોને આશ્ચર્યચકિત કરી દીધા છે.તે જ સમયે, સૂર્યા મુખ્ય ભૂમિકામાં અભિનીત રેટ્રોએ કમાણીના સંદર્ભમાં નિર્માતાઓને ચોક્કસપણે નિરાશ કર્યા છે. આ ફિલ્મ ૧ મેના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થઈ હતી. કાર્તિક સુબ્બારાવ દ્વારા દિગ્દર્શિત આ ફિલ્મથી દક્ષિણ ઉદ્યોગને ઘણી અપેક્ષાઓ હતી. એવું કહેવામાં આવી રહ્યું હતું કે રવિવાર હોવાથી ફિલ્મની કમાણીમાં મોટો ઉછાળો આવશે, પરંતુ રવિવારે પણ ફિલ્મે ખાસ કમાણી કરી ન હતી. રવિવારે રેટ્રોએ સ્થાનિક સ્તરે ૮ કરોડની કમાણી કરી છે જે નિર્માતાઓની અપેક્ષાઓ પર ખરી ઉતરી નથી. અત્યાર સુધી રેટ્રોનું કુલ કલેક્શન ૪૩ કરોડ રૂપિયા સુધી પહોંચી ગયું છે. આ ફિલ્મ ૬૦ કરોડ રૂપિયાના ખર્ચે બનાવવામાં આવી હતી અને તેથી તેને સફળ થવા માટે ઘણી વધુ કમાણી કરવી પડશે.






કમાણીની વાત કરીએ તો, નાનીની હિટ 3 એ પહેલા ત્રણ દિવસમાં સૂર્યાની રેટ્રોને પાછળ છોડી દીધી છે

### મારી મરજી હું ગમે તેવી દેખાઉં'

# બોડી શેમિંગ કરનારા પર ભડકી

## ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરાયો હતો


બિગ બોસ ઓટીટી-૩ વિનર સના મકબૂલના ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો. આ વીડિયોમાં સના મકબૂલે બોડી શેમિંગ વિશે વાત કરી છે. સના મકબૂલે એ ટ્રોલ્સને જવાબ આપ્યો છે જેઓ અભિનેત્રીને તેના વધેલા વજનને લઈને સવાલ કરી રહ્યા હતા. એક્ટ્રેસે વીડિયોમાં શેર કર્યુ કે, 'કદાચ લોકોને ખબર નથી કે હું કેવા સમયમાંથી પસાર થઈ રહી છું.'સનાએ વીડિયોમાં કહ્યું કે, 'નમસ્તે મિત્રો, તમારામાંથી ઘણાં મને કહે છે કે, 'મારું વજન વધી ગયું છે. ગાલ ફૂલી ગયા છે. સાચું કહું તો પહેલા આનાથી ફરક પડતો હતો પણ હવે નથી પડતો. આ મારું શરીર છે. હું કેવી દેખાઉં છું તે મારી પસંદગી છે. મને લાગે છે કે, હું ખૂબ જ સુંદર દેખાઉં છું.' મારી મરજી હું ગમે તેવી દેખાઉં' બિગ બોસ ઓટીટી-૩ વિનર સના મકબૂલના ફેન પેજ દ્વારા ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કરવામાં આવ્યો હતો સનાએ તેની સ્થિતિ અંગે સંકેત આપતા કહ્યું કે, 'કોઈનું બોડી શેમિંગ કરતા પહેલા તેમના વિશે જાણો. કદાચ તે કોઈક પરિસ્થિતિમાંથી પસાર થઈ રહ્યા હશે અથવા કોઈ આરોગ્ય સંબંધિત કારણ હોઈ શકે છે. ગમે તે થાય. તમને ખબર નથી તો આવીને સવાલો નહીં કરો.'




# બેબી બમ્પ સાથે કિયારાનું મેટ ગાલામાં રેમ્પ વોક

## કિયારા અડવાણી બેબી બમ્પ સાથે કાર્પેટ પર ચાલનારી પહેલી ભારતીય અભિનેત્રી બની

બોલિવૂડ અભિનેત્રી કિયારા અડવાણીએ મેટ ગાલા ૨૦૨૫માં એક આકર્ષક શરૂઆત કરી. આ વર્ષે, થીમ સુપરફાઈનઃ બ્લેક સ્ટાઈલનું ટેલરિંગ છે. ગૌરવ ગુપ્તા દ્વારા ડિઝાઈન કરાયેલ આ અભિનેત્રીએ ફેશનના સૌથી મોટા વૈશ્વિક મંચ પર ભારતીય શ્રેષ્ઠતાનું પ્રદર્શન કર્યું. એક ઐતિહાસિક ક્ષણમાં, તે મેટ ગાલા કાર્પેટ પર તેના બેબી બમ્પ સાથે શણગારેલી પ્રથમ ભારતીય અભિનેત્રી બની, જેનાથી તેના પ્રતિષ્ઠિત દેખાવમાં ઊંડાણ અને પ્રતીકવાદ ઉમેરાયો. પ્રખ્યાત ભારતીય ડિઝાઈનર દ્વારા કસ્ટમ કોચર રચનામાં સજ્જ, કિયારાના લુકે તેના સાંસ્કૃતિક મૂળ અને તેના ઉત્ક્રાંતિની ઉજવણી કરી.તેમનું પોશાક, બ્રેવહાર્ટ્સ શીર્ષક, સ્ત્રીત્વ, વંશ અને પરિવર્તનને શ્રદ્ધાંજલિ હતું. આ ગાઉનમાં ઘૂંઘરુ અને સ્ફટિકોથી શણગારેલું પ્રાચીન સોનાનું બ્રેસ્ટપ્લેટ હતું. બે પ્રતીકાત્મક સ્વરૂપો, મધર હાર્ટ અને બેબી હાર્ટ, એક સાંકળ નાળ દ્વારા જોડાયેલા હતા, જે દષ્ટિની રીતે માતૃત્વના બંધનનું વર્ણન કરે છે. આ દેખાવમાં સુપ્રસિદ્ધ ફેશન એડિટર અને બ્લેક આઈકોન સ્વર્ગસ્થ આન્દ્રે લિયોન ટેલીને પણ શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જે એક નાટકીય ડબલ-પેનલવાળા કેપ દ્વારા રજૂ કરવામાં આવ્યું હતું - જે તેમના પ્રતિષ્ઠિત સિલુએટ્સ અને ફેશન જગત પરના પ્રભાવને દર્શાવે છે. ભારતીય કારીગરીને વૈશ્વિક પ્રતીકવાદ સાથે મિશ્રિત કરીને, કિયારાનો દેખાવ એક વ્યક્તિગત સીમાચિહ્નરૂપ અને એક વ્યક્તિગત સીમાચિહ્નરૂપ અને એક શક્તિશાળી સાંસ્કૃતિક નિવેદન બંને હતો. મેટ ગાલામાં ઘણા બોલિવૂડ સેલેબ્સ પોતાનો જલસો બતાવતા જોવા મળશે. સિદ્ધાર્થ પણ તેની પત્નીને ટેકો આપવા માટે ન્યૂયોર્ક પહોંચી ગયો છે. મેટ ગાલા ૨૦૨૫માં ઘણા સેલેબ્સ પોતાની ફેશન સેન્સથી લોકોને પ્રભાવિત કરવા માટે તૈયાર છે. મેટ ગાલા મે મહિનાના પહેલા સોમવારે યોજાય છે. મેટ ગાલા આજે યોજાવા જઈ રહ્યો છે. આ વખતે કિયારા અડવાણી ડેબ્યૂ કરવા જઈ રહી છે. કિયારા અડવાણી તેના ડેબ્યૂ માટે ન્યૂયોર્ક પહોંચી ગઈ છે. સિદ્ધાર્થ મલ્હોત્રા પણ તેની ગર્ભવતી પત્નીને ટેકો આપવા માટે ન્યૂયોર્ક પહોંચી ગયો છે. સિદ્ધાર્થે ન્યૂયોર્કથી વર્કઆઉટ કરતા પોતાના ફોટા શેર કર્યા છે.સિદ્ધાર્થ મલ્હોત્રા તેની પત્ની કિયારા અડવાણીનું ખાસ ધ્યાન રાખી રહ્યા છે.કિયારા અડવાણીએ ફેશન ઈવેન્ટમાંથી પોતાનો પહેલો ફોટો પણ શેર કર્યો છે. આ ફોટો જોયા પછી તેના ચાહકો ખૂબ જ પ્રભાવિત થયા છે. આ ઘટના કિયારા માટે ખૂબ જ ખાસ છે. તે પહેલી વાર વૈશ્વિક પ્લેટફોર્મ પર ભારતનું પ્રતિનિધિત્વ કરી રહી છે અને બીજું, તે બેબી બમ્પ સાથે ચાલશે. બધા મેટ ગાલા શરૂ થવાની રાહ જોઈ રહ્યા છે. જેથી તેઓ ફોટા જોઈ શકે. કિયારા અડવાણી ઉપરાંત શાહરૂખ ખાન પણ મેટ ગાલામાં જોવા મળશે. આ વર્ષે ગાયક દિલજીત દોસાંઝ પણ રેડ કાર્પેટ પર જોવા મળશે.કિયારા અડવાણીએ થોડા સમય પહેલા એક ખાસ રીતે તેની જાહેરાત કરી હતી. બંનેએ હાથમાં બેબી મોજાં પકડીને એક ફોટો શેર કર્યો. ફોટો શેર કરતી વખતે તેણે લખ્યું - આપણા જીવનની સૌથી મોટી ભેટ ટૂંક સમયમાં આવી રહી છે.



### યુવા આપદા મિત્ર યોજના હેઠળ

# ૬ ગુજરાત ગર્લ્સ બટાલીયન એનસીસી, સુરતના ૫૪૩ ગર્લ્સ કેડેટ્સને આપત્તિ વ્યવસ્થાપનની તાલીમ અપાઈ

### કેડેટ્સમાં આપત્તિના સમયે તત્કાળ સહાય, પ્રાથમિક સારવાર અને રક્ષણાત્મક પગલાં અંગે જાગૃતિ અને કુશળતા વિકસાવવા તાલીમ અપાઈ





। (માહિતી) સુરત, તા.૨૧ ।

નર્મદા જિલ્લાના રાજપીપળાની સરકારી નવી કાયદા એકેડેમી ખાતે ગુજરાત રાજ્ય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ અને નેશનલ ડિસાસ્ટર મેનેજમેન્ટ ઓથોરિટી દ્વારા ભારત સરકારની યુવા આપદા મિત્ર યોજના હેઠળ સુરત જિલ્લાની ૬ ગુજરાત ગર્લ્સ બટાલીયન એનસીસી, એનએસએસ, એનવાયકેએસના કુલ ૫૪૩ ગર્લ્સ કેડેટ્સને સુરત જિલ્લાના માસ્ટર ટ્રેનર્સ તેમજ SDRF દ્વારા આપત્તિ વ્યવસ્થાપનની વિશિષ્ટ તાલીમ આપવામાં આવી હતી.સંયુક્ત વાર્ષિક તાલીમ કેમ્પ-૨૦૨૫ના ભાગરૂપે, કમાન્ડન્ટ કર્નલ જે. નિસોંકો અને ડેપ્યુટી કેમ્પ કમાન્ડન્ટ મેજર ભાવના લોહાની તેમજ યુવા આપદા મિત્રોની ટીમે કેડેટ્સને વિવિધ રોગની ઓળખ, સીપીઆર ટ્રેનિંગ, સીબીઆરએન, સીએસએસઆર, એમઈઆર, ઈએમએસની તાલીમ આપવામાં આવી હતી. તાલીમનો હેતુ કેડેટ્સમાં આપત્તિના સમયે તત્કાળ સહાય, પ્રાથમિક સારવાર અને રક્ષણાત્મક પગલાં અંગે જાગૃતિ અને કુશળતા વિકસાવવાનો છે.

આ કેમ્પ દરમિયાન ભારત સરકાર અને ગુજરાત સરકારની મુખ્ય યોજનાઓ પૈકીની એક યોજના યુવા આપદા મિત્ર યોજના (YAMS) અંતર્ગત રાજપીપળા ખાતે, SDRF ગુજરાતના યુનિટ ૧૧ તેમજ યુનિટ ૧૦ ના ૫ ઈન્સ્ટકટર તથા તાપી જિલ્લા ગ્રામરક્ષક દળના ૨ માસ્ટર ટ્રેનર દ્વારા તા.૧૨ જુલાઈ થી ૨૧ જુલાઈ ૨૦૨૫ તેમજ સુરત જિલ્લાના ૪ આપદામિત્રો માસ્ટર ટ્રેઈનર દ્વારા ૪ દિવસીય માસ્ટર ટ્રેનર્સની તાલીમનું આયોજન કરવામાં આવ્યું છે.

# સુરતના મોહસિન અલીમોહમ્મદ શેઠએ એશિયન પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશીપ-૨૦૨૫માં બે ગોલ્ડ મેડલ જીતીને ભારતનું નામ રોશન કર્યું



। (માહિતી) સુરત, તા.૨૧ ।

સુરતના રહેવાસી અને વ્યવસાયથી બિઝનેસમેન મોહસિન અલીમોહમ્મદ શેઠએ વિયતનામ ખાતે યોજાયેલી એશિયન પાવરલિફ્ટિંગ ચેમ્પિયનશીપ-૨૦૨૫માં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું અને શાનદાર સફળતા હાંસલ કરી. મોહસિન શેઠે **Master-1** કેટેગરીમાં કુલ ૪૯૫ કિલોગ્રામ વજન ઊંચકી પાવરલિફ્ટિંગમાં અને ડેડલિફ્ટ ઈવેન્ટમાં ગોલ્ડ મેડલ જીત્યા છે. આ આંતરરાષ્ટ્રીય સ્પર્ધામાં ચીન, જાપાન, ભારત, સિંગાપુર, કૂવૈત, બહેરિન, થાઈલેન્ડ, વિયતનામ, દક્ષિણ કોરિયા, નેપાળ, કઝાકિસ્તાન અને કિર્ગિસ્તાન જેવા દેશોના ખેલાડીઓએ ભાગ લીધો હતો. મોહસિનભાઈ છેલ્લા પાંચ વર્ષથી પાવરલિફ્ટિંગની દુનિયામાં સક્રિય છે અને પોતાની મહેનત, નિષ્ઠા અને અનોખી તૈયારીથી આજે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનું ગૌરવ વધાર્યું છે. તેમણે જણાવ્યું હતું કે, ‘‘આ મેડલ સખત મહેનતનું પરિણામ છે, પણ આ જીત મારા દેશ ભારતને સમર્પિત છે. મારા પરિવાર અને મિત્રોનો ટેકો હંમેશા મારા સાથે રહ્યો છે.’’ આ સિદ્ધિથી તેમણે સુરત શહેરનું ગૌરવ વધાર્યું છે.

# કામરેજની આખખોલ પ્રા.શાળામાં રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ હેઠળ વ્યસન મુક્તિ જાગૃતિ કાર્યક્રમ યોજાયો



। (માહિતી) સુરત, તા.૨૧ ।

રાષ્ટીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત ડિસ્ટ્રિક્ટ ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા કામરેજ ગ્રામ્ય પોલીસના સહયોગથી તમાકુમુક્તિ જાગૃતિ અભિયાન હાથ ધરાયુ હતું. જેમાં કામરેજની આખખોલ પ્રા.શાળામાં ‘‘એક પેડ મા કે નામ’’ કાર્યક્રમ હેઠળ બાળકોને તમાકુથી થતા નુકસાન, રોગો વિષે ઊંડાણપૂર્વક સમજ અપાઈ હતી.દેશના ભાવિ સમાન બાળકોને તમાકુનું સેવન નહીં કરવા અને શારીરિક-માનસિક સ્વાસ્થ્યની યોગ્ય દર-કાર કરવા અપીલ કરાઇ હતી. સાથે જ આ પ્રસંગે પોલીસ વિભાગ દ્વારા બાળકોને વ્યસનમુક્ત સ્વસ્થ જીવન જીવવાના આગ્રહી બનવા પ્રોત્સાહિત કરાયા હતા. આ પ્રસંગે ડિસ્ટ્રિક્ટ ટોબેકો કંટ્રોલ સેલના સામાજિક કાર્યકર્તા મુકેશભાઈ શ્રીવાસ્તવ,



ટોબેકો કંટ્રોલ સેલના એપિડેમોલોજીસ્ટ ડૉ.પરેશ સુરતી સહિત પોલીસ અને ટોબેકો સેલના વિવિધ અધિકારી/કર્મચારીઓ તેમજ શાળાનો સ્ટાફ અને મોટી સંખ્યામાં બાળકો હાજર રહ્યા હતા.

# ગુજરાતની કેરીએ સ્થાનિક બજારોની સીમાઓ વટાવીને આંતરરાષ્ટ્રીય બજારોમાં ધૂમ મચાવી

### ગુજરાતમાં ફળ-ફૂલ પાકના કુલ વાવેતર વિસ્તારના ૩૭ ટકા વિસ્તારમાં (૧.૭૭ લાખ હેક્ટર) માત્ર કેરીની ખેતીઃ કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલ

। (માહિતી) ગાંધીનગર, તા.૨૧ ।

ભારતને વિશ્વનો સૌથી મોટો કેરી ઉત્પાદક દેશ બનાવવામાં ગુજરાતનું યોગદાન હંમેશા નોંધપાત્ર રહ્યું છે. આજે ગુજરાતની કેરી, ખાસ કરીને તેની અનોખી સુગંધ અને સ્વાદ માટે જાણીતી કેસર કેરી માત્ર સ્થાનિક બજારો જ નહીં, પરંતુ આંતરરાષ્ટ્રીય સ્તરે પણ ધૂમ મચાવી રહી છે. છેલ્લા કેટલાક વર્ષોમાં ગુજરાતે કેરીની નિકાસમાં નવા કીર્તિમાનો સ્થાપિત કર્યા છે, જે રાજ્ય સરકારના દૂરંદેશી પ્રયાસોનું પરિણામ છે.

ગુજરાતના કેરી ઉત્પાદક ખેડૂતો દ્વારા રાજ્ય સરકારના પ્રોત્સાહનથી વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન કુલ ૮૫૬ મેટ્રિક ટનથી વધુ કેરીની નિકાસ કરવામાં આવી છે. એટલું જ નહીં, વર્ષ ૨૦૧૯-૨૦ થી ૨૦૨૪-૨૫ સુધીના ગત પાંચ વર્ષના ગાળામાં રાજ્યમાંથી કુલ ૩,૦૦૦ મેટ્રિક ટનથી વધુ કેરીની અમેરિકા અને દક્ષિણ આફ્રિકા સહિતના વિવિધ દેશોમાં નિકાસ કરવામાં આવી છે. જેના પરથી અંદાજ લગાવી શકાય કે, ગુજરાતની કેરીની વૈશ્વિક સ્તરે બોલબાલા અને માંગ સતત વધી રહી છે.

આ સંદર્ભે કૃષિ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, ગુજરાતની કેસર કેરીની લોકચાહના સતત વધી રહી છે. કેરીની વૈશ્વિક માંગને પહોંચી વળવા ગુજરાતમાં કેરી-આંબાની ખેતીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર દ્વારા વિવિધ પ્રોત્સાહન આપવામાં આવી રહ્યા છે.

જેના પરિણામ સ્વરૂપે આજે ગુજરાતમાં બાગાયતી ફળ-ફૂલ પાકના કુલ ૪.૭૧ લાખ હેક્ટરથી વધુ વાવેતર વિસ્તાર પૈકી ૧.૭૭ લાખ હેક્ટરથી વધુ વિસ્તાર એટલે કે, ૩૭ ટકા વિસ્તારમાં માત્ર કેરીની ખેતી કરવામાં આવી રહી છે. રાજ્યમાં અનુકૂળ આબોહવા અને જમીનની વિવિધતાના પરિણામે કેસર કેરી ઉપરાંત હાફુસ, રાજાપુરી, તોતાપુરી અને સોનપરી જેવી વિવિધ કેરીની જાતો ઉગાડવામાં આવે છે, તેમ મંત્રીશ્રીએ ઉમેર્યુ હતું. કૃષિ મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં કેરી માટેના આંબાનું સૌથી વધુ વાવેતર વલસાડ, નવસારી, ગીર-સોમનાથ, કચ્છ અને સુરત જિલ્લામાં થાય છે. વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ગુજરાતના વલસાડ જિલ્લામાં સૌથી વધુ ૩૮,૦૦૦ હેક્ટર, નવસારી જિલ્લામાં ૩૪,૮૦૦ હેક્ટર, ગીર સોમનાથ જિલ્લામાં ૧૮,૪૦૦ હેક્ટર, કચ્છ જિલ્લામાં ૧૨,૦૦૦ હેક્ટર તેમજ સુરત જિલ્લામાં ૧૦,૨૦૦ હેક્ટરથી વધુ વિસ્તારમાં કેરીનું વાવેતર કરવામાં આવ્યું હતું.

ગુજરાતની તલાલા ગીરની કેસર કેરી સમગ્ર વિશ્વમાં સૌથી વધુ પ્રખ્યાત છે, જેની ગુણવત્તાના કારણે કેસર કેરીને જૈ ટેગ એટલે કે, જીઓગ્રાફિકલ ઈન્ડિકેશન ટેગ પણ પ્રાપ્ત થયો છે. ગીર ઉપરાંત, કચ્છમાં પણ કેસર કેરીની ખેતીનું પ્રમાણ વધ્યું છે, તેમ પણ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

# વડોદરા-પાદરા રોડ સંપૂર્ણ દુરસ્તઃ યુદ્ધના ધોરણે સમારકામ પૂર્ણ



। (માહિતી) વડોદરા, તા.૨૧ ।

વડોદરા જિલ્લામાં માર્ગ અને મકાન વિભાગ દ્વારા માર્ગ મરામતની કામગીરી મિશન મોડમાં હાથ ધરવામાં આવી છે, જેના પરિણામે વડોદરા-પાદરા રોડ સંપૂર્ણપણે દુરસ્ત કરી દેવામાં આવ્યો છે. રાજ્યના નાગરિકોને અવરજવરમાં મુશ્કેલી ન પડે તે માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના દિશાનિર્દેશો મુજબ વરસાદથી ક્ષતિગ્રસ્ત રસ્તાઓના સમારકામનું કાર્ય યુદ્ધના ધોરણે હાથ ધરવામાં આવ્યું હતું. માર્ગ અને મકાન વિભાગના મદદનીશ ઈજનેર શ્રી કૌશિકભાઈ પ્રજાપતિએ વિગતો આપતા જણાવ્યું હતું કે, એક જ દિવસમાં વડોદરા-પાદરા માર્ગ પર ૮ કિલોમીટરની લંબાઈમાં રસ્તા પર ૨૦૦ જેટલા નાના-મોટા ખાડાઓને પૂરીને રિપેરિંગ કાર્ય પૂર્ણ કરવામાં આવ્યું છે. આ કામગીરી માટે કુલ ૪૨ ટન ડામરનો ઉપયોગ કરવામાં આવ્યો હતો, જેમાં ૧ રોલર, ૧ ડમ્પર અને ૧૭ શ્રમિકોની ટીમે ભારે વરસાદના કારણે થયેલા ખાડાઓ અને ક્ષતિઓને સુધારવા માટે સઘન પ્રયાસો કર્યા હતા. આ કામગીરી અધિકારીઓની દેખરેખ હેઠળ સરકારશ્રીની સૂચના મુજબ પૂર્ણ કરવામાં આવી છે.

હવે વડોદરા-પાદરા માર્ગ સંપૂર્ણપણે સુરક્ષિત અને સુવિધાજનક બન્યો છે, જેનાથી પ્રવાસીઓને સરળતાથી અવરજવર કરી શકાશે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા અન્ય ક્ષતિગ્રસ્ત માર્ગોની મરામતનું કાર્ય પણ પૂરજોશમાં ચાલી રહ્યું છે.

# વડોદરા જિલ્લાના ૮૬ ગ્રામ્ય માર્ગોને વરસાદ પછી પણ ના થયું નુકસાન

### જિલ્લા પંચાયત હેઠળના ડીએલપી અને નોન ડીએલપી માર્ગો ત્રણેક ચોમાસ પછી પણ રહ્યા અક્ષત



। (માહિતી) વડોદરા, તા.૨૧ ।

વડોદરા શહેર અને જિલ્લામાં માર્ગો ઉપર ચોમાસ દરમિયાન પડેલા ખાડાઓ પૂરવાનું અભિયાન ચાલી રહ્યું છે. વાહનચાલકોને મુશ્કેલી ના પડે એ માટે નાનામોટા ખાડાઓ હોટ મિક્સ અને વેટ મિક્સથી પૂરવામાં આવી રહ્યા છે. લગાતાર ચાલી રહેલા અભિયાન વચ્ચે એક સુંદર વાત એ પણ જાણવા મળી છે કે જિલ્લામાં પંચાયત હેઠળના ૮૬ માર્ગો એવા છે કે જે માર્ગો છેલ્લા ત્રણેક ચોમાસામાં અક્ષત રહ્યા છે.

માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તક વડોદરા જિલ્લામાં કુલ ૨૬૧૫ કિલોમિટર ના માર્ગો આવેલા છે. એમાં મુખ્યત્વે ગામોના આંતરિક માર્ગો ઉપર બે ગામો વચ્ચે કડીરૂપ માર્ગો, ગામને મુખ્ય રાજમાર્ગ સાથે જોડતા રસ્તાઓનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકાર દ્વારા વિવિધ યોજનાઓ હેઠળ આ માર્ગો બનાવવામાં આવે છે. ખાસ કરીને પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજનાએ આસપાસમાં આવેલા બે ગામોને જોડવામાં આ યોજનાએ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરી છે. માર્ગ અને મકાન વિભાગ પંચાયત હસ્તકના ઉક્ત કુલ કિલોમિટર પૈકી ૧૩૮૦ કિલોમિટર નોન ડિફેક્ટિવ લાયબિલીટી પિરીયડ અને ૯૩૮ માર્ગો ડીએલપી હેઠળના છે. ડીએલપી હેઠળના માર્ગો ઉપર નિયત સમયગાળા દરમિયાન જો નુકસાન થાય તો તે રિપેર કરવાની જવાબદારી સંબંધિત કોન્ટ્રાક્ટરની





રહે છે. છેલ્લા ત્રણેક ચોમાસા દરમિયાન જિલ્લા પંચાયતના માર્ગો નુકસાન રહિત રહેવાનું પ્રમાણ નોંધનીય છે. તાલુકા વાર આવા માર્ગોની સંખ્યા જોઈએ તો કરજણ તાલુકામાં ૨૭, પાદરામાં ૧૦, વાઘોડિયામાં ૫, ડભોઈ-શિનોરમાં ૧૭, સવાલી-ડેસરમાં ૧૬ અને વડોદરા તાલુકામાં ૧૧ માર્ગો નુકસાન રહી રહ્યા છે. હાલમાં માર્ગોમાં ખાડા પડવાના મુખ્ય કારણોમાં માર્ગ નીચે જમીનનું બંધારણ, ભારે વાહનોની સતત અવરજવર સહિતના કારણો મુખ્ય છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમે નિરાંત અનુભવશો તથા મોજ-મજા માટે યોગ્ય મૂડમાં હશો. આજે તમારી સામે રજૂ કરવામાં આવતી રોકાણ યોજનાઓ તરફ તમારે બેવાર જોઈ લેવું. મિત્રો સાથેની પ્રવૃત્તિઓ માણવાલાયક હશે- પણ સામે ચાલીને ખર્ચ કરવાની તૈયારી દેખાડતા નહીં-અન્યથા તમે ઘરે ખાલી ખિસ્સે પહોંચો એવી શક્યતા છે. પ્રેમ પ્રકરણમાં તમને ખાટી રીતે લેવામાં આવે એવી સક્યતા છે.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજે દિવસની શરૂઆત તમે યોગ અને ધ્યાન થી કરી શકો છો? આવું કરવું તમારા માટે ફાયદાકારક રહેશે અને તમારી અંદર ઉર્જા કાયમ રહેશે? આર્થિક સમસ્યાઓ રચનાત્મક રીતે વિચારવાની તમારી ક્ષમતાને હાનિ પહોંચાડશે. પરિવારના સભ્યો સાથે શાંતિભર્યો દિવસ માણો-લોકો જો સમસ્યાઓ સાથે તમારો સંપર્ક સાધે- તેમને અવગણો અને તેની અસર તમારા મગજ પર થવા ન દો.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે સંતોષી જીવન માટે તમારી માનસિક દ્રઢતામાં વધારો કરો. પ્રૉપર્ટીને લગતા સોદા સાકાર થશે તથા અકલ્પ્ય લાભ લાવશે. ઘરના સુશોભીકરણની સાથે બાળકોની જરૂરિયાતોનું પણ ધ્યાન રાખજો. સુવ્યવસ્થિત હોવા છતાં બાળકો વિનાનું ઘર આત્મા વિનાનું લાગે છે. બાળકો ઘરની ખુશીમાં ચાર ચાંદ લગાડે છે. આજે તમારા પ્રેમી કે પ્રેમિકાને નિરાશ ન કરતા.



**કર્ક (ડ,હ) :**

આજે અન્યો સાથે ખુશી વહેંચવાથી તમારા સ્વાસ્થ્યમાં સુધારો થશે. શંકાસ્પદ આર્થિક સોદાઓમાં સંડોવાઈ ન જાવ તેની તકેદારી રાખજો. તમારા બાળકોની સમસ્યાઓ સાથે કામ લેવા માટે થોડોક સમય કાઢો. ઉત્સાહજનક દિવસ કેમ કે આજે તમને તમારા પ્રિયપાત્રનો કૉલ આવશે. સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં ભાગ લેનારાઓએ મગજ શાંત રાખવું.



**સિંહ (મ,ટ) :**

આજના દિવસે સફળતા હાથવેંતમાં હોવા છતાં શક્તિનો ક્ષય થતો લાગશે. કોઈ ની મદદ લીધા વગર પણ તમે ધન કમાવી શકો છો તમને માત્ર પોતાની જાત પર વિશ્વાસ કરવો પડશે? કોઈક જૂની ઓળખાણ તમારી માટે સમસ્યા ઊભી કરી શકે છે. દરેક વસ્તુ પર પ્રેમ બતાવવો તે યોગ્ય નથી, આના થી તમારા સંબંધો સુધારવા ને બદલે બગડી શકે છે.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે આનંદ-પ્રમોદ અને મોજ-મજાનો દિવસ. તમામ જવાબદારીઓ તથા આર્થિક વ્યવહારો સાવચેતીપૂર્વક પાર પાડવા. બાળકો વધુ ધ્યાનની માગ કરશે-પણ તેઓ સહાયક અને દેખભાળભર્યું વર્તન કરશે. આજનો દિવસ તમારી આસપાસ ગુલાબની સુગંધ લાવશે. પ્રેમના અતિઆનંદને માણો. આજે તમને એ વાસ્તવિકતા જાણવા મળશે કે તમારા બૉસ શા માટે તમારી સાથે દર વખતે આટલા આકરા કેમ છે.



**તુલા (ર,ત) :**

આજના દિવસે વધુ પડતો ઉત્સાહ તથા ધમાકેદાર જુસ્સો તમારા ચેતાતંત્રને અસર કરી શકે છે, આ બાબત ટાળવા માટે તમારી લાગણીઓ પર અંકુશ મુકો. એમ તો આજે નાણાકીય પક્ષ સારું રહેશે પરંતુ તમને આ પણ ધ્યાન રાખવું હશે કે તમે તમારા પૈસા નકામા ખર્ચ ના કરો. કેટલાક લોકો માટે- પરિવારમાં કોઈ નવી વ્યક્તિનું આગમન ઉજવણી અને પાર્ટીની ક્ષણો લાવશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે એક કરતાં વધારે નર્વસબ્રેકડાઉન તમારી પ્રતિકાર તથા વિચારવાની શક્તિને હાનિ પહોંચાડી શકે છે. તમારી જાતને હકારાત્મક વિચારસરણી સાથે બીમારી સામે લડવા પ્રેરો. દિવસના ઉત્તરાર્ધમાં આર્થિક સ્થિતિ સુધરશે. નવું પારિવારિક સાહસ શરૂ કરવા માટે શુભ દિવસ. આ સાહસને સફળ બનાવવા માટે પરિવારના સભ્યની મદદ લો.



**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે શારીરિક માંદગીમાંથી સાજા થવાની શક્યતા છે, જે તમને રમતગમતની સ્પર્ધામાં ભાગ લેવામાં મદદરૂપ થશે. નાણાંપ્રવાહમાં વધારો મહત્વની ખરીદી કરવી તમારી માટે આસાન બનાવશે. સામાજિક કાર્યક્રમો વગદાર તથા મહત્વના લોકો સાથે સંબંધ સુધારવા માટેની શ્રેષ્ઠ તક સાબિત થશે. પ્રેમ જીવન આજે વિવાદાસ્પદ બની શકે છે.



**મકર (ખ,જ) :**

આજે તમારી જાતને બિનજરૂરીપણે ઉતારી પાડવી એ બાબત ઉત્સાહ ઘટાડી શકે છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો. તમારા મિત્રો તથા પરિવારના સભ્યો સાથે એક સાંજનું આયોજન કરો. માત્ર સ્પષ્ટ સમજદારીથી તમે તમારી પત્નીને લાગણીશીલ ટેકો આપી શકશો. નવા ગ્રાહકો સાથે વાટાઘાટો ચલાવવા માટે અદભુત દિવસ.



**કુંભ (ગ,શ,સ) :**

આજે સ્વાસ્થ્યની બાબતમાં તમારી જાતની અવગણના ન કરવાની સાવચેતી રાખજો. જે લોકો લઘુ ઉદ્યોગ કરે છે તે લોકો ને આજે પોતાના કોઈ નજીકી દ્વારા સલાહ મળી શકે છે જેના દ્વારા તેમને આર્થિક લાભ થવા ની શક્યતા છે. ઘરમાં કેટલાક ફેરફારો તમને ખાસ્સા સંવેદનશીલ બનાવી દેશે- પણ તેમ તમારી લાગણીઓ અસરકારક રીતે જેમનું મહત્વ છે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારો વિપુલ આત્મવિશ્વાસ તથા કામનું સરળ સમયપત્રક તમને આજે હળવા થવાનો પૂરતો સમય આપશે. ધન ની આવક તમને આજે ઘણી આર્થિક મુશ્કેલીઓ થી દૂર કરી શકે છે. તમારો જિદ્દી સ્વભાવ તમારા માતા-પિતાની શાંતિને નુકસાન પહોંચાડી શકે છે. તમારે તમની સલાહ પર ધ્યાન આપવાની જરૂર છે. બધાને આહત કરવા કરતાં કહ્યાગરા બનવું સારૂં.

## અમેરિકન ગોલ્ડન કિસમિસનું સેવન કરો છો, તો સાવચેત થઈ જજો

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૨૧ ।

જો તમે તમારા આરોગ્ય પ્રત્યે સજાગ છો અને અમેરિકન ગોલ્ડન કિસમિસનું સેવન કરો છો, તો સાવચેત થઈ જજો. યુએસ ફૂડ એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન (FDA) એ હાલમાં જ આ અંગે એક નોટિસ જારી કરી છે, જેમાં ગોલ્ડન કિસમિસના પેકને બજારમાંથી પાછા ખેંચવાનો આદેશ આપવામાં આવ્યો છે. FDA એ તેની નોટિસમાં કહ્યું છે કે ગોલ્ડન કિસમિસના પેકમાં એક કેમિકલ મળી આવ્યું છે, જેમાં કિસમિસનું સેવન કરનારાઓને જીવનો જોખમ છે. આ આદેશ બાદ ન્યુ જર્સીના નિર્વાણ ફૂડ્સે બજારમાંથી તેના ૨૮ ઔંસ ગોલ્ડન કિસમિસના પેકેટ પરત મંગાવી લેવામાં આવ્યા છે. FDA ના કહેવા પ્રમાણે આ કિસમિસના પેકેટમાં સલ્ફાઈટ્સ મળી આવ્યું છે, જે મનુષ્યોમાં ગંભીર એલર્જી પેદા કરે છે. નોટિસમાં કહેવામાં આવ્યું છે કે આ કેમિકલ જીવલેણ પણ સાબિત થઈ શકે છે અને દર્દીઓને જીવલેણ એનાફિલેક્ટિક પ્રતિક્રિયાઓનો સામનો કરવો પડી શકે છે. હકીકતમાં કિસમિસની કાળાશ અને ગંદકી દૂર કરવા માટે શુદ્ધિકરણ દરમિયાન સલ્ફાઈટનો ઉપયોગ કરવામાં આવે છે, પરંતુ યુએસ સરકારના નિયમો પ્રમાણે ગોલ્ડન કિસમિસના પેકેટ પર તેનો સ્પષ્ટ ઉલ્લેખ કરવો ફરજિયાત છે. યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (સીડીસી) ના કહેવા પ્રમાણે આ કેમિકલ પણ ચિંતાનો વિષય છે, કારણ કે અમેરિકામાં લગભગ ૬ ટકા પુખ્ત વયના લોકો અને ૮ ટકા બાળકો એલર્જીક રોગોથી પ્રભાવિત છે. બજારમાંથી પાછા ખેંચવામાં આવેલા નિર્વાણ ફૂડ્સનો મોટો જથ્થો ન્યૂ યોર્કના મહારાજા સુપર માર્કેટ અને ન્યૂ જર્સી અને ન્યૂ યોર્કના વિલેજર ફાર્મર્સ માર્કેટ સ્ટોર્સમાં વેચાયો હતો. CDC પ્રમાણે સલ્ફાઈટના સેવનથી બીમાર અથવા સંવેદનશીલ વ્યક્તિનું મૃત્યુ કરી શકે છે. આ સિવાય, સામાન્ય લોકોને ગળામાં સોજો, શ્વાસ લેવામાં તકલીફ, બ્લડ પ્રેશરમાં અચાનક ઘટાડો અથવા બેભાન થવા જેવી સમસ્યાઓ થઈ શકે છે, જેને તાત્કાલિક સારવારની જરૂર છે. આ અસ્થમા અને દમના દર્દીઓ માટે કાળરુપ માનવામાં આવે છે. જો વિલંબ થાય તો મૃત્યુનું જોખમ રહેલું છે. તમને જણાવી દઈએ કે, ગોલ્ડન કિસમિસના સપ્લાયર્સ કિસમિસને સોનેરી રંગ આપવા અને તેને સાફ કરવા માટે સલ્ફર ડાયોક્સાઈડ અને સલ્ફાઈટ્સનો ઉપયોગ કરે છે. જો કે, ઘેરા રંગના ગોલ્ડન કિસમિસને આવા કેમિકલથી સફાઈની જરૂર નથી. મોટી વાત એ છે કે સલ્ફાઈટ્સ ટામેટાં, ડુંગળી અને વાઈન જેવા પદાર્થોમાં પણ કુદરતી રીતે જોવા મળે છે. ભારતમાં ગોલ્ડન કિસમિસને સુલ્તાના કિસમિસ પણ કહેવામાં આવે છે.

### ઢાકામાં પાક. સમર્થિત કટ્ટરવાદી પક્ષો, સંગઠનોએ હાથ મિલાવ્યા

## બાંગ્લાદેશમાં ઈસ્લામિક શાસન માટે મહારેલી, આતંક સમર્થિત સૂત્રોચ્ચાર

। (એજન્સી) ઢાકા, તા.૨૧ ।

બાંગ્લાદેશમાં કટ્ટરવાદીઓ દ્વારા ઈસ્લામિક શાસન લાગુ કરવાના પ્રયાસો વધી રહ્યા છે. એવામાં ઈસ્લામિક શાસનની તરફેણ કરતી દેશની સૌથી મોટી ઈસ્લામિક પાર્ટી જમાત-એ-ઈસ્લામીએ ઢાકામાં પોતાની પ્રથમ વિશાળ રેલી યોજી હતી. પાકિસ્તાન સમર્થક આ પાર્ટીએ બાંગ્લાદેશમાં પોતાની તાકાત દેખાડવાનો પ્રયાસ કર્યો હતો. તેની સાથે હિઝ્બ ઉત-તહરીર, વિલાયાહ બાંગ્લાદેશ, અંસાર અલ-ઈસ્લામ જેવા કટ્ટર ધાર્મિક સંગઠનો પણ એકઠા થયા હતા અને ખુલ્લેઆમ જેહાદ ઝિંદાબાદના નારા લગાવ્યા હતા. બાંગ્લાદેશમાં ઈસ્લામિક શાસન લાગુ કરવાના ઈરાદાથી કટ્ટરવાદી સંગઠનો, પક્ષો સક્રિય થઈ ગયા છે અને લોકોને ઉશ્કેરવા લાગ્યા છે. રાજધાની ઢાકામાં જમાત-એ-ઈસ્લામી સહિતના ઈસ્લામિક પક્ષો, સંગઠનો એકઠા થયા હતા. આ રેલીમાં બહુ જ મોટી સંખ્યામાં લોકો જોડાયા હતા. મંચ પરથી જમાત-એ-ઈસ્લામીના અધ્યક્ષ અમીર શફીકુર્રહમાને લોકોને હિંસાનો રસ્તો અપનાવવા ઉશ્કેર્યા હતા. બાંગ્લાદેશ મુક્તિ આંદોલનનો આ કટ્ટરવાદી પાર્ટીએ વિરોધ કર્યો હતો અને પાકિસ્તાની સૈન્યની સાથે મળીને બાંગ્લાદેશીઓની હત્યામાં જોડાઈ હતી.શેખ હસીનાએ આ પાર્ટી પર પ્રતિબંધ મુક્યો હતો જેને હાલની વચગાળાની મોહમ્મદ યુનુસ સરકારે હટાવી લીધો હતો. હવે જમાત-એ-ઈસ્લામી અને તેના સમર્થકો ખુલ્લેઆમ આતંકવાદનો રસ્તો અપનાવવા લોકોને ઉશ્કેરી રહ્યા છે. ઢાકાથી અનેક વીડિયો સામે આવ્યા છે જેમાં નેતાઓ લોકોને હિંસા કરવા કહી રહ્યા છે, નમાઝ બાદ મસ્જિદ પાસે આ કટ્ટરવાદીઓએ જેહાદ ચાહિયે જેહાદ ચાહિયેના નારા લગાવ્યા હતા. આ ઉપરાંત નારા-એ-તકબીર, અલ્લાહુ અકબર, કોણ છીએ આપણે? મિલિટેંટ, મિલિટેંટ, ઈસ્લામી બાંગ્લાદેશમાં કાફીરો માટે કોઈ જ જગ્યા નથી જેવા સુત્રોચ્ચાર થયા હતા. બાંગ્લાદેશમાં શેખ હસીનાની સરકાર સામે આંદોલનમાં આ કટ્ટરવાદી સંગઠનોનો હાથ હતો, શેખ હસીના હાલ ભારતમાં શરણ લઈને રહી રહ્યા છે.

### હોલિવૂડની સાયન્સ ફિક્શન ફિલ્મોને વાસ્તવિક બનાવવા મથામણ

## ચીનના સુપર સોલ્જર પ્રયોગો અંગે દુનિયા અંધારામાં : ભૂતપૂર્વ ગુપ્તચર અધિકારી

। (એજન્સી) બેઈજિંગ, તા.૨૧ ।

હોલિવૂડમાં વર્ષ ૧૯૯૨માં યુનિવર્સિલ સોલ્જર નામની ફિલ્મ આવી હતી, જેમાં માણસ અને રોબોટના સંયોજનથી અમેરિકાએ સુપર સોલ્જર બનાવ્યા હોવાનું દર્શાવાયું હતું. આજના આધુનિક યુગમાં ચીન એઆઈના ઉપયોગથી જીનેટિકલી મોડીફાઈડ સુપર સોલ્જર બનાવી રહ્યું છે અને તેના આ પ્રયોગ અંગે દુનિયા અંધારામાં હોવાનો એક ભૂતપૂર્વ ગુપ્તચર અધિકારીએ દાવો કર્યો છે. ભૂતપૂર્વ ગુપ્તચર અધિકારી નિકોલસ એફિટમિઆડેસનું માનવું છે કે ચીનનો આ પ્રયોગ દુનિયા માટે ખતરનાક બની શકે છે.અમેરિકન સંરક્ષણ વિભાગના નિવૃત્ત અધિકારી નિકોલસ એફિટમિઆડેસે જણાવ્યું કે, ચીન સુપર સોલ્જર બનાવવા પ્રયોગ કરી રહ્યું છે. દુનિયાના અન્ય દેશો પણ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ કરીને જીનેટિકલી મોડીફાઈડ સુપર સોલ્જર્સ બનાવવા માટે ઘણા સમયથી પ્રયોગો કરી રહ્યા છે.

દુનિયા માટે આ પ્રકારના પ્રયોગોની વાત નવી નથી, પરંતુ ચીનના સંદર્ભમાં ચિંતાજનક બાબત એ છે કે ચીનના પ્રયોગો અંગે દુનિયા સંપૂર્ણપણે અંધારામાં છે.અમેરિકન સેનેટર માર્ક વોર્નરે થોડા સમય પહેલાં કહ્યું હતું કે, ચીન હોલિવૂડની સાયન્સ ફિક્શન ફિલ્મની જેમ તેના સૈનિકોની ક્ષમતા વધારવા માટે તેમના ડીએનએમાં ચેડાં કરીને સુપર સોલ્જર બનાવી રહ્યું છે. સેનેટર વોર્નરના દાવાઓના સંદર્ભમાં એફિટમિઆડેસે જણાવ્યું કે, ચીનના સુપર સોલ્જર પ્રયોગો અંગે આપણે કશું જ જાણતા નથી. ચીનના સૈન્ય અધિકારીઓએ આ પ્રયોગોમાં કેટલીક સફળતા મેળવી છે તેનો આપણને કોઈ ખ્યાલ નથી. આપણા માટે ચિંતાજનક બાબત એ છે કે આ પ્રયોગો ચીનના પીપલ્સ લિબરેશન આર્મીની દેખરેખ હેઠળ થઈ રહ્યા છે.જોકે, એફિટમિઆડેસે જણાવ્યું કે, ચીનના સંશોધનો આશાસ્પદ છે, પરંતુ જનીનના વિભાજન અથવા વ્યક્તિત્વ પરિવર્તનના પ્રયત્નોમાં તેમને કેટલી સફળતા મળી છે તે અંગે આપણે બહુ ઓછું જાણીએ છીએ.



પ્રયાગરાજમાં 'શ્રાવણ' મહિનાના બીજા સોમવારે ભક્તોની મંદિરમાં પ્રાર્થના માટે લાંબી લાઈનો લાઈ.

## કાવડિયાઓ સરકારી સંરક્ષણમાં ઉછરતા ગુંડા-માફિયા : પૂર્વ મંત્રી

। (એજન્સી) લખનૌ, તા.૨૧ ।

અપની જનતા પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને પૂર્વ કેબિનેટ મંત્રી સ્વામી પ્રસાદ મૌર્યએ કાવડિયા પર વિવાદાસ્પદ નિવેદનને લઈને ઉત્તર પ્રદેશમાં રાજકીય ગરમાવો આવી ગયો છે. પૂર્વ મંત્રી સ્વામી પ્રસાદ મૌર્યએ કાવડિયાને સત્તા સંરક્ષણમાં ઉછરતા ગુંડા અને માફિયા કહ્યા છે. અપની જનતા પાર્ટીની રાજ્ય સ્તરીય બેઠકમાં સ્વામી પ્રસાદે કહ્યું કે, આ કાવડીયા નથી કારણ કે તેમના આરાધ્ય ભોલે બાબા છે, તો પછી તેમના ભક્ત હિંસક કેવી રીતે હોઈ શકે. કાવડીયાઓ ગુંડા અને માફિયા છે, જેમને સરકારના રક્ષણ હેઠળ ઉછેરવામાં આવે છે અને અરાજકતા ફેલાવી રહ્યા છે. કાવડીયાઓના વેશમાં તેઓ સમગ્ર રાજ્યમાં કાયદાનો ભંગ કરી રહ્યા છે.

આ ઉપરાંત, પૂર્વ કેબિનેટ મંત્રી સ્વામી પ્રસાદ મૌર્યએ કહ્યું કે, વર્તમાન સમયમાં જે ભારતીય બંધારણ સાથે થઈ રહેલી છેડછાડને લઈને રાજ્ય સ્તરીય બેઠકમાં ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે, અપની જનતા પાર્ટીનું એકમ શાળાઓના વિલીનીકરણનો વિરોધ કરી રહ્યું છે. બંધ કરાયેલી શાળાઓના વિરોધમાં બાઈક રેલી કાઢવામાં આવશે, જે તમામ વિકાસ બ્લોકમાં લઈ જવામાં આવશે.

### કેશકાંડઃ રાજીનામું આપવાનો ઇનકાર કરનારા વર્માને હોદ્દા પરથી દૂર કરાશે

## જસ્ટિસ વર્મા સામે મહાભિયોગ માટે ૧૦૦ સાંસદોએ હસ્તાક્ષર કર્યા

### ન્યાયાધીશને હટાવવાના પ્રસ્તાવ પર લોકસભાના ઓછામાં ઓછા ૧૦૦ અને રાજ્યસભાના ઓછામાં ઓછા ૫૦ સાંસદોની સહી જરૂરી છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૨૧ ।

કેશકાંડમાં ફસાયેલા જસ્ટિસ યશવંત વર્માને હટાવવા માટે સંસદમાં દરખાસ્ત લાવવા માટેની નોટિસ પર ૧૦૦થી વધુ સાંસદોએ હસ્તાક્ષર કર્યા છે, જે લોકસભામાં મહાભિયોગ લાવવા માટે જરૂરી મર્યાદા કરતાં વધુ છે. આમ એકરીતે જસ્ટિસ વર્માની હકાલપટ્ટી લગભગ નિશ્ચિત મનાઈ રહી છે.સર્વપક્ષીય બેઠક પછી કેન્દ્રીય સંસદીય બાબતોના મંત્રી કિરેન રિજિજુએ રવિવારે જણાવ્યું હતું કે હસ્તાક્ષરની કવાયત ચાલું છે અને અને તે પહેલાથી જ ૧૦૦નો આંક વટાવી ગઈ છે. હવે બિઝનેસ એડવાઈઝરી કમિટી સંબંધિત ગૃહમાં આ એજન્ડાને નક્કી કરશે અને દરખાસ્ત રજૂ કરવાનો નિર્ણ. કરશે. ન્યાયાધીશને હટાવવાના પ્રસ્તાવ પર લોકસભાના ઓછામાં ઓછા ૧૦૦ અને રાજ્યસભાના ઓછામાં ઓછા ૫૦ સાંસદોની સહી જરૂરી છે. આ દરખાસ્ત નીચલા ગૃહમાં લાવવામાં આવે તેવી શક્યતા છે. સોમવારથી શરૂ થતા સંસદના ચોમાસુ સત્ર સાથે સરકારે સ્પષ્ટ કર્યું છે કે તે સંસદના આ સેશન દરમિયાન આ પ્રસ્તાવ લાવશે અને ન્યાયતંત્રમાં ભ્રષ્ટાચાર વિરુદ્ધના આ પગલામાં વિપક્ષ સહિત વિવિધ પક્ષોનો ટેકો મળી રહ્યો છે.સેશનના પહેલા અઠવાડિયામાં પ્રસ્તાવ લાવવામાં આવશે કે નહીં તેવા સવાલના જવાબમાં રિજિજુએ જણાવ્યું હતું કે હું પ્રાથમિકતાના સંદર્ભમાં કોઈપણ કાર્ય પર ટિપ્પણી કરી શકુ નહીં.

### દિલ્હી એઈમ્સમાં દાખલ કરાયેલી કિશોરીની હાલત ગંભીર

## ઓડિશામાં કિશોરીના હાથ બાંધી, મોંમાં કપડું ભરાવીને સળગાવી

### આ વિદ્યાર્થિની અતિ ગંભીરપણે દાઝી હોવાથી તેને સારી સારવાર માટે દિલ્હીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે

। (એજન્સી) પુરી, તા.૨૧ ।

ઓડિશામાં મહિલાઓની સુરક્ષા પર ફરીથી ગંભીર પ્રશ્નો પેદા થયા છે. તાજેતરમાં બાલસોરમાં એક ૨૦ વર્ષીય વિદ્યાર્થિનીને આગ લગાડવાની ઘટના બની હતી. હવે પુરીમાં વધુ એક દર્દનાક ઘટના બની છે. અહીં ૧૯ જુલાઈએ એક ૧૫ વર્ષીય કિશોરીને ત્રણ અસામાજિક તત્વોએ કેરોસીન છાંટીને આગ લગાડી દીધી, જેના કારણે આ વિદ્યાર્થિની અતિ ગંભીરપણે (૭૦ ટકાથી વધુ) દાઝી ગઈ છે. તેને સારી સારવાર માટે દિલ્હી એઈમ્સમાં દાખલ કરવામાં આવી છે. એની હાલત ગંભીર માનવામાં આવી રહી છે. આ જઘન્ય અપરાધ પછી આખા ઓડિશામાં ભીષણ આક્રોશ છે. આ ઘટનાથી જોડાયેલી એવી ભયાનક માહિતી સામે આવી છે, જે સાંભળીને લોકોના કાળજા કંપી ઉઠશે. આ ઘટનાના સાક્ષી દુખીશ્યામ સેનાપતિએ આ જઘન્ય ગુનાની ભયાનક વિગતો આપતાં જણાવ્યું કે, અસામાજિક તત્વોએ યુવતીને આગ લગાડતા પહેલા તેના હાથ બાંધી દીધા અને પછી મોંમાં કપડું ભરાવી દીધું હતું. યુવતિ જ્યારે મારા ઘરની તરફ દોડી તો એ સળગી રહી હતી. તેના હાથ બાંધેલા હતા અને ગંભીર રીતે દાઝી ગઈ હતી. મારી પત્ની, પુત્રી અને મેં આગ બુઝાવી અને તેણીને નવા કપડા આપ્યા. પછી, મેં તેણી સાથે વાતચીત કરી. તેણીએ મને કહ્યું કે એ નજીકના એક ગામમાં રહે છે.

**વિશેષ**

### ફક્ત ૧૨ પાસ રોહિતભાઈ હાલ ડિજિટલ માધ્યમ થકી કરી રહ્યા છે વિદેશ વ્યાપાર..

## વાંસમાંથી તૈયાર કરેલા કાર્બન આધારિત પ્રોડક્ટ્સ આજે માત્ર ભારતમાં નહીં, પણ વિદેશોમાં પણ ડિજિટલ માધ્યમ થકી પહોંચ્યા...

। (માહિતી) વડોદરા ।

વડોદરાના કરજણ તાલુકાના ધાવટ ગામના ખેડૂત રોહિતભાઈ પટેલે માત્ર ૧૨મું ધોરણ પૂર્ણ કર્યું છે પણ તેમના વિચારો અને કાર્યપદ્ધતિ વિશ્વ સ્તરે પોતાનું નામ કંડારવા જેવાં છે. તેઓ આજે એવી ક્ષિતિજે ઊભા છે જ્યાં ટેકનોલોજી અને પ્રાકૃતિક ખેતીના સમન્વયથી એક નવો ક્રાંતિકાળ સર્જાયો છે. વાંસમાંથી તેમણે તૈયાર કરેલા કાર્બન આધારિત પ્રોડક્ટ્સ આજે માત્ર ભારતમાં નહીં, પણ વિદેશોમાં પણ ડિજિટલ માધ્યમ થકી પહોંચ્યા છે. મૂળ સુરતમાં જન્મેલા, હાલમાં વડોદરામાં રહેતા અને ધાવટ ગામે પ્રાકૃતિક ખેતી કરતા રોહિતભાઈએ વર્ષ ૨૦૧૬માં સીતાફળની ખેતીથી શરૂઆત કરી હતી. પરંતુ શરૂઆતમાં જ રાસાયણિક જંતુનાશકો પર ૭૦,૦૦૦ રૂપિયાનો ખર્ચ કરીને પણ





ભારે નુકસાન વેઠવું પડ્યું. આ નિષ્ફળતાથી દુઃખી થયા પણ હાર નહીં માની. કુદરતથી પ્રેમ અને ધરતીને બચાવવાની લાગણી સાથે તેમણે પ્રાકૃતિક ખેતી તરફ વળવાનું નક્કી કર્યું.

**સંશોધન અને આત્મવિશ્વાસનું સંયોજન**

ત્યારબાદ તેમને બાયોચાર વિશે જાણ થઈ અને આંતરરાષ્ટ્રીય બાયોચાર સંસ્થા (IBI) સાથે સંકળાઈને બાયોચારના વૈજ્ઞાનિક પાસાઓને સમજ્યા અને પોતાના ખેતરમાં વાંસમાંથી બાયોચારનું ઉત્પાદન શરૂ કર્યું. બાયોચાર એટલે એવો કાળો કાર્બન ઘટક જે કૃષિ અવશેષો અને બાયોમાસમાંથી બને છે અને જમીનની સજીવતા વધારવામાં અને પર્યાવરણને બચાવવામાં અત્યંત અસરકારક સાબિત થાય છે. હાલમાં ગુજરાત સરકાર દ્વારા સંચાલિત પ્રોગ્રામ ઓફ રાષ્ટ્રીય કૃષિ વિકાસ યોજના અંતર્ગત ખેતીમાં કરેલા સ્ટાર્ટઅપને વધુ વિકસિત કરવા માટે રૂ. ૨૫ લાખની સહાય પ્રાપ્ત થઈ છે.

**વાંસમાંથી વૈવિધ્યસભર આયુર્વેદિક અને પ્રાકૃતિક ઉત્પાદનો**

રોહિતભાઈ આસામથી આયાત કરેલા વાંસની વડોદરાની જમીનમાં ખેતી કરે છે. હાલ તેમની પાસે ૧૨ વિઘા જમીન છે જેમાં કુદરતી પદ્ધતિથી વાંસ, કેરી અને મોસમી શાકભાજીની ખેતી થાય છે. ૬૦૦થી વધુ વાંસના વૃક્ષો આજે તેમના ખેતરમાં શોભી રહ્યા છે. વાંસમાંથી તેઓ જે બાયોચાર અને અર્ક તૈયાર કરે છે તેનો ઉપયોગ વાળ, ચહેરા, દાંત, અને પાચનતંત્ર માટે કરવામાં આવે છે. કાર્બનનો આ સ્વરૂપ શરીરમાંથી ટોક્સિન દૂર કરવામાં, કોલેસ્ટ્રોલ ઘટાડવામાં અને કિડનીના કાર્યને સુધારવામાં ખૂબ સહાયક સાબિત થાય છે.

આજે રોહિતભાઈના ખેતરમાં આસામથી આયાત કરેલા અને હવે સ્થાનિક રીતે વાવેલા વાંસમાંથી અનેક પ્રકારના આરોગ્યદાયક પ્રોડક્ટ્સ બનાવવામાં આવે છે. જેમકેઃ એક્ટિવ ચારકોલ પાવડર – ચહેરા, દાંત અને વાળ માટે; બામ્બુ વિનેગર – પાચન સુધાર માટે; ડ્રોપ, સ્પ્રે, શેમ્પૂ, બોડી વોશ; ફેસપેક, કાર્બન અને વિનેગર સાબુ; પશુઓ માટે ખાસ વિનેગર ડ્રોપ્સ, વગેરે.

આ તમામ પ્રોડક્ટ્સ શરીરના ડિટોક્સિફિકેશન, ટોક્સિન નિવારણ, કોલેસ્ટ્રોલ ઘટાડો અને પાચનશક્તિ સુધારવા માટે ઉપયોગી છે. ખાસ કરીને તેમની પ્રોડક્ટ્સમાં ૫૦% થી વધુ કાર્બન હોય છે, જે શરીરમાં રહેલા રાસાયણિક પદાર્થોને શોષી લેવા માટે સક્રિય રહે છે.

**નાનકડા ગામથી વિશ્વ સુધીનું ડિજિટલ સંચાલન**

તેઓ હાલમાં એમેઝોન અને ફ્લિપકાર્ટ જેવા ડિજિટલ પ્લેટફોર્મનો સહારો લઈને તેમની પ્રોડક્ટ્સને દેશના વિવિધ રાજ્યો ઉપરાંત યુએસએ સુધી નિકાસ કરે છે. તેમના વ્યવસાયની વાર્ષિક આવક આશરે ૧૦થી ૧૫ લાખ સુધી છે.

રોહિતભાઈ છેલ્લા ઘણા વર્ષોથી આત્મા પ્રોજેક્ટ સાથે સંકળાયેલા છે અને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી કરી રહ્યા છે. તેઓ આજુબાજુના ખેડૂતોને પણ પ્રાકૃતિક ખેતી તરફ વળવા માટે પ્રેરણા આપે છે અને પર્યાવરણની જાળવણી સાથે માનવજાતને આરોગ્ય તરફ દોરી જાય છે.

જ્યાં એક તરફ ભણેલા લોકો પણ ખેતીથી ગભરાય છે, ત્યાં રોહિતભાઈએ માત્ર ૧૨મા ધોરણ સુધીના અભ્યાસ બાદ પોતાના ખેતરને સંશોધનનું લેબોરેટરી બનાવ્યું છે. વાંસ જેવી સામાન્ય વસ્તુમાંથી તેમણે જે આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરી છે, તે દરેક નવયુવાન ખેડૂત માટે પાથદર્શક છે.

# મેટ્રોની આવક અઢી વર્ષમાં ૧૦૨ કરોડ, દર વર્ષે ૩૦%નો વધારો

## હવે મેટ્રોને કોટેશ્વરથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઇન્ટરનેશનલ એરપોર્ટ સુધી દોડાવવાનું આયોજન



। અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદમાં પબ્લિક ટ્રાન્સપોર્ટને ખાસ પ્રતિસાદ મળે નહીં તેવી માન્યતા મેટ્રો રેલ ખોટી પાડી રહ્યું છે. અમદાવાદમાં વર્ષ ૨૦૨૩થી જૂન ૨૦૨૫ એમ અઢી વર્ષમાં જ મેટ્રોની કુલ આવક રૂ. ૧૦૨ કરોડને પાર થઈ છે, જ્યારે મુસાફરોનો આંક ૮.૪૭ કરોડ છે. હવે મેટ્રોને કોટેશ્વરથી અમદાવાદના સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ ઍરપોર્ટ સુધી દોડાવવાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. ઓલિમ્પિક્સ-૨૦૩૬ની પૂર્વ તૈયારીના ભાગરૂપે ઍરપોર્ટથી કોટેશ્વર વચ્ચે મેટ્રોનો રૂટ શરુ કરવા વિચારણા થઈ રહી છે.

મેટ્રોની આવકમાં દર વર્ષે સરેરાશ ૩૦ ટકા જેટલો વધારો થયો છે. વર્ષ ૨૦૨૩માં મેટ્રોની વાર્ષિક આવક રૂપિયા ૩૨.૧૨ કરોડ હતી અને તે વર્ષ ૨૦૨૪માં વધીને ૪૩.૬૨ કરોડ થઈ હતી. બીજી તરફ આ વર્ષે પ્રથમ ૬ મહિનામાં મેટ્રોને રૂ. ૨૭.૧૩ કરોડની આવક થઈ હતી. આમ, મેટ્રોએ આ વર્ષે દરરોજની સરેરાશ રૂ. ૧૫.૦૭ લાખની આવક કરી છે. આ પ્રમાણે યથાવત્ રહ્યું તો વર્ષ ૨૦૨૫માં મેટ્રોની કુલ આવક ૫૫ કરોડથી વધી શકે છે. ગાંધીનગર સચિવાલય સુધી મેટ્રો દોડાવવાને પણ સારો પ્રતિસાદ મળ્યો છે. જાન્યુઆરીથી માર્ચ સુધી ગાંધીનગર રૂટથી મેટ્રોને રૂ. ૧૨થી ૧૪ લાખની આવક થતી હતી. હવે મે મહિનામાં તે વધીને રૂપિયા ૨૬.૮૩ લાખ અને જૂનમાં રૂપિયા ૩૦ લાખ સુધી થઈ છે. જૂન મહિનામાં અમદાવાદ રૂટથી મેટ્રોને દરરોજની સરેરાશ રૂપિયા ૧૪ લાખ અને ગાંધીનગર રૂટથી રૂપિયા ૧ લાખ જેટલી આવક થઈ હતી. આ વર્ષે મેટ્રોને આઈપીએલની મેચ, કોલ્ડપ્લે કોન્સર્ટ ખૂબ જ ફળી છે અને તેના કારણે પણ આવકમાં વધારો થયો છે. ૨૫ જાન્યુઆરીના કોલ્ડપ્લે વખતે ૨.૧૬ લાખ લોકોએ મેટ્રોમાં મુસાફરી કરી હતી, જે એક જ દિવસમાં નોંધાયેલા સૌથી વધુ મુસાફરો છે. આ પછી આઈપીએલ ફાઈનલમાં ૨.૧૧ લાખ જેટલા મુસાફરો નોંધાયા હતા.

મેટ્રો હજુ કેટલીક ખામીઓ સુધારે તો મુસાફરો વધી શકે...

વસ્ત્રાલ ગામથી થલતેજ, એપીએમસીથી થલતેજની છેલ્લી ટ્રેન રાત્રે ૧૦ના ઉપડે છે. છેલ્લી ટ્રેન ઉપાડવાનો સમય વધારીને રાત્રે ૧૨ કરવાની મુસાફરોની માગણી.

ગિફ્ટ સિટીથી છેલ્લી ટ્રેન સાંજે ૬.૨૫ના છે. આ સમય રાત્રે ૧૦ સુધી લંબાવી શકાય તેમ છે.

અનેક મેટ્રો સ્ટેશનમાં પાર્કિંગની સુવિધા નથી.

મેટ્રો સ્ટેશનમાં ફૂડ કોર્ટ જેવી સુવિધા ઉમેરવા માટે વિચારણા ઘણા સમયથી છે પણ તેનો અમલ થયો નથી.

# કલોલમાં નવનિર્મિત રેલવે સુરક્ષા બળ (RPF) બેરેકનું ઉદઘાટન



। અમદાવાદ, તા.૨૧ ।

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળના કલોલમાં આવેલ રેલવે સુરક્ષા બળ (RPF) ના નવનિર્મિત બેરેકનું ઉદઘાટન તારીખ ૨૧ જુલાઈ, ૨૦૨૫ ના રોજ શ્રી મનોજ યાદવ, મહાનિદેશક, રેલવે સુરક્ષા બળ (IPS), નવી દિલ્લી દ્વારા કરવામાં આવ્યું. ઉદઘાટન પછી શ્રી યાદવે બેરેકનું નિરીક્ષણ પણ કર્યું, જ્યાં તેમણે ઉપલબ્ધ સુવિધાઓ અને મૂળભૂત માળખાનું અવલોકન કરતાં સંતોષ વ્યક્ત કર્યો.

મંડળ રેલવે પ્રવક્તા દ્વારા આપવામાં આવેલ માહિતી મુજબ, આ નવું બેરેક ૩૦ પથારીઓની ક્ષમતાવાળું છે, જે પુરૂષ અને મહિલા બંને RPF કર્મચારીઓ માટે નિર્માણ કરવામાં આવ્યું છે. બેરેકમાં અતિઆધુનિક અને ઉપયોગી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવામાં આવી છે, જેમાં આરામદાયક નિવાસ, સ્વચ્છ શૌચાલય, ચોખ્ખા પીવાના પાણીની વ્યવસ્થા, ભોજનાલય, વિશ્રામગૃહ અને બેઠક રૂમ સામેલ છે. આ ઉપરાંત, જવાનોના શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને ધ્યાનમાં રાખતાં જિમ, મનોરંજન રૂમ (Recreation Hall), વૉલીબૉલ રમવાની જગ્યા (Volleyball Court) જેવી વિશેષ સુવિધાઓ પણ આપવામાં આવી છે. આ માળખાગત સુવિધાના નિર્માણથી બળના કર્મચારીઓની કાર્યક્ષમતા અને મનોબળ તો વધશે જ, પરંતુ તેમના કામકાજની પરિસ્થિતિઓ પણ ઘણી સુદ્રઢ અને વધુ સુવિધાજનક બનશે. આ અવસરે પર્યાવરણ સંરક્ષણ પરત્વેની પહેલ તરીકે વૃક્ષારોપણ કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. સાથે જ, સ્ટેશન સંકુલ અને રેલવે ટ્રેકનું નિરીક્ષણ વધુ સુદ્રઢ અને નિરંતર બનાવવાના ઉદ્દેશ્યથી ૮ પેટ્રોલિંગ મોટરસાયકલોને લીલી ઝંડી બતાવી રવાના કરવામાં આવી હતી. આ પહેલ સુરક્ષા વ્યવસ્થાપનને વધુ અસરકારક બનાવવા, અપરાધ નિયંત્રણને સુદ્રઢ બનાવવા અને યાત્રીઓને સુરક્ષિત વાતાવરણ ઉપલબ્ધ કરાવવા પરત્વેનું એક દૂરંદેશી પગલું છે. આ કાર્યક્રમમાં શ્રી અજય સાદાની, મહાનિરીક્ષક સહ પ્રમુખ મુખ્ય સુરક્ષા કમીશનર પશ્ચિમ રેલવે, શ્રી લોકેશ કુમાર અપર મંડળ રેલવે મેનેજર અમદાવાદ, શ્રીમતી ભવપ્રીતા સોની, સિનિયર મંડળ સુરક્ષા કમીશનર અમદાવાદ સહિત અન્ય સિનિયર અધિકારીઓ અને RPF કર્મચારીઓ ઉપસ્થિત હતા.

## મધ્યમવર્ગીય પરિવારને પકડાવ્યું ૭.૮૧ લાખ રૂપિયા લાઈટ બિલ

। (એજન્સી) વડોદરા, તા.૨૧ ।

વડોદરામાં સ્માર્ટ મીટરને લઈને ફરી એકવાર મોટો વિવાદ ઊભો થયો છે. શહેરના સમા વિસ્તારમાં આવેલ પ્રધાનમંત્રી આવાસ યોજનામાં રહેતા એક ગ્રાહકને સ્માર્ટ મીટરના કારણે રૂપિયા ૭.૮૧ લાખનું માતબર વીજળી બિલ આવતા પરિવારમાં ભારે ચિંતા પ્રસરી ગઈ છે. આ ઘટનાએ MGVCL કંપનીની કામગીરી અને સ્માર્ટ મીટરની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા કર્યા છે. ઉષાબેન પટેલ નામના ગ્રાહકના પરિવારમાં ફક્ત ત્રણ સભ્યો છે. સ્માર્ટ મીટર લગાવતા પહેલા તેમનું માસિક બિલ આશરે ૧૫૦૦ રૂપિયા આવતું હતું. પરંતુ, સ્માર્ટ મીટર લગાવ્યાના ત્રણ મહિના બાદ, સીધું ૭.૮૧ લાખનું બિલ આવતા પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ છે. આટલું મોટું બિલ જોઈને આ પરિવાર ચિંતામાં મુકાઈ ગયો છે. ઉષાબેનના પુત્ર અને તેમના પતિનું કહેવું છે કે, ''જ્યારે સ્માર્ટ મીટર લગાવવા આવ્યા ત્યારે કંપનીના કર્મચારીઓએ અમને ઘણી સારી વાતો કરી હતી અને તેના ફાયદા સમજાવ્યા હતા, પરંતુ આજે જે શંકાઓ હતી તે સાચી પડી છે. અમે કંપનીને વિનંતી કરીએ છીએ કે આ સ્માર્ટ મીટર પાછું લઈ લે.'' આ ઘટનાએ ફક્ત આ એક પરિવારને જ નહીં, પરંતુ સમગ્ર વડોદરામાં જે ગ્રાહકોના ઘરે સ્માર્ટ મીટર લાગ્યા છે તે સૌમાં ભયનો માહોલ પેદા કર્યો છે. લોકો હવે ચિંતિત છે કે ક્યાંક તેમને પણ આવું ભારેખમ બિલ ન આવી જાય. MGVCLની ગંભીર બેદરકારીને કારણે આખરે કોઈ ગ્રાહકનો જીવ જોખમમાં મુકાઈ જશે તેવી લાગણી લોકો વ્યક્ત કરી રહ્યા છે. ગ્રાહક ઉષાબેને આ અંગે ઓનલાઈન ફરિયાદ પણ કરી છે અને કંપની તરફથી બિલ સુધારી આપવાની ખાતરી આપવામાં આવી છે.

### મોટા ઘરના ૩૯ લોકો દારૂ પીતા પકડાયા

# સાણંદના રિસોર્ટમાં ચાલી રહેલી હાઈપ્રોફાઈલ દારૂની પાર્ટી પર રેડ







। (એજન્સી) અમદાવાદ, તા.૨૧ ।

અમદાવાદના સાણંદમાં સૌથી મોટી હાઈપ્રોફાઈલ દારૂની મહેફિલ ઝડપાઈ છે. નાની દેવતી ગામે ગ્લેડ વન રિસોર્ટમાં ચાલતી દારૂની મહેફિલમાં ૨૬ યુવતીઓ સહિત ૩૯ લોકો દારૂ પીતા પકડાયા છે. યુવતીઓને નોટિસ આપી છોડી મૂકવામાં આવી છે. તો ૧૩ યુવકોની સાણંદ પોલીસે અટકાયત કરી છે. દારૂની બોટલો, હુક્કા સહિતનો મુદામાલ જપ્ત કરાયો છે.

પ્રાપ્ત માહિતી અનુસાર, અમદાવાદના સાણંદમાંથી હાઈપ્રોફાઈલ દારૂની મહેફિલ ઝડપાઈ છે. જેમાં બાતમીના આધારે અમદાવાદ ગ્રામ્ય પોલીસે ગ્લેડ વન ગોલ્ફ ક્લબ એન્ડ રિસોર્ટમાં ચાલતી બર્થડે પાર્ટીમાં દરોડા પાડ્યા. રેડમાં સાણંદ પોલીસ સાથે અસલાલી, ચાંગોદર, બોપલ પોલીસ પણ સામેલ હતા. બર્થ ડે પાર્ટીનો આયોજક પ્રતિક સાંધી અમદાવાદનો હોવાની માહિતી સામે આવી છે. જે રિયલ એસ્ટેટના વ્યવસાય સાથે સંકળાયેલો છે. દારૂ પિધેલા તમામની વધુ તપાસ માટે બ્લડ સેમ્પલ લેવામાં આવ્યા. અને પ્રોહીબિશન એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે.

સાણંદમાં ગ્લેડ વન ગોલ્ફ ક્લબ અને રિસોર્ટમાં શરાબની મહેફિલ પર પોલીસે બાતમીના આધારે રેડ પાડી હતી. બર્થડે પાર્ટીમાં ૭૦-૮૦ લોકો અને દારૂ હોવાની માહિતી મળી હતી. જેથી સાણંદ પોલીસે અસલાલી, ચાંગોદર, બોપલ પોલીસ અને ૨ પંચોની મદદથી રેડ પાડી હતી. સમગ્ર પાર્ટીનો આયોજક પ્રતીક સાંઘી અમદાવાદનો હોવાનું સામે આવ્યું હતું. બ્રેથ એનાલાઈઝરથી તપાસમાં ૧૩ પુરુષો અને ૨૬ મહિલાઓ શંકાસ્પદ નશીલી હાલતમાં મળ્યા હતા. મેડિકલ બ્લડ સેમ્પલ માટે વધુ તપાસ શરૂ કરાઈ છે. તો ૫ સીલબંધ દારૂની બોટલો જપ્ત કરાયો છે. પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધાયો છે. હાલ કાયદેસર કાર્યવાહી ચાલુ છે. રેડ દરમિયાન પોલીસને ૨૦ ખાલી બોટલ, ૫ ભરેલી બોટલ, ૨-૩ અડધી બોટલ મળી આવી છે. બેથી ત્રણ હુક્કા મળી આવ્યા છે. પોલીસ તપાસ માટે ૩૯ લોકોને CHC મેડિકલ ટેસ્ટ માટે લઈ જવાયા છે. પ્રતીક સાંઘી મેફેર એપાર્ટમેન્ટ, શિવરંજની ચાર રસ્તા ખાતે રહે છે. દારૂની મહેફિલ માણતા મોટાભાગના લોકો ૩૫ થી ૪૦ વર્ષના હોવાનુ ખૂલ્યુ છે. પ્રતીક સાંઘી પણ બ્રેથ એનલાઈઝરમાં પોઝિટિવ આવ્યા છે. તેથી તેઓએ પણ દારૂ પીધો હોવાનું ખૂલ્યું છે.

આજે ગ્લેડ રિસોર્ટમાંથી સૌથી મોટી દારૂની મહેફિલ ઝડપાઈ છે. આ ઉપરાંત રવિવારે સાણંદમાં કલહાર બ્લૂ એન્ડ ગ્રીન વિલામાંથી દારૂની મહેફિલ ઝડપાઈ હતી. ૩૫૮ નંબરના બંગલામાંથી પોલીસે રેડ દરમિયાન ૧૨ લોકોની ધરપકડ કરી હતી. વિદેશી દારૂની બોટલ અને મોબાઈલ સહિત દોઢ લાખનો મુદામાલ કબજે કરાયો હતો. પોલીસે બાતમીના આધારે આ પાર્ટી પર પણ દરોડા પાડ્યા હતા.

### અંદાજે ૨૫ લાખ લોકોને થશે લાભ

# 'સ્વામિત્વ' યોજનામાં મિલકત ધારકોને સનદ હવે વિનામૂલ્યે આપવામાં આવશે

## સ્વામિત્વ યોજનામાં હવે રૂ. ૨૦૦ ફી ચૂકવવી નહીં પડે

। (પ્રતિનિધી) ગાંધીનગર, તા.૨૧ ।

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારના મિલકત ધારકો માટે સંવેદનાસ્પર્શી નિર્ણય કર્યો છે. હવેથી 'સ્વામિત્વ' યોજનામાં મિલકત ધારકોને સનદ વિનામૂલ્યે અપાશે. રૂ. ૨૦૦ ફી ચૂકવવી નહીં પડે. મિલકત ધારકોને સનદ મેળવવાના નાણાંકીય ભારણથી મુક્તિ મળશે. અંદાજે ૨૫ લાખ લોકોને તેનો લાભ થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજ્યના ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકો ઉપર સનદ લેવા માટે જે નાણાંકીય ભારણ પડતું હતું તે દૂર કરવાના સંવેદના સ્પર્શી અભિગમથી આ નિર્ણય કર્યો છે. ભારત સરકારના પંચાયતી રાજ, વિભાગ દ્વારા ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડ આપવાના આશયથી આ સ્વામિત્વ યોજના શરૂ કરવામાં આવી છે.

આ 'સર્વે ઓફ વિલેજીસ એન્ડ મેપિંગ વિથ ઈમ્પ્રોવાઈઝ્ડ ટેકનોલોજી ઈન વિલેજ એરીયા(સ્વામિત્વ)' અન્વયે ડ્રોન ટેકનોલોજી દ્વારા ગ્રામીણ વિસ્તારોના આબાદી એરિયાની મિલકતોનો ડ્રોન સર્વે કરીને ગ્રામ્ય પ્રજાને પ્રોપર્ટી કાર્ડ પૂરા પાડવામાં આવે છે. આવા પ્રોપર્ટી કાર્ડની પ્રથમ નકલ મિલકત ધારકોને વિના મૂલ્ય આપવામાં આવે છે.

જમીન મહેસુલ અધિનિયમ ૧૮૭૯ની જોગવાઈ મુજબ મિલકત ધારક પાસેથી રૂ. ૨૦૦ની સર્વે ફી લઈને આપવામાં આવતી સનદ હવે ગ્રામીણ મિલકત ધારકોને નિઃશુલ્ક આપવાનો નિર્ણય કર્યો છે. આ નિર્ણયને પરિણામે હવે રાજ્યમાં 'સ્વામિત્વ' યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારોના મિલકત ધારકોને પ્રોપર્ટી કાર્ડની નકલ ઉપરાંત તેમના રહેણાંકની મિલકતના હક્ક દર્શાવતી 'સનદ' પણ વિના મૂલ્યે મળશે. રાજ્યમાં આવી અંદાજે ૨૫ લાખ ગ્રામીણ મિલકત સનદ વિતરણ માટે આશરે ૫૦ કરોડ રૂપિયાનું ભારણ રાજ્ય સરકાર લેશે. ગ્રામીણ વિસ્તારોના નાના, ગરીબ અને મધ્યમ વર્ગીય મિલકત ધારકોને સનદ મેળવવા માટે રૂ. ૨૦૦ની ફીમાંથી મુક્તિ આપવાના આ સંવેદના સ્પર્શી અભિગમથી ગ્રામીણ નાગરિકોને તેમની મિલકતના હક્ક દર્શાવતી સનદ મેળવવામાં સરળતા કરીને ઈઝ ઓફ લિવિંગ સાકાર કર્યું છે.

સ્વામિત્વ યોજનાનો હેતુ ડ્રોન ટેકનોલોજી દ્વારા ગ્રામ્ય વિસ્તારના આબાદી એરીયાની મિલક્તોના ડ્રોન સર્વે કરી ગ્રામ્ય પ્રજાને પ્રોપર્ટી કાર્ડ પૂરા પાડવાનો છે. આ પ્રોપર્ટી કાર્ડ દ્વારા ગ્રામીણ નાગરિકોને તેમની મિલકતો પર કાયદેસર અધિકાર મળે છે, અને તેઓને નાણાંકીય રીતે સશક્ત બનાવે છે.

પ્રોપર્ટીકાર્ડ થકી ગ્રામ્ય વિસ્તારના વિકાસમાં વધુ વેગ જોવા મળશે, ગ્રામ વિકાસના આયોજન માટે સચોટ જમીન રેકર્ડ તૈયાર થશે, કરની ચોક્કસ વસૂલાત થશે અને મિલકત સંબંધી વિવાદ અને કાયદાકીય કેસો ઘટશે.

